







# વાર્તા-મેળો ૭

## પ્રસ્તાવના

સતત સાતમા વર્ષે વાર્તા-મેળો વાર્તા-સ્પર્ધામાં સહર્ષ ભાગ લઈ અમને માતૃભાષાના વિકાસ-કાર્યમાં સહયોગ આપવા બદલ, ભાગ લેનાર શાળાઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો આભાર! વાર્તા-મેળો વાર્તા-સ્પર્ધાનો પ્રચાર અને પ્રસાર તો આપણે ઈ-માધ્યમથી જ કરીએ છીએ. ગયા વર્ષે વાત થઈ હતી તે મુજબ, આ વર્ષે આપણે એક વિકલ્પ તરીકે વાર્તાઓ આપણી વેબસાઈટ www.vartamelo.org પર online submission સ્વરૂપે પણ સ્વીકારી. નવી ટેકનોલોજી અને વેબસાઈટના ઉપયોગથી આપણે આ વર્ષે સ્પર્ધાના વિજેતાઓ ઉપરાંત દરેક પ્રતિસ્પર્ધીને પણ સ્પર્ધામાં ભાગ લેવા બદલ સર્ટીફીકેટ આપ્યું.

આખું વર્ષ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાને ગમતી વાર્તાઓ, કવિતાઓ, પ્રસંગો, ચિત્રો, માહિતી વગેરે એક બીજાને શેર કરી શકે, ગમતાનું ગુલાલ કરી શકે, તે માટે આ www.vartamelo.org વેબસાઈટનો ઉપયોગ કરવા આપ સૌને અમારું આમંત્રણ છે. તમારી શાળાની, તમારા ગામ કે શહેરની, નાની નાની ત્રણ-ચાર મિનિટની વીડિયો બનાવી અમને મોકલશો તો બધી સ્કૂલો તેને જોઈ શકશે. એકબીજાનો પરિચય થશે અને વધશે. વળી આપણો વાર્તા-મેળોનો સંઘ પણ ઘણો આગળ વધશે, એવી અમારી ઈચ્છા છે!

મોટા ભાગની વાર્તાઓ આપણી વેબસાઈટ પર આવી. થોડી વાર્તાઓ પોસ્ટથી પણ મળી. ગયા વર્ષ કરતાં આ વર્ષે વિદ્યાર્થીઓની વાર્તાઓ વધારે સંખ્યામાં આવી છે. 914 વાર્તાઓ આપણને વિદ્યાર્થીઓ તરફથી મળી છે. શિક્ષકો તરફથી 125 વાર્તાઓ મળી છે. ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન, અમદાવાદમાંથી આપણને 100થી પણ વધુ વાર્તાઓ મળી છે! ૨૦થી વધુ શાળાઓમાંથી ૨૦થી વધુ વાર્તાઓ મળી છે. તે શાળાઓ વિશેષ ઉલ્લેખ અને સર્ટિફિકેટના હકદાર બને છે.

આઝાદીના અમૃત મહોત્સવને ધ્યાનમાં રાખીને આ વર્ષની વાર્તાઓના પહેલા ફકરામાં "આઝાદી" શબ્દ આવવો જરૂરી હતો. મોટાભાગની વાર્તાઓ આઝાદી વિષય પર મળી. જો કે ઘણાં પ્રતિસ્પર્ધીઓએ "આઝાદી" શબ્દનું અને ભાવનું સરસ રચનાત્મક અર્થ-ઘટન કર્યું છે તેનો આનંદ છે!

દર વર્ષની જેમ આ વર્ષે પણ વાર્તાઓમાં લોકવાર્તાઓ, રામાયણ, મહાભારત અને પંચતંત્રની વાર્તાઓ આવી છે. વાર્તાઓમાં સાંસ્કૃતિક વિવિધતા છે. સંસ્કૃતિ અને આધુનિક ટેકનોલોજીનો સુભગ મિલન પણ છે. આ વર્ષે વિકાસગૃહ, અમદાવાદ તરફથી જાત-અનુભવથી પ્રેરાઈને લખાએલી વાર્તાઓ મળી જેનો વિશેષ આનંદ છે.

સંજોગોને ધ્યાનમાં રાખીને આ વર્ષે આપણે ઈનામ-વિતરણ સમારંભ મોકૂફ રાખ્યો હતો.

આ વર્ષની વાર્તા-મેળો-૭ E-બુક તરીકે પબ્લિશ થશે અને આપણી વેબસાઈટ પર વાંચવા મળશે. તે ચોપડીની સાથે સાથે અગાઉની વાર્તામેળોની છ(૬) ચોપડીઓ પણ આપણે E-બુક તરીકે સાઈટ હાજર છે. ફક્ત ગુજરાતના જ નહીં પણ દેશના અન્ય રાજ્યોના તથા અન્ય દેશોમાંથી પણ એન.આર.આઈ.

ગુજરાતીઓ, વાર્તા-મેળો કુટુંબમાં જોડાય એવી અમને ખૂબ-ખૂબ આશા છે. વાર્તા-મેળોની E-સફરમાં આપ સૌ ઉમંગથી જોડાઈ અમારો ઉત્સાહ વધારતા રહેશો તેવી આશા સાથે આપનો આભાર.

આપણી વેબસાઈટ www.vartamelo.org માટે આપણને સંપૂર્ણ સાથ અને સહકાર આપવા બદલ દ્રષ્ટિ પંડ્યાનો આભાર માનીએ તેટલો ઓછો છે। વાર્તાઓના આકલનના કામમાં મને મદદ કરનાર સ્વેતલ ગજ્જર અને નંદીની ભાવસાર તથા રચનાત્મક ડીઝાઇનના કામ માટે શ્રી દેવપાલ શાહનો આભાર! ભાષા-તજજ્ઞ તરીકે અમને સહકાર અને દોરવણી આપનાર ગોવિન્દીનીબહેન શાહ અને લતાબહેન હીરાણીનો ઘણો ઘણો આભાર! મારા પતિદેવ શ્રી રાજેશ કિકાણી, કે જેમના સહકારથી જ દર વર્ષે વાર્તામેળો શક્ય બને છે, તેમનો આભાર કેવી રીતે માનું?

દર્શા રાજેશ કિકાણી

17/04/2023

અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| | | | |
| | | વિદ્યાર્થીનું નામ | વાર્તાનું નામ |
| ૧ | | રાવળ વિશ્વા દિલીપભાઈ | ખોવાઈ ગયેલા નામ |
| ૨ | | જાડેજા ઓમશ્રી બા યુવરાજ સિંહ | કામમાંથી મુક્તિ |
| ૩ | | ક્રિષા ભાવિન શાહ | સુંદર વનની શાનદાર એકતા |
| ૪ | | માહી માલવ શેઠ, પ્રોત્સાહન | જન્મદિવસ |
| ૫ | | વડેખણીયા નિલમબેન ગુણવંતભાઈ | હાર કી જીત |
| | | પ્રોત્સાહન ઇનામો | |
| ૬ | | પંડિત કાજલ એમ | ઓળખ |
| ૭ | | માહિર મિતેષ જયસ્વાલ | મોબાઈલનો શું વાંક? |
| ૮ | | પ્રિયલ એન. ઠાકર | એક હતું ટામેટું |
| ૯ | | પાવની શાહ | ચા વગરની દુનિયા |
| ૧૦ | | જુઈ ઠાકર | કુત્રિમ મનુષ્ય |
| ૧૧ | | મીસરી હેમાલી વસા | સાચો સાથીદાર |
| | | | |
| | | શિક્ષકનું નામ | વાર્તાનું નામ |
| ૧ | | ડૉ. બળવંતભાઈ તેજાણી, પ્રથમ | કંકુમાનો આંબો |
| ૨ | | રાયચુરા મિતલબેન રાજશે ભાઈ, દ્વિતીય | લાગણીની ભીનાશ |
| ૩ | | પાથર નીતાબહેન ધનજીભાઈ, તૃતીય | મેદાનનો શત્રુ મોબાઈલ |
| | | પ્રોત્સાહન ઇનામો | |
| ૪ | | કુલકર્ણી જનાર્દન કાલિદાસ, | અરણ્યનું રુદન |
| ૫ | | પ્રીતિ જે ભટ્ટ. ,પ્રોત્સાહન | ચક્રવૃદ્ધિ વ્યાજ |
| ૬ | | રમેશભાઈ ડી. જોષી ,પ્રોત્સાહન | સપનાની દુનિયા |
| ૭ | | અલ્પેશ કારિયા , પ્રોત્સાહન | તથ્ય |
| ૮ | | પીયૂષ બાબુભાઈ પ્રજાપતિ,પ્રોત્સાહન | સ્મરણ વિસ્મરણ |

વિદ્યાર્થીનું નામ : રાવળ વિશ્વા દિલીપભાઈ

વાર્તાનું નામ :   ખોવાઈ ગયેલાં નામ

પ્રાચીન સમયથી જ ભારત દેશ સોનાની ચિડિયા તરીકે ઓળખાતો હતો. ભારતની ધન-સંપત્તિ પર શોષણ થયું તો પણ આ દેશની શાન અને માનમાં કંઈ કમી નથી. ભારત આજે પણ પ્રભાવશાળી દેશોમાંનો એક છે. આજે પણ આપણો દેશ કોઈપણ ક્ષેત્રમાં પાછળ નથી. આપણા દેશને આઝાદી મળ્યાનાં 75 વર્ષ થવાના કારણે સમગ્ર દેશમાં આઝાદી-કા-અમૃત મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.

એક હતો છોકરો. તેનાં માતા-પિતાએ તેનું કંઈ સરસ નામ રાખ્યું હતું, પણ કોણ જાણે શું થયું કે તેના નામના અમુક અક્ષર ઘસાતા ગયા, ઘસાતા ગયા અને છેવટે રહી ગયો એક અક્ષર "ખુ". આ "ખુ" છોકરો સદાય ખુશખુશાલ રહેતો. હંમેશા હસતો, હસાવતો અને મસ્તીમાં રહેતો. અન્ય બાળકોની જેમ તેને કોઈ વસ્તુ ન મળે તો રિસાતો નહીં. રડવાનું તો નામ જ નહીં. તેને ખબર હતી કે જે હસે છે તેની સાથે દુનિયા પણ હસે છે, પણ જે રડે છે તેને એકલા જ રડવું પડે છે! "ખુ" પણ બધાંને હસાવતો ને પોતે હસતો.

એકવાર શહેરમાં એક મહાત્માજી પધાર્યા. એમને મળવા "ખુ" પણ ઘેરથી નીકળ્યો. રસ્તામાં એક છોકરાને હાથમાં તલવાર લઈને દોડતો જોયો. તલવાર હતી તો રમકડાની, પણ લાગતી હતી ખરેખરની તલવાર જેવી! "ખુ"ને થયું કે આ કોને મારવા આમ તલવાર લઈને દોડતો હશે? પણ પેલો છોકરો તો થોડે દૂર જઈને પાછો ફર્યો અને જોરજોરથી કહેવા લાગ્યો : "ખૂબ લડી મર્દાની વોતો ઝાંસીવાલી રાની થી!" "ખુ"ને થયું કે વાહ! આ તો દેશભક્ત લાગે છે! ચાલને આ ઝાંસીવાલા રાણાને મળીએ! તેને રોકીને "ખુ"એ કહ્યું: "ભાઈ તેં દેશભક્તિનું અમૃત પીધું લાગે છે! શાબાશ!" પેલો છોકરો હવે કહેવા લાગ્યો: "એક એક કો ખતમ કર દુંગા!" "ખુ"ને આશ્ચર્ય થયું કે હવે આ વળી કોને ખતમ કરવા માગતો હશે? તેથી એને પૂછ્યું, "ભાઈ, તું કોને ખતમ કરવા માંગે છે?" પેલો છોકરો હસવા લાગ્યો. "એ તો મને ખબર નથી." "ખુ"ને હસવું આવી ગયું. આ છોકરો તો વિચિત્ર લાગ્યો. "ખુ"એ તેનું નામ પૂછ્યું તો કહે: "મારું કોઈ સરસ નામ હતું ખરું, પણ હવે મને મારું નામ યાદ નથી. મારા નામનો ફક્ત "શ" અક્ષર જ બાકી રહી ગયો છે." "હાશ! તો આ ભાઈ પણ મારા જેવો જ છે! આને મિત્ર બનાવીએ!" "ખુ"એ વિચાર્યું. પેલા છોકરાને એ કહેવા લાગ્યો: "તું મારી સાથે ચાલ. શહેરમાં મહાત્માજી પધાર્યા છે. આપણે આપણાં નામ મેળવવા માટે મહાત્માજી પાસે જઈએ."

"એમ વાત છે? તો ચાલ!" એમ કહી "શ" પણ "ખુ"ની સાથે ચાલવા લાગ્યો. બંને આગળ વધ્યા. એક જગ્યાએ એક છોકરો એક મીઠાઈવાળાની દુકાને ઊભો રહીને કહી રહ્યો હતો: "મને

આપોને! મને આપોને!" મીઠાઈવાળો કહે: "આપી તો દીધી છે. હજી તારે કેટલી મીઠાઈ ખાવી છે? વધુ મીઠાઈ જોઈએ તો બીજા પૈસા લાવ!" "ખુ"ને થયું કે આ છોકરો મીઠાઈ પાછળ ગાંડો લાગે છે. છોકરાની નજીક જઈ "ખુ"એ તેને કહ્યું: "ભઈલા, આ મીઠાઈ, મીઠાઈ કેમ કહે છે? મીઠાઈ માટે પૈસા જોઈએ. તારી પાસે છે પૈસા?" "પૈસા તો આ મીઠાઈ વાળાને આપી દીધા છે!" છોકરાએ જવાબ આપ્યો. "આપી દીધા છે તો એટલા પૈસાની મીઠાઈ પણ તને આપી દીધી છે ને?" મીઠાઈવાળાએ કહ્યું. "ચાલ હું તને મીઠાઈ અપાવું." એમ કહીને "ખુ" એ પૈસા કાઢી મીઠાઈવાળાને આપ્યા અને મીઠાઈવાળાએ છોકરાને જોઈતી હતી તે મીઠાઈ આપી. હવે જુઓ તો એ છોકરો ખુશ ખુશ! "ખુ"ને લાગ્યું કે આ છોકરો મીઠાઈનો બહુ જ શોખીન છે. તેને પૂછ્યું: "ભાઈ તારું નામ શું છે?" "મારું નામ છે ને... મારું નામ છે ને ...મારું નામ.... હા મારું નામ મને અત્યારે યાદ નથી આવતું. ભૂલી ગયો છું! પણ મારા નામની આગળ કંઈક "મ" એવું આવે છે ખરું. "મગન, મણી, મફત અથવા મનુ...?" "ના,ના. એમાંથી એક પણ મારું નામ નથી. ધત્ તેરેકી! તો આની પણ આપણા જેવી જ કહાણી છે! "ખુ"ને હસવું આવી ગયું. તેને હસતો જોઈ "મ" કહેવા લાગ્યો: "તું મારા ઉપર હસે છે?" "ના ભાઈ, ના! મને તારા ઉપર હસવું નથી આવતું. અમારી પણ તારા જેવી જ મુશ્કેલી છે. તું અમારી સાથે મહાત્માજીને ત્યાં ચાલ." હવે ત્રણ જણ આગળ વધ્યા. થોડું આગળ ચાલ્યા તો સામેથી એક છોકરાને આવતો જોયો. એ છોકરો હાથમાં જાણે ઘણી નાની-નાની વસ્તુઓ લઈને તેના વડે અજબ-ગજબના ખેલ કરતો હતો. આવતાં જતાં લોકો તેના નવા-નવા ખેલ જોઈ રાજી રાજી થતાં હતાં. "ખુ"ને થયું કે ચાલ, આપણે પણ તેનો લાભ લઈએ! તે છોકરા તરફ આગળ વધ્યો. પાછળ પાછળ "શ" અને "મ" પણ ચાલ્યા. ત્રણે જણ પેલા છોકરાની નવી-નવી વસ્તુઓના નવા-નવા ખેલ જોઈ આનંદમાં આવી ગયા. "ખુ"એ છોકરાને પૂછ્યું: "તું આ ખેલ શા માટે કરે છે?" "શા માટે? એ વળી શું? નવા-નવા ખેલ કરવા મને ગમે છે."

"તારું નામ શું?"

"નામ બામ કંઈ નથી."

"કાંઈક તો હશે ને?"

"હતું, પણ હવે નથી રહ્યું. ખોવાઈ ગયું છે."

"નામ ખોવાઈ ગયું છે? એ શું હતું તે યાદ નથી?"

"ફક્ત "ન" યાદ છે, જે નામમાં આગળ આવતો હતો."

"તારે કોઈ સુંદર નામની જરૂર હોય તો ચાલ અમારી સાથે!"

"ક્યાં?"

"આપણાં નામો વિશે મહાત્માજીની સલાહ લેવા!" આખરે "ન" પણ એમની સાથે જોડાયો. ચારેય આવીને પહોંચ્યા મહાત્માજી પાસે. મહાત્માજીને પગે લાગ્યા પછી "ખુ"એ કહ્યું : "અમે ચાર, એક..દો..તીન..ચાર.. આપની સલાહ લેવા માટે આવ્યા છીએ."
"સલાહ? શેની સલાહ?" મહાત્માજીએ પૂછ્યું.
"અમારાં નામ ખોવાઈ ગયાં છે."
"ખોવાઈ ગયાં છે? કેવી રીતે કેવી રીતે ખોવાઈ ગયાં?"
"એની ખબર નથી, પણ ખોવાઈ ગયાં છે, એ નક્કી! આને પોતાના નામનો એક અક્ષર "શ" યાદ છે, આને "મ" યાદ છે, આને "ન" યાદ છે અને મને "ખુ" યાદ છે."
"વિચિત્ર વાત છે!" મહાત્માજી વિચારમાં પડી ગયા. બોલ્યા: "આવી વાત તો મેં ક્યારેય નથી સાંભળી!" "ખુ"એ કહ્યું: "એ જ તો મુશ્કેલી છે! અમને અમારાં નામો જોઈએ છે!"
મહાત્માજી બોલ્યા : " કોઈ મોટી વાત નથી! તમને પસંદ પડે તે નામ રાખી લો! એ માટે મારી પાસે આવવાની  જરૂર નથી."
બધા કહે: "અમને તો અમારાં ખોવાઈ ગયેલાં નામ જ જોઈએ! નવા નામની અમને જરૂર નથી. અમારાં માતા-પિતા એ અમારાં યોગ્ય નામ પાડ્યાં હતાં. અમને તો બસ એ જ નામ જોઈએ!"
"તો ઠીક છે! હું કોશિશ કરું છું!" એમ કહી મહાત્માજીએ નામકરણનું કામ શરૂ કર્યું.
"ખુ" એ કહ્યું: "આ "શ" છે. એને મેં જોયો ત્યારે એના હાથમાં તલવાર હતી. એનામાં વીરતાનો ગુણ છે." મહાત્માજી બોલ્યા: "તો આનું નામ બહાદૂરી કે શૂરવીરતાને  લગતું હોવું જોઈએ. બેટા, તારું નામ શમશેર તો નથી ને? શમશેર એટલે તલવાર. મોટો થઈશ ત્યારે લોકો તને શમશેર બહાદુરના નામથી બોલાવશે!" "શ" થોડો વિચારમાં પડી ગયો. થોડી ક્ષણો પછી તે ઊછળતો-કૂદતો કહેવા લાગ્યો: "હા! આજ તો મારું નામ છે! વાહ! મળી ગયું! મળી ગયું! મારું નામ મળી ગયું!"
"ખુ"એ  ખુશ થતાં કહ્યું: "વાહ ગુરુદેવ, વાહ! આપે તો એક મિનિટમાં આની  મૂંઝવણ દૂર કરી નાખી! વાહ! હવે આ "મ"નો વારો."
"મ"એ કહ્યું: "મને છે ને મીઠી-મીઠી વસ્તુઓ બહુ ગમે. મીઠાઈ ગમે, આઈસ્ક્રીમ ગમે. આખો દિવસ એ ખાતો રહું!"
"તો તારું નામ મધુ તો નથીને? મધુ એટલે મધ. મધ એકદમ ગળ્યું ગળ્યું હોય!"
"હા, એ જ તો મારું નામ છે! વાહ! મજા આવી ગઈ! મારું નામ મધુ! મધુ એટલે મધ. મધ એકદમ ગળ્યું હોય!" તે ખુશ થવા લાગ્યો.
"પણ, બેટા, મીઠી વસ્તુ બહુ ન ખાવી જોઈએ. તારું નામ મધુ છે તો તારી વાણીમાં મધુરતા લાવ. વર્તનમાં મધુરતા લાવ. સાથે મીઠું-મીઠું બોલ, તો જ તારું નામ સાર્થક થશે!" "મ"તો મહાત્માજીની વાતો સાંભળીને ગેલમાં આવી ગયો! તે મહાત્માજીનો મહિમા ગાતા કહેવા લાગ્યો:

"મહારાજ, આપ તો જાદુગર લાગો છો! જોત-જોતામાં મુશ્કેલીનો ઉપાય શોધી આપો છો. હવે આ છોકરો જુઓ. મહાત્માજી! આ તો દરરોજ નવા-નવા ખેલ કરી બતાવે છે. નવી-નવી વાતો જાણવામાં તેને રસ છે."

"બેટા, તને પણ તારું નામ યાદ નથી?"

" નામ યાદ નથી, મહારાજ! મારા નામનો ફક્ત ન અક્ષર જ યાદ છે! "ન" બોલ્યો.

" તારા નામમાં "ન" આગળ હતું કે પાછળ?"

"આગળ હતું ને પાછળ પણ હતું! ઉલટસુલટ કરવાથી પણ મારું નામ એ જ રહેતું!"

આગળ અને પાછળ "ન" આવતું હોય તેવું નામ મહાત્મા વિચારવા લાગ્યા. "તારું નામ નરેન કે નયન તો નહીં ને?"

"ના, મહારાજ!"

"તને નવું નવું ગમે છે. નવીનતામાં તને રસ છે, તો તારું નામ નવીન હોવું જોઈએ!"

"હા, હા, મહારાજ! મારું એ જ નામ છે! બધાં મને નવીન નામથી જ બોલાવતાં!"

"તમે તો કમાલ કરી બતાવી! હવે મહારાજ! મને પણ મારું નામ શોધી આપો!"

"ખુ" ખૂબ ઉતાવળો થવા લાગ્યો. "સારું. હવે તું તારા વિશે કહે." મહાત્માજી બોલ્યા.

"મને આનંદમાં રહેવાનું ગમે, બધાંને હસાવવાનું ગમે. હસે તેનું ઘર વસે!

"તારું નામ "ખુશાલ"! ખુશાલ એટલે ખૂબ ખુશ! સદા ખુશ રહેતો હોય એવું બાળક. બોલ, તને આ નામ ગમ્યું?"

"નામ તો ઠીક છે, મહારાજ! પરંતુ....."

"પરંતુ, શું?"

"મારું આવું તો કોઈ નામ નહોતું. મારું બીજું કોઈ નામ બતાવો." "ખુ"એ કહ્યું. એની વાત સાંભળીને મહાત્માજી વિચારમાં પડી ગયા. અચાનક મહાત્માજીના મનમાં ચમકારો થયો. એમણે બધા છોકરાને એક લાઈનમાં ઊભા રાખ્યા. પછી દરેક છોકરાના નામનો પહેલો અક્ષર તે મનમાં બોલતા ગયા. ખુ...મ...શ...ન. તો થયું ખુમશન! ના! આ નામ તો નહીં ચાલે! મહાત્માજીએ છોકરાઓના ક્રમમાં થોડો ફેરફાર કર્યો. બીજા નંબરવાળા "મ"ને કાઢી છેલ્લા ઊભો રાખ્યો તો થઈ ગયું ખુશનમ.

"ના બાબા, આ તે કંઈ નામ છે? "ખુ"એ બૂમ પાડી.

"બેટા, ધીરજ રાખ!" એમ કહી મહાત્માજીએ ત્રીજા નંબરવાળા "ન" ને કાઢી છેલ્લે ઊભો રાખ્યો. તો થઈ ગયું ખુશ મન એટલે ખુશમન!

"વાહ! આ નામ તો તારા માટે બિલકુલ યોગ્ય જણાય છે! 'ખુશમન' એટલે જેનું મન સદા ખુશ રહેતું હોય. કેમ, છે તને કબૂલ ?"

"તમે કબૂલની વાત કરો છો? મહારાજ, આ નામ તો મને મારા માટે બિલકુલ ફીટ લાગે છે! તમે ઘણા મહાન છો! મહારાજ, તો હવે "ખુ"નું નામ થઈ ગયું ખુશમન!"
પોતાનાં નામ ફરીથી ન ખોવાઈ જાય તે માટે તેઓ પોતપોતાનાં નામ ગોખતા ગોખતા ઘેર ગયા.

વિદ્યાર્થીનું નામ : જાડેજા ઓમશ્રીબા યુવરાજસિંહ

વાર્તાનું નામ : કામમાંથી મુક્તિ

"ઓહોહો! આઝાદી મળી ગઈ! મને મારા કામથી! વાહ, વાહ!" નાચતાં-કૂદતાં બાળકો શેરીમાં આવી રીતસર ગરબા કરવાં લાગ્યાં! કેટલાંક ગલગલીયાં થતાં હોય એમ હસતાં હસતાં ફૂદકા મારવાં લાગ્યાં. ચારે બાજુ હસી-ઠહાકા હતા. કિલ્લોલનો અવાજ!
"શું છે આ બધું?" પૂછતાં-પૂછતાં કિશોરકાકા અને નીલીમાસી ઘરની બહાર આવ્યાં.
"અમને આજથી કામની છુટ્ટી! હુરેરેરે!" કહેતાંકને ટોળું આખું પાછું રમવા લાગ્યું.
"પણ, કયા કામની છુટ્ટી, એ તો કહો જરા!" કાકાએ ફરી પૂછ્યું.
નવલ બોલ્યો: "મને કચરાની ગાડી આવે ત્યારે કચરો ઠાલવવા જવાના કામની છૂટી."
વિદ્યા કહે: "ભણ્યા બાદ મારા ચોપડા, નોટબુક વારંવાર 'અહીંયા મૂક, ત્યાં મૂક'ના કામમાંથી તદ્દન મુક્તિ!" સરોજ કહે: "આ ઝાડને વળી શું છે આટલા બધા પાણી પીવાની જરૂર? મને તો પાણી પીવડાવવાના કામમાંથી મુક્તિ." "અને તમે કેમ નાચો છો? ભરત, કુણાલ!" નીલીમાસીએ હસતાં હસતાં પૂછ્યું. ભરતે જવાબ આપ્યો: "મને દુકાનેથી ટાંપા કરીને વસ્તુ લાવવામાંથી જાન છૂટી!"
કુણાલે પણ જવાબ આપતા કહ્યું: "મને ભણું કે ના ભણું એ જફામાંથી છુટ્ટી!" બાળકો ફરીથી નાચવા લાગ્યાં. કિશોરકાકા અને નીલીમાસીએ બાળકોની સામે જોયું, તેઓએ આંખ-આંખમાં ઈશારો કર્યો, પણ કાંઈ બોલ્યાં નહીં, માત્ર મનમાં હસ્યાં.

થોડા દિવસ બાદ બાળકોના ટોળાને નિરુત્સાહી બેઠેલું જોયું, જેથી તેઓ સમજી તો ગયાં, છતાં કિશોરકાકાએ કુણાલને બોલાવીને પૂછ્યું: "શું થયું બેટા? કંઈ ઝઘડો-બગડો તો નથી થયો ને?"
કુણાલે કહ્યું: "કાંઈ મજા આવતી નથી."
"કેમ?" કિશોરકાકાએ પૂછ્યું.
"મારી નિશાળમાં પરિણામ જાહેર થયું. હંમેશા મારો એકથી ત્રણમાં નંબર આવતો. પણ, આ વખતે હું માંડ દસમા ક્રમે આવ્યો. શિક્ષક પણ મારાથી નારાજ થયા."
કિશોરકાકાએ ચિંતાના ભાવ સાથે પૂછ્યું: "ઓ હો! ખૂબ જ દુઃખદ! પરંતુ તારાં બીજાં મિત્રો પણ દેખાતાં નથી."
કુણાલે જવાબ આપ્યો કે: "એ લોકો પણ ખુશ નથી."
કિશોરકાકા કહે: "કેમ?"
કુણાલે ફરી જવાબ આપ્યો: "જુઓ, જેમ મને ભણવા બાબતની ટોકટોક કરવાનું મમ્મીએ છોડી દીધું, એમ નવલ અને વિદ્યા કચરો ફેંકવા અને પુસ્તક ગોઠવવાની બાબતથી પરેશાન હતાં,

તેમનાં માતા- પિતાએ તેઓને આ કામ કરવાની બાબતે ના પાડી દીધી. પણ, તેમનાં માતા-પિતા કામે જતાં હોવાથી, સમયના અભાવે ઘર અને આંગણું ગંદકીથી બણબણે છે. વળી, સરોજને દરરોજના કામથી એટલે કે ઝાડને પાણી પીવડાવવાનું કાર્ય આપ્યું હતું, જેથી તેને એ બહાને વ્યાયામ થઈ જતો હતો. પણ, હવે તો તેને મોબાઈલની લત લાગી ગઈ છે. વળી, ભરતને દુકાનમાંથી ટાંપા બંધ થતા તે આખો દિવસ ટેલિવિઝન સામે જ ચોંટ્યો રહે છે. બધું જ બગડી ગયું છે!"

નીલીમાસીએ સમજાવતાં કહ્યું: "બેટા, અમને ખબર જ હતી! પરંતુ, અમારું કહેલું તમને ન ગમે એટલે તમને અમારે અનુભવ થવા દેવો હતો! હવે બધાં મિત્રો ભેગાં થઈને અમારે ત્યાં આવો." આટલું કહી નીલીમાસી ઘરમાં ગયાં. કુણાલ બધાંને બોલાવવા ગયો. બધાં ભેગાં મળીને નીલી માસીના ઘરે ગયાં. ત્યાં બધાં માટે નીલીમાસીએ મજાની કચોરી બનાવી હતી. તે ખાતાં-ખાતાં નીલીમાસી બોલ્યાં: "શું આપણે જીવન આમ બેસીને રહેવા માટે માગ્યું હશે?"
બાળકોએ એકીસાથે કહ્યું : "ના!"
નીલીમાસી બોલ્યાં: "તો આપણે પણ રામસેતુ બનાવવામાં જેમ ખિસકોલી મદદરૂપ થઈ હતી તેમ મદદરૂપ બનવું જોઈએ. બોલો શું વિચાર છે? મદદ કરવાથી આપણને હૃદયમાં સારો અનુભવ મળે છે જે આપણને ખુશી આપે છે. સાથે-સાથે આપણે આપણાં મા-બાપનો બોજ પણ ઓછો કરી શકીએ છીએ, જેથી તેમના આશીર્વાદ પણ આપણને મળે. તો બોલો, હવે શું વિચાર છે?" બાળકો ફરી એક સાથે બોલ્યાં: "કામ કરીશું, કામ! ભાઈ, કામ કરીશું કામ!"
પહેલા જેવી શેરીમાં રોનક છવાઈ ગઈ!


17

~~179~~

# જન્મદિવસ

"મને પાંચ હજાર રૂપિયા આપો નહીં તો હું પોતે જ આજ સાંજની મારી બર્થડે પાર્ટીમાં નહિ આવું." વેદ પોતાની વાત પર અડગ રહ્યો. મહેલ જેવું લાગતું ઘર ફુગ્ગા અને રોશનીથી સજાવવામાં આવી રહ્યુ હતુ. રસ્તા પરથી પસાર થતાં દરેકની નજર એક વાર એક બંગલા પર જરૂર પડતી અને મંત્રમુગ્ધ થઈ જતા હતા. મમ્મી પપ્પાને વેદ ની વાતોમાં જાણે એની આઝાદી જણાતી હતી તો વેદ ના મનમાં કંઈક જુદું જ ચાલતું હતું.

"અરે પણ બેટા આટલા બધા પૈસાનું શું કામ છે તારે?" વેદની મમ્મી રમાબેને ફરી એ જ પ્રશ્ન કર્યો.




"કેટલી વાર કહ્યું કે મારે મારા મિત્રોને અલગથી મારી બર્થડે પાર્ટી આપવી છે, સાંજે યોજાયેલી ફેમિલી પાર્ટીમાંએ લોકો 'બોર' થઈ જાય. અમને બધાને સાથે મળીને 'ચીલ' કરવું છે. આખરે અમે અમારી રીતે એન્જોય કરવા માટે થોડી પ્રાઈવસી અને સ્પેસ તો જોઈએ જ ને." અમારી આઝાદીનું પણ મહત્ત્વ હોય કે નહીં? મમ્મી તરફથી ફરી ફરીને ઉઠતા એ જ પ્રશ્નોથી કંટાળેલો વેદ ગુસ્સામાં બોલી રહ્યો હતો, "હવે છેલ્લી વાર કહું છું કે મને પાંચ હજાર રૂપિયા આપો છો કે પછી સાંજની પાર્ટી કેન્સલ?"




વેદના સોળમાં જન્મદિવસની ખુશીમાં એના દાદા કાંતિલાલ ઠક્કરે એક ભવ્ય પાર્ટીનું આયોજન કર્યું હતું. બધા મહેમાનોને આમંત્રણ અપાઈ ગયા હતા. કાંતિભાઈ ઠક્કરના પરિવારના સંસ્કારો અને ખાનદાનીનું સમાજમાં ઉદાહરણ અપાતું. એવામાં વેદની એક નાનકડી જીદના કારણે પાર્ટીનું છેલ્લી ઘડીએ કેન્સલ થવું યોગ્ય ન હતું એટલે એની

DATE:
PAGE:
EXCEL

જીદ સામે હારીને તેના પરિવારે એને પાંચ હજાર રૂપિયા વાપરવા માટે આપ્યા. પૈસા હાથમાં આવતા જ વેદ ખુશીથી ઉછળી પડ્યો અને ફટાફટ પોતાના રૂમમાં તૈયાર થવા માટે જતો રહ્યો. જેવો વેદ ત્યાંથી ગયો એના પિતા રમણભાઈનો કાબુમાં રાખેલો ગુસ્સો એમની પત્ની રમાબેન પર ઉતર્યો, "તે જ એને બગાડ્યો છે, એટલે જ આટલો જિદ્દી થઈ ગયો છે. ભાઈ હવે એટલા મોટા થઈ ગયા છે કે એમને એકલામાં પાર્ટી કરવી છે. શું આ જ સંસ્કાર આપ્યા છે આપણે એને? અરે અમે જ્યારે નાના હતા ને ત્યારે જન્મદિવસના દિવસે આશ્રમમાં જઈને ગરીબ બાળકોને જમાડતા અને દાન-દક્ષિણા કરતા. અને આ આજની પેઢી છે બસ માત્ર પૈસા ઉડાવીને જલસા જ કરવા છે."

પતિ રમણભાઈની વાત સાંભળીને રમાબેનનું મગજ પણ છટક્યું,

"મેં નહીં તમે જ એને માથે ચડાવ્યો છે. 'આ તો મારો રાજકુમાર છે' કહીને એને કશી વસ્તુની ખોટ નથી પડવા દીધી. દર મહિને એને મોં માંગ્યા ખિસ્સા ખર્ચી પણ આપો છો. શું જરૂર છે એને વધારાના પૈસા આપવાની જ્યારે એના તરફથી કોઈ માગણી થાય એ પહેલા જ આપણે એને પૂરી કરી દઈએ છીએ. હું તમને પૂછું છું કે તમે ક્યારે એની પાસે દર મહિને આપેલા પૈસાનો હિસાબ માંગ્યો છે? આખરે ક્યાં ખર્ચ કરે છે પૈસા?"

બંને પતિ-પત્ની એકબીજા પર દોષારોપણ કરવાનું શરૂ કરી દીધું.
ત્યાં તો દાદાજીએ વચ્ચે ટપકું મૂક્યું.

"આમાં ભૂલ આપણી બધાની જ છે. આપણે બધા જ એને વધુ પડતું લાડ લડાવીને બગાડ્યો છે. શું ખરેખર એને ભાઈબંધ સાથે મળીને પાર્ટી કરવી હશે કે પછી કોઈ બીજી વાત હશે?"

EXCEL™
Excellence Driven By Quality

ત્યાં બેઠેલા વેદના દાદી કમળાબેન ચિંતિત સ્વરમાં બોલ્યા. દાદાજીની વાત સાંભળીને પરિવારના બધા સભ્યો વિચારમાં પડી ગયા. થોડીવારમાં દાદાજીએ બધાને કહ્યું કે,

"આ સમય એકબીજા પર દોષારોપણ કરવાનો નથી. વેદ જો ખરેખર ખોટા રસ્તે જઈ રહ્યો છે તો એમા દોષ કોઈ એક વ્યક્તિનો નથી પણ ક્યાંકને ક્યાંક આપણે બધા જ જવાબદાર છીએ. અને વાત હાથની બહાર જતી રહે એ પહેલા આપણે ચેતી જવું જોઈએ."

"તમારી વાત સાચી છે, રમા, આપણે બંને આજે વેદ ને ખબર ન પડે એ રીતે એનો પીછો કરીએ અને જોઈએ કે આખરે એ ક્યાં જાય છે."



રમણભાઈએ ચિંતા ભર્યા સ્વરમાં રમાબેન ને સૂચના આપી અને બધા જે વાતને સહમત થયાં.


થોડી જ વારમાં તો વેદ એના રૂમમાંથી તૈયાર થઈ, માથે સન ગ્લાસીસ ચડાવી અને હાથની આંગળીમાં ચાવી ફેરવતો ત્યાંથી નીકળ્યો અને, "સી યુ સુન" કહીને મનમાં મલકાતો ત્યાંથી નીકળી ગયો. એના ગયા પછી પણ એના કપડા પર છાંટેલા પરફ્યુમની સુગંધ ચારે બાજુ પ્રસરી હતી જેનો અનુભવ લેતા બધા એકબીજા સામે જોઈ રહ્યા.

જેવો વેદ બાઈક લઈને ઘરની બહાર નીકળ્યો કે ધીરે રહીને રમણભાઈ અને રમાબેન એ પણ ગાડીમાં બેસીને એનો પીછો કર્યો. થોડે દૂર સુધી બંને જણા વેદનો પીછો કરતા રહ્યા અને



થોડીવારમાં જ તો વેદની બાઈક ખુલ્લા મેદાન પાસે જઈને ઉભી રહી.

“આ તો એ જગ્યા છે જ્યાં વેદ રોજ બધા મિત્રો સાથે આવીને ક્રિકેટ રમે છે. શી ખબર શું કરશે બધા ભેગા મળીને આ પૈસાનું?” રમાબેનના સ્વરમાં ચિંતા દર્શાતી હતી.



“થોડીવાર ધીરજ રાખ. હમણાં જ બધી ખબર પડી જશે” બોલતા બોલતા રમણભાઈએ થોડે દૂર ગાડી ઉભી રાખી અને પછી ધીમેથી બંને જણા ગાડીની બહાર આવીને ઝાડી પાછળ સંતાઈ ગયા. દૂર ઉભેલો વેદ ખિસ્સામાંથી મોબાઈલ ફોન બહાર કાઢીને ફોન પર કશું કરી રહ્યો હતો જે જોઈને રમણભાઈ અને રમાબેનની ચિંતા અને ઉત્સુકતા વધતી ગઈ. થોડા સમયમાં સામેથી બાઈક પર બેસીને વેદના બે મિત્રો આવ્યા અને “હેપી બર્થડે બડી” કહીને વેદને જન્મદિનની વધામણી આપી.

“અરે, હજી પણ યશ નથી આવ્યો?” તેમાંના એક મિત્ર એ પૂછ્યું. “અરે યશને કોઈપણ કામ સોંપીએ તો એ ક્યારે સમય પર ન થાય. હંમેશાંની જેમ લેટ આજે પણ લેટ લતીફ.” બીજો મિત્ર બોલ્યો.

“અરે આપણા બધામાં એક યશ જ છે જેને ગાડી ચલાવતા ફાવે છે અને આપણો કાર્યક્રમ ગાડી વગર શક્ય નથી. ચીલ યાર, હમણાં આવતો જ હશે.” હજી વેદનું વાક્ય પૂરું થાય ત્યાં જ તો દૂરથી એક સફેદ રંગની ગાડી આવતી દેખાઈ, જેને જોઈને ત્રણેય મિત્રો ના મોઢા પર ચમક આવી ગઈ અને ત્રણે એક સાથે બોલી ઊઠ્યા, “આવી ગયો યશ.”

01 EXCEL™ Excellence Driven By Quality



દૂર બેઠા રમાબેન અને રમણભાઈની ઉત્સુકતા ચરમસીમાએ પહોંચી ગઈ હતી. હૃદયના ધબકારા વધી રહ્યા હતા. થોડી જ ક્ષણોમાં તો ગાડી મેદાનમાં આવીને ઊભી રહી. વેદ એ ગાડીની દિશામાં જઈને જેવો ગાડીનો દરવાજો ખોલ્યો અંદરથી આઠ થી દસ જેટલા દબાઈને બેઠેલા નાના ગરીબ મજૂરના છોકરાઓ એક પછી એક બહાર નીકળ્યા અને ઉત્સાહથી વેદને ઘેરી લીધો. એ જોઈને યશે બધા છોકરાઓને કહ્યું,

"છોકરાઓ શું કહેવાનું વેદભાઈને આજે? મેં તમને શીખવ્યું હતું ને."
બધા છોકરાઓ એક સાથે જોર થી બોલી ઉઠ્યા, "હેપી બર્થડે વેદ ભૈયા."

રમણભાઈ અને રમાબેન સમજી ન શક્યા કે શું થઈ રહ્યું હતું. વેદ બોલી રહ્યો હતો, "છોકરાઓ, છેલ્લે જ્યારે હું તમારી સાથે દિવાળીના ફટાકડા ફોડવા માટે આવ્યો હતો ત્યારે તમને વચન આપ્યું હતું ને કે હું તમને મારા જન્મદિવસે પાર્ટી આપીશ. તો બોલો બધા શું ખાવું છે? બધા કેક અને પીઝા ખાશો ને?"

કેક અને પીઝાનું નામ પડતાં જ છોકરાઓ ખુશીના માર્યા ઉછળી પડ્યા. થોડીવારમાં તો ત્યાં ઝોમેટોથી અપાવેલો કેક અને પીઝાનો ઓર્ડર આવી ગયો. યશે પોતાની ગાડીમાંથી એક મોટી શેતરંજી બહાર કાઢી અને નીચે પાથરી દીધી. વેદએ બધાની સામે કેક કાપી અને પછી બધાને બેસાડીને કેક અને પીઝા ખવડાવ્યા. નાના ગરીબ છોકરાઓના મોઢા પર આનંદ સમાતો ન હતો જે જોઈને દૂર બેઠેલા રમણભાઈ અને રમાબેનની આંખોમાં આંસુ આવી ગયા.



DATE:

PAGE:

વેદ પોતાના મિત્રો સાથે વાત કરી રહ્યો હતો કે કોઈની સામે આ વાતની ચર્ચા કરવી નહીં કારણકે એના દાદાજીએ શીખવ્યું છે કે દાન હંમેશાં ગુપ્ત જ રાખવું જોઈએ. એની વાત સાંભળીને રમાબેન અને રમણભાઈ ભાવુક થઈ ગયા. રમણભાઈ એ તરત જ ખિસ્સામાંથી પોતાનો ફોન કાઢ્યો અને દાદાજીનો વીડિયો કૉલ કર્યો. એમણે વિડીયો પર મેદાનમાં થઈ રહેલી પ્રવૃત્તિ દેખાડી. દાદાજી પણ ભાવુક થઈને બોલ્યા,

"હવે સમજાયું કે આપણો વેદ એને આપવામાં આવતી ખિસ્સા ખર્ચીનો ક્યાં અને કેવી રીતે વાપરે છે. મને એના પર ગર્વ છે. આપણે જ આપણા આપેલા સંસ્કારો પર કેવી રીતે શક કર્યો? આપણે એ વાત ભૂલી ગયા કે મોરના ઈંડા ક્યારેય ચીતરવા ના પડે."

દૂર બેઠેલા છોકરાઓને આનંદપૂર્વક પાર્ટી માણતા જોઈને વેદના દાદા-દાદી અને મમ્મી-પપ્પાને એનો જન્મદિવસ ખરા અર્થમાં ઉજવાયો હોય એવું લાગ્યું અને સંતોષ થયો.



Name: Mahi M. Sheth

Grade: 8-D

EXCEL™ Excellence Driven By Quality

# સુંદરવન ની શાનદાર એકતા



Name - Krisha Bhavin Shah

Class - $8^{th}$

School - ZSFC


Account no. - 50100233243913

પ્રકૃતિના ખોળામાં ચારે બાજુ સુંદર પર્વત માળાઓ વચ્ચે એક મોટું સુંદરવન હતું. તે સુંદરવનમાં દરેક પશુ-પક્ષી અને પ્રાણીઓ આનંદથી અને સંપથી રહેતા હતા. સવારથી સાંજ સુધી એ પ્રાણીઓ આઝાદીથી કોઈપણ જાતના ડર વગર પૂરા જંગલમાં ફરતા. વન નો રાજા કેસરી પોતાની પ્રજાનું ખૂબજ સરસ ધ્યાન રાખતો અને એના પ્રજાની સુરક્ષા પણ કરતો.




② એક દિવસ બાજુના વન માંથી એક શિયાળ પોતાનાં મિત્ર ના ત્યાં સુંદરવનમાં મહેમાનગતિ કરવા આવ્યો.

તેણે જોયું કે જિરાફ અને ચિત્તા વચ્ચે ખૂબ પાક્કી મિત્રતા છે. તેઓ એકબીજા ને ત્યાં કોઈપણ ભય વગર મુક્ત રીતે જઈ શકે છે. તો વળી વાઘ હરણ અને સસલાં વચ્ચે એકદમ ગહેરી મિત્રતા હતી. જંગલમાં દરેક પ્રાણીઓ એકબીજાનું સમ્માન કરતાં હતા. જાહેર-સ્થળોએ નાનામાનાની ખિસકોલીથી



(3) લઈને હિપોપોટેમસ કે હાથી હોય કે જિરાફ દરેક માટે વાહનવ્યવહાર, હોટલ્સ, શોપ, વાંચનાલય અલગ અલગ સુવિધાઓ હતી. સાથે રમતા, ફરતા અને અહિંયાના પ્રેમ અને સતત સંપ જોઈને એને આશ્ચર્ય થયું. આશ્ચાર્યની સાથે-સાથે એના મનમાં દ્વેષની ભાવના ઉછાળા મારવા લાગી. એને આ પ્રાણીઓના આનંદ, આઝાદી અને મસ્તી જોઈને ઈર્ષ્યા થવા લાગી. થોડા દિવસમાં એની સંગતમાં એને ધીરે-ધીરે



(4) સુંદરવનની શાંતિ ભંગ કરવાનું ચાલુ કરી દીધું. આ બધી ગતિવિધિઓથી વાતાવરણમાં બદલાવ આવવા લાગ્યો.

શાકાહારી પ્રાણીઓ હવે માંસ ભક્ષી પ્રાણીઓથી દૂર રહેવા લાગ્યા. એમને જોઈને પોતાનો રસ્તો બદલવા લાગ્યા. જે અત્યાર સુધી મિત્રો હતાં તે હવે એકબીજાનું નામ લેવા પણ તૈયાર ન હતા પ્રેમ, મિત્રતા, આઝાદી વિખરાવા લાગી. એટલામાં પપ્પુ વાંદરા ને આનો આભાસ થવા લાગ્યો.




5 એને શિયાળ ને ખૂબ સમજાવાનો
પ્રયાસ કર્યો, પણ શિયાળ તો પોતાના
અભિમાનમાં જ રહ્યો.

વાંદરાએ નક્કી કર્યું કે તે શિયાળનો
પર્દાફાશ કરશે. તે માટે તેણે સ્ટીંગ
ઓપરેશન કર્યું. તેણે શિયાળના
પાક્કા મિત્ર બનવાનું નાટક કર્યું.
શિયાળની વાતો તેણે પોતાની ખાસ
રેકોર્ડિંગ બનાના પેનમાં રેકોર્ડ કરી.
જ્યારે જરૂરી પુરાવા મળી ગયા ત્યારે એ
પુરાવા તે કેસરી રાજા પાસે લઇ ગયો.



6 અને બધી વાત કરી. અને છેવટે
સુંદરવન ના રાજા ની હાજરીમાં એક
સભા બોલાવીને શિયાળ ની લુચ્ચાઇ
નો પર્દાફાશ કર્યો. સર્વે મિત્રો પશુ
વાનરની વાત સમજી ગયા. બીજાની
વાત મા આવીને દુઃખી થયા અને
ભાઇચારો અને પ્રેમ ની પોતાની
દુનિયામાં પાછા આવી ગયા.

સુંદરવન ના સર્વે પશુ-પક્ષીઓ
એ શિયાળ લુચ્ચું હતું તે છતા પણ
પ્રેમ થી વિદાય આપી અને પાછા ન



આવવાની ચેતવણી પણ આપી. તેના
ગામ એ રવાના કર્યો અને ફરી
પાછા આનંદ, ઉત્સાહ સાથે
સુંદરવન ના નામ ને સાર્થક
કર્યો. એટલે કોઈ દિવસ
બીજાની દોરવણીમાં આવી
વગર વિચારે કોઈપણ પગલું ભરવું
નહિ.

બોધ :- બીજાની ઈર્ષ્યા કરવી નહિ.
બીજાની ઈર્ષ્યા કરવાથી પોતાનું જ
ખરાબ થાય છે.



નામ :- વડેખણીયા નિલમબેન ગુણવંતભાઈ

ધોરણ :- 10th (દસ)

જન્મ તા :- ૧૬ ઓકટોમ્બર ૨૦૦૭

વિષય :- ગુજરાતી

વિષયાંગ :- "મૌલિક વાર્તા લેખન "



## હાર કી જીત

કિસાનનું એક પરિવાર હતું. તે પરિવાર સુખી હતું. તે ખેતી કામ કરતું અને બીજુ પણ કામ કરતું હતું. તે પરિવારમાં એક નાનો છોકરો હતો. તેનું નામ કિસન હતું. એક રીતે તે માછલીની આઝાદીને છીનવતો હતો. તેને માછલી પકડવાનો ખૂબ જ શોખ હતો. તે માછલી પકડવાની અલગ-અલગ રીતો ગોતીને પકડતો હતો. કિસનના લગ્ન મંજુ સાથે કર્યા હતા. તે સુંદર હતી. અને સ્વભાવે ભોળી અને નાજુક હતી તેને પૂજા કરવી ગમતી હતી તે ભગવાનને ચડાવવા માટે હાર બનાવતી હતી કિસન તેના માટે ફૂલો તોડી આપતો હતો. તે ખૂબ જ ખુશ રહેતા હતા . તેમાં મંજુબેનને ત્યાં દિકરાનો જન્મ થયો હતો. બધા ખુશ હતા. કિસનના પિતાને પણ ખેતરમાં નફો મળતો હતો, પરંતુ વરસાદ થોડા માહિનામાં ન પડવાથી ફસલ સારી થતી ન હતી એટલે બધા કિસાનના પરિવાર દુઃખમાં પડી ગયા.

વરસાદ જો ન થાય તો ખાવા-પીવા કશું ન મળે તેનો કોઈ ઉપાય તો શોધવો જોઈએ . હવે પીવા માટે પાણી પણ મળતું ન હતું. દૂર-દૂર બીજા ગામમાંથી પાણી ભરવા જવું પડતું હતું એટલે બધાએ ગામ મુકવાનું નક્કી કર્યું બધા જ દુઃખી થયા. આવું ચાલ્યા જ કર્યું એમાં થોડા દિવસ પછી કિસનના પિતાનું મૃત્યુ થયું કિસનને રડવું આવ્યું પણ કિસનને માછલી પકડતા આવડતું હોવાથી તે માછલી પકડવા જતો અને ઘરને ચલાવતો હતો. તે જોઈને ગામના કેટલાક લોકો માછલી પકડવા નદીમાં જતા હતા. અને માછલી વહેચીને ઘર ચલાવતા ને તેમના દિકરાની સ્કૂલની ફી ભરતા હતા.

ગામની થોડે દૂર એક નદી વહેતી હતી જે ખૂબ જ મોટી હતી તે નદીની પાસે જઈને માછલી પકડવા માછીમારો જતા હતા. તેમાં કિસનને નાનપણથી જ માછલી પકડવાનો શોખ હતો એટલે તે માછલી પકડવા તેની જાળમાં વધારે માછલીઓ પકડાતી હતી અને આ બધું જોઈને બીજા માછીમારોને જલન થતી હતી એટલે તેઓ તેની સાથે સારો વ્યવહાર ન કરતા અને એક દિવસ બધા માછીમારો માછલી પકડવા હોડી લઈને નદીમાં ગયા. પણ તે વખત નદીનો પ્રવાહ એવો હતો. અને પવન અને નદીના પ્રવાહથી માછીમારો હોડીથી નીચે પડી ગયા ને અલગ-અલગ બાજુએ જતા રહ્યા. તેમાં કિસનનું મૃત્યુ થયું હતું. આ સાંભળીને કિસનની પત્નીને આઘાત લાગ્યો અને કિસને તેના દિકરા માટે ભણાવવાના પૈસા ભેગા કર્યા હતા. તે પણ ખતમ થવા આવ્યા હતા એટલે તેની પત્નીએ વિચાર્યું કે હવે પૈસા ક્યાંથી લાવવા અને દિકરાની ફી કેમ ભરવી અને ઘરનું

ખર્ચ કેમ કાઢવું આ બધી વાત દિકરાએ સાંભળી લીધી તેને તેની માને કહ્યું કે "હું હવે કામ કરવા જઇશ અને ઘરમાં પૈસા લાવીશ."

મંજુને આ ન ગમ્યું અને તેને દિકરાને ના પાડી અને કહ્યું કે તારા પપ્પાને તને ભણાવવાનો વિચાર છે અને હું કામ કરીશ એમ કહ્યું , પરંતુ તમે શું કામ કરશો એમ વિચારીને મંજુનો દિકરો ચિંતીત થયો મંજુના પતિએ મંજુને માછલી પકડવાનું શીખડાવ્યું હતું એટલે એક દિવસ તે મંજુ દિકરાને લઇને નદીની પાસે ગઇ. જેથી માછલી પકડીને તે પૈસા કમાઇ શકે તે માછલી પકડવા તે હોડીમાં બેસીને માછલી પકડીને વહેંચતી હતી. અને પૈસા કમાવીને ઘરનું ખર્ચ કાઢતી હતી. આ જોઇને માછીમારે વિચાર્યું કે પહેલા તેનો પતિ અને પછી તેની પત્ની બંને માછલી પકડીને વહેંચીને પૈસા કમાવે છે. ત્યારે વિચારીને બીજો માછીમાર ત્યાં આવ્યો તેમાં એક માછીમારે પૂછ્યું "તમે અહીંયા કેમ આવો છો?" એમ કહી મંજુ બોલી કે અમે માછલી પકડવા આવ્યા છીએ. પણ માછીમારોએ કહ્યું કે કોઇ સ્ત્રી માછલી પકડવા હોડી લઇને ન જઇ શકતી એમ કહીને કિસનની પત્ની એ ના પાડી. તે દુઃખી થઇ પણ હાર ન માની.

મંજુના દિકરાએ ભણેલો હોવાથી તેને બધું જ આવડતું હતું એટલે તેને એક પાઇપ દ્વારા કંઇક ઉપાય લઇને તેનો થોડીક વસ્તુ નાખી તેનાથી માછલીઓ આપોઆપ પાઇપની બહાર માછલી આવી જતી અને માછલીઓ એક પાત્રમાં પડતી. અને રોજ મંજુ આવું કરીને નદીના કિનારે બેઠા-બેઠા જ માછલીઓ પકડતી હતી. બીજા માછીમારો જોઇને હેરાન થઇ ગયા અને મંજુના દિકરાએ કહ્યું હું તમને પણ આવું બનાવી દઇશ. પણ તેમાંથી એક માછીમાર બોલ્યો કે સ્ત્રીઓ માછલીનું શાક કે મછફટી બનાવી

શકે છે પણ માછલીઓને વહેંચી શકતી નથી આવું જ બોલતા બધા માછીમારોએ મંજુના દિકરાને શાબાશી આપતા કહ્યું શાબાશ! આવી તરકીબ શોધતો રહેજે. મંજુ અને તેમનો દિકરો ખુશ થયા અંતે બંનેની જીત થઈ.

**<u>સીખ :-</u>**

જે હિંમત રાખે છે તેને તેનું ફળ મળે છે અને ભગવાન તેની જ મદદ કરે છે.

પંડિત કાજલ એમ.

ધોરણ 8

દિનેશ કાંતિલાલ પ્રાથમિક શાળા,

છાત્રાલય,વિકાસ ગૃહ,પાલડી, અમદાવાદ

## શીર્ષક: ઓળખ

અમદાવાદ શહેરના એક સુખી વિસ્તારમાં એક સરસ મજાનો પરિવાર રહેતો હતો. તેમાં એક છોકરો રહેતો હતો. તેનું નામ સાહિલ હતું. તેના મમ્મી પપ્પા ઘણા જ ધનવાન હતા. નાનપણથી જ દીકરાને તેમણે બધી પ્રકારની આઝાદી આપી હતી. તેના ઉપર કોઈ જ પ્રકારની રોકટોક નહોતી. તેનાં માં -બાપ તેની બધી જ ઈચ્છાઓ પૂરી કરતા. આખા કુટુંબમાં સાહિલ જ એકનો એક દીકરો હતો. ધીરે ધીરે જેમ-જેમ દિવસો વીતતા જાય છે તેમ સાહિલ મોટો થતો જાય છે. માં- બાપનાં લાડને કારણે તે બગડતો જાય છે.ભણવામાં એનું બિલકુલ ધ્યાન નથી રહેતું.આખો દિવસ દોસ્તો સાથે રખડ્યા કરે છે. હવે તે જેમતેમ કરીને આઠમું ધોરણ પાસ કરી નવમા ધોરણમાં આવે છે.ભણવાનું અઘરું થતું હતું અને સાહિલ બિલકુલ ભણતો નહીં એટલે એ ફેલ થાય છે પણ એનાં પપ્પા લાગવગથી એને પાસ કરાવી દે છે.

ભાઈ સાહેબ દસમું ધોરણ પણ રખડી ખાય છે. પરીક્ષામાં એને કંઈ જ આવડતું નથી. બોર્ડની પરીક્ષામાં તો કોઈ લાગવગ ચાલતી નથી કે પૈસા આપીને પણ તે પાસ થઈ શકતો નથી. તે અંતે ભણવાનું છોડી દે છે અને ઘરે રહેવા લાગે છે. પરિવાર હજુ પણ સાહિલ તરફ ધ્યાન આપતો નથી, નાનો છે સુધરી જશે એમ વિચારી તેને બધી જ છૂટ આપે છે. તે તેના દોસ્તો સાથે રાત આખી બહાર ફર્યા કરે છે. આટલી નાની ઉંમરમાં દારૂ પીતો થઈ જાય છે. રોજ રાત્રે નશો કરીને ઘરે આવે છે. દિવસો વીતતા જાય છે તેમ સાહિલ વધુને વધુ જિદ્દી થતો જાય છે અને કોઈનું કહ્યું માનતો નથી. પરિવારની આંખ ઉઘડે છે અને તેને છૂટ આપવાની બંધ કરે છે. સાથે સાથે તેને પૈસા આપવાનું પણ બંધ કરે છે. સાહિલ દારૂનો બંધાણી થઈ ચૂક્યો હોય છે. તેથી તેને

દારૂ વગર ચાલતું નથી. દોસ્તો પણ તેની પાસે આવતા બંધ થવા લાગે છે કારણકે તેમને પણ સાહિલના મફત દારૂ અને પૈસામાં જ રસ હોય છે.

કેટલાક મિત્રો તેને ઘરમાંથી જ ચોરી કરવાનું શીખવે છે. અને તે ધીરે -ધીરે નાનીમોટી ચોરી કરવાનું શીખી જાય છે પણ તેનાથી પણ તેને સંતોષ થતો નથી. મિત્રોના કહેવાથી હવે તે મોટી દુકાનોમાંથી પણ ચોરી કરતા શીખી જાય છે. ચોરી કરવી તેની આદત બની જાય છે અને ધીરે ધીરે તે એક ક્રિમિનલ બની જાય છે. હવે તે અને તેના મિત્રો એક દિવસ બેંક લૂંટવાનો પ્લાન બનાવે છે અને જ્યારે બેંક લૂંટવા જાય છે ત્યારે તે પકડાઈ જાય છે. ઉંમરમાં કાચો હોવાથી પોલીસ તેની પૂછપરછ કરે છે. થોડા દિવસ રિમાન્ડ હોમમાં રાખ્યા પછી તેને છોડી દેવામાં આવે છે

સાહિલ ને પાછા ઘરે આવીને સહેજ પણ ગમતું નથી. પરિવાર તેને સુધારવા માટે હોસ્ટેલમાં મૂકવાનું નક્કી કરે છે અને તેના પપ્પા તેને હોસ્ટેલમાં મૂકી આવે છે. સાહિલને હોસ્ટેલમાં પણ ચેન પડતું નથી તે બીજા છોકરાઓ સાથે ઝઘડા કરે છે અને હોસ્ટેલના નિયમોનું પાલન કરતો નથી. હોસ્ટેલ તેને જેલ જેવી લાગે છે અને ક્યારે આ જેલમાંથી તે મુક્ત થઈ જાય તેના વિચારો સતત કર્યા કરે છે. એક દિવસ તે હોસ્ટેલમાંથી ભાગી જવાનું વિચારે છે અને તેના આ પ્લાનમાં બીજા બે ત્રણ છોકરાઓ પણ તેની સાથે જોડાય છે. સાહિલ હોસ્ટેલમાંથી એક રાત્રે ભાગી જાય છે. ભાગીને ક્યાં જવું તેના વિશે તે વિચારે છે. તેના મનમાં થાય છે કે જો તે ઘરે પાછો જશે તો મમ્મી-પપ્પા તેને પાછા હોસ્ટેલમાં મૂકી આવશે.આ વિચારે એ ઘરે જવાનું ટાળે છે.બે - ત્રણ દિવસ તે રોડ ઉપર જ રહે છે. પહેલીવાર જીવનમાં જમીન ઉપર ભૂખ્યા સુવાનો વારો આવે છે.એને એની મમ્મીનો હેતાળ હાથ જે એનાં મોઢામાં કોળિયો મૂકતો તે યાદ આવે છે. એનો સુઘડ અને દરેક સુવિધાઓવાળો રૂમ અને રેશમી રજાઈ યાદ આવે છે. પહેલીવાર સાહિલને રડું આવે છે. અને પોતાની ભૂલ સમજાય છે.

મમ્મી -પપ્પાને કેવી રીતે મોઢું બતાડે એ વિચારે સાહિલ બીજા શહેરમાં ચાલ્યો જાય છે. સવારે સ્કૂલ જાય અને સાંજે હોટેલમાં નોકરી કરે છે.એમ કરતાં તે દસમું અને બારમું ધોરણ ખૂબ સારા માર્ક્સ સાથે પાસ કરે છે. બીજી બાજુ એનાં માં - બાપ એને શોધવાનો ખૂબ પ્રયત્ન કરે છે પણ દીકરો સાહિલ ક્યાંય મળતો નથી. સાહિલ એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન લે છે અને

ખૂબ સારું ભણે છે. આખી કોલેજમાં પ્રથમ આવે છે. કોલેજ દ્વારા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે. સન્માન કરવામાં મહેમાન તરીકે સ્ટેજ ઉપર બીજું કોઈ નહિ પણ સાહિલનાં પપ્પા શેઠ ઉત્તમલાલ મહેતા જ આવેલા હોય છે. સાહિલને જોઈ એનાં પપ્પા ગદગદ થઈ જાય છે. તેઓ સ્ટેજ ઉપર જ રડી પડે છે. દીકરા આમ તો વળી કોઈ સંતાન માં - બાપને મૂકીને જતું હશે? તને કેટલું શોધ્યો...! તને અહીંયા જોઇને મને ખૂબ ગર્વ થાય છે.ચાલ બેટા ઘરે....તારી માં તો સાત વર્ષથી રોજ દરવાજે કાગડોળે તારી રાહ જોયા કરે છે. રોજ કહેતી મારો દીકરો એક દિવસ ચોક્કસ પાછો આવશે...! મારો ખોવાયેલો સાહિલ જાણે છીપનું મોતી બનીને આજે ઘરે આવશે.....! વેલકમ હોમ બેટા!

# મોબાઈલ નો શું વાંક?


નામ :- માહિર મિતેષ જયસ્વાલ

સરનામું :- બી-૩૦૪, શાલીન એટ્રિયમ,
કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર ગાર્ડન
નજીક, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫

ફોન નં. :- ૯૮૭૯૫૨૪૦૯૪

શાળાનું નામ :- ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન

ધોરણ :- ૯

ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન,
સુયોગ એપાર્ટમેન્ટની સામે,
કોપર સ્ટોનની પાછળ, થલતેજ-
શીલજ રોડ, થલતેજ-અમદાવાદ.

શાળાનો ફોન નં. :- ૦૭૯-૭૨૦૨૨૪૪૪

Topic.................... Date....................

એક ગામમાં એક યુવાન રહેતો હતો. તે કોઈ પણ બંધન થી બંધાવ
માગતો નહતો. તેને પોતાની આઝાદી ખૂબજ વહાલી હતી. તે હંમે
પોતાની મરજીના પ્રમાણે કરતો હતો.

## મોબાઈલનો શું વાંક?

સાંજના સમયે એક ૨૨ વર્ષનો યુવાન પોતાના ઘરે આવી સોફા પર પટકાયો. તેના હાવભાવથી તેની નિરાશા સ્પષ્ટ દેખાઈ રહી હતી. ફોર્મલ પ્રકારના તેના કપડા, શર્ટઈન નીકળી ગયા પછી સાવ લઘર - વઘર લાગતા હતા. હાથમાં રહેલી ફાઈલજ તેની આ દશા માટે દોષિત હોય તેમ તેણે તેને સોફા પર ફેંકી અને ઊંડો શ્વાસ લઈ જાણે લાંબા સમયથી શાંતિને શોધતો હોય તેમ બેસી ગયો. ત્યાં જ યુવાન તરફ એક પાણી ભરેલા ગ્લાસ સાથે હાથ લંબાયો અને તે યુવતી બોલી "ભાઈ પાણી".

પણ યુવાનને પાણી પીવા કરતાં પોતાની વ્યથા કહેવામાં વધુ રસ હોય તેમ તેણે બોલવાનું શરૂ કર્યુ. તે બોલ્યો દીદી, "આજે પણ મને નોકરી ન મળી. મારી તો કિસ્મત જ ખરાબ હોય તેમ લાગે છે." બહેને આગ્રહ કરતાં તેણે પાણી પી લીધું. પાણીએ ન માત્ર તેની તરસ છિપાવી પણ તેના અધીરા લાગતા શરીરને પણ શાંત કર્યુ. ક્ષણિક વિરામ બાદ તેણે ફરી બોલવાનું શરૂ કર્યુ, "મારી કારકિર્દી આ મોબાઈલ ફોનને કારણે બગાડી છે. જો મને ૯ માં ધોરણમાં મમ્મીએ મોબાઈલ ગિફ્ટ ન આપ્યો હોત, તો મારું ધ્યાન ભણવામાંથી ભટક્યું ન હોત. તેજ કારણે હું આ ઓનલાઈનને ગેમ્સના રવાડે ચડ્યો અને ગેમ્સ



કાલ્પનિક લેવલો પાર કરવામાં, મારાં અભ્યાસનું લેવલ પડતું ગયું. આજે મંડ ગ્રેજ્યુએટ થયેલા મારા જેવાને નોકરી કોણ આપે. આ મોબાઈલે તો મારું જીવન બગાડયું."

ભાઈને સાંત્વના આપવા તેના સૂર સાથે સૂર પુરાવી બહેન બોલી "સાચી વાત છે ભાઈ, મોબાઈલની તો અસર પડે જ છે". આ સાથે તેણે ઉમેર્યું, "ભાઈ, આપણે બન્ને ભેડીયા છીએ અને મને પણ ૯ માં ધોરણમાં તારી જ મમ્મીએ મોબાઈલ ફોન આપ્યો હતો, અને મને પણ મોબાઈલ ફોનનું વળગણ



હતું જ." પોતાના ભાઈના ભટકેલા વિચારોને યોગ્ય દિશામાં વાળવા માટે જગ્યા આપતી હોય તેમ બહેન આટલું બોલી અટકી ગઈ. એમ.બી.બી.એસ થયેલી બહેનની આ સીધી પણ ધારદાર વાતે ભાઈને વિચારવા મજબુર કર્યો.

ભાઈ બોલ્યો "સાચી વાત છે, હવે મને સમજાય છે કે મારી આ દશા મોબાઈલને કારણે નહીં, પણ મોબાઈલના દુરૂપયોગને કારણે થઈ છે." વાદળ અસતા

જેમ સૂર્ય સ્પષ્ટ દેખાવા લાગ્યો. ભાઈ બોલ્યો, "તે મોબાઈલનો ઉપયોગ ઓનલાઈન ભણવામાં, લેકચરોના વિડિયો જોઈ બારીકાઈથી શીખવામાં, મહાવરો કરવામાં, પ્રશ્નોત્તરી શોધવામાં અને સામાન્ય જ્ઞાન વધારવામાં કર્યો. માટે તું ભણવામાં સૌથી આગળ રહી અને ડોક્ટર થઈ. જ્યારે મોબાઈલમાં ગેમ્સ રમી રમીને હું રહી ગયો". પોતાની વાતનો સારાંશ કહેતા ભાઈ બોલ્યો, "હવે મને સમજાય છે કે વાંક મોબાઈલનો નહિ પણ ઉપયોગ કરવાની રીતનો છે.

પોતાના ભાઈને સ્પષ્ટ અને સાચી વાત કરતો જોઈ બહેન હસી પડી અને બોલી, "લે મેં આજે તારા માટે એક ઓનલાઈન સર્ટીફિકેટ કોર્સ શોધી રાખ્યો છે, જો તું આ કોર્સ કરીશ તો ચોક્કસ તને આઈ.ટી. કંપનીમાં નોકરી મળી જશે". ભાઈ હસીને બોલ્યો, "હા ભાઈ હા, હવે તો મોબાઈલનો સદઉપયોગ કરવો જ પડશે".

35

# એક હતું ટામેટું.....

એક હતું ટામેટુ. તે ફ્રીજ મા શાંતિથી રહેતુ હતું તેનું નામ ટીમ્બુ. તે બહુ ખુશ રહેતું. તે વર્ષ 2000 નું ચાલતું હતું. તે વખત માં બધાને ટામેટા બહુ ભાવતા. તે વખતે કોઈ ટામેટાને ખાઝાઈ નો વિચાર ના આવતો. બધા બાળક બધુજ ખઈ લેતા એટલે ટીમ્બુ બહુ ખુશ રહેતો. એક વાર સુતા-સુતા એને વિચાર આવ્યો કે જો એક દિવસ મને કોઈ ખાસે નહી તો? તે વિચારતો વિચારતો સુઈ ગયો.

રાતે સુતી વખતે તેને એક સપનું આવ્યું. તેને એવું સપનું આવ્યું કે સાલ 2020 પછી કોઈ શાક નઈ ખાય. ખાસે તો ઓછું ખાસે અને તેની ઉંઘ તરતજ ખુલી ગઈ. તે બી ગયો. દોડીને જઈને તેને આ વાત તેનાં ગુરુ ટામેશ્વર ને કહી, તો એ બોલ્યા -"યે તો અપશગુન હોતા! તુમે કુછ કરના હોગા. તે તુમ્હારા સપન હૈ. આ વાત શાંભળી ટીમ્બુ તો બી ગયો તેને પુછયું-"હવે હુ શુ કરુ ? ટામેશ્વર જી બોલ્યા" તુમકો જાના હોગા ઉસ સમય મેં ઓર સબ ઠીક કરના હોગા. ટીમ્બુ તૈયાર થઈ જાય છે. જતા પહેલા ટામેશ્વર જી ટીમ્બુને હીંમત આપતા કહે છે. તે કરે તેના પહેલા પ્રાથના કરજે અને પુરુષાર્થ થી કાર્ય કરજે તો સફળ થશે.

Name: Priyal Thakar - 8th

ટીમ્બુ તો તૈયાર થઈ ગયો જવા. તે સુઈ ગયો અને જ્યારે તેને આંખ ખોલી તો એ એક કચરાની ટોલીમાં હતો. તેના હોશ તો ફરરરર--- કરતાં ઉડી ગયા. તેને તેનું નાક બંધ કર્યું. એટલામાં એક હાથ આવ્યો અને એને ઉપાડ્યો.

તેને જોઈ એ ટામેટું વિચારમાં પડી ગયો કારણ કે તે આજાબ રડતો તો. અને પુછ્યું-"તમે કોણ છો? કેમ રડો છો? તેને જવાબ આપ્યો-"હુ શાક વેચવા વાળો છું. મારું ના શંભુ છે. અને મારો વ્યાપાર ચાલતો જ નથી. બધાં ફાસ્ટ ફુડ જ ખાય છે. તો ટામેટું કહે એટલે તો હુ આવ્યો છું. મારા ગુરુ કહે છે કે જે કરી એમા પુરો પુરુષાર્થ રાખવો અને ભગવાનમાં વિશ્વાસ રાખો તો પુરી થશે.

અચાનક ટીમ્બુ પ્રાર્થના કરે છે અને એને એક વિચાર આવે છે ને કહે છે કે તમે એક નવી રેસીપી બનાવી જે ખાલી શાકની હોય અને ફાસ્ટફૂડ કરતા પણ સારી હોય. તો એ આ વાત સાંભળી ઉત્સાહ મા આવી જાય છે અને ૨ દિવસ પ્રાર્થના અને પુરુષાર્થ કરી એક સારી ડીશ બનાવે છે અને જે બહુ ફેમસ થાય છે. તે શંભુ ટીમ્બુ ને શત શત વંદન કરે છે. શંભુ પછી તે પછી કદીય ટામેટા ને ભુલતો નથી.


આ ટામેટું પાછુ આવી જાય જે અને સૌને ખુશ ખબરી આપે છે. અને બધા બઉખુશ થઈ જાય છે. તો બાળકો પણ શાક ખાઈશું તો તાકાત આવશે એવું તે સૌને સમજાવે છે. આ ફાસ્ટફૂડ કઈ ખાવાની વસ્તુ છે? કોક વાર ચાલે પણ રોજ નઈ.


જો આ આટલું ટામેટું પણ એના બળે બધાને શાક ખાતી કરે દે છે તો આપણે કેમ નહીં. ઓરટલેજ....

પ્રાર્થના + પુરુષાર્થ = સફળતા

# કૃત્રિમ

# મનુષ્ય





પ્રસ્તાવના - આવનારી સદીઓમાં, 3053 વર્ષ પછીના વર્ષો એવા હશે જ્યારે માણસો માટે કરવા માટે કોઈ કામ જ નહીં રહે. બધા જ કાર્યો ઈલેક્ટ્રિક મશીનના ઉપયોગથી થવા લાગશે. ચાલો, આપણે આજે વર્ષ 3067 માં જઈને જોઈએ કે ત્યારે આપણી દુનિયા કેવી હશે.

# ક્વેચ-આ

આ વાત વર્ષ 3067ની છે. શહેરના છેડે, કચરાના ઢગલા પાસે, એક નાની ઝૂંપડીમાં ક્વેચ-આ કરીને રોબોટ રહેતી હતી. તે બીજા શહરી રોબોટ કરતા વધુ હોશિયાર હતી. એક વખત બધા રોબોટે પ્લાન બનાવ્યો કે એ બધા પૃથ્વી ઉપર બધા ઝાડ કાપીને, કૃત્રિમ બુદ્ધિ પ્રયોગ કરી, આખી દુનિયા બદલી દેશે. ઝાડની જગ્યાઓ ઓક્સિજન પ્લાંટ, સમુદ્રની જગ્યાએ વોટર ટેંક અને વાતાવરણની જગ્યાએ ઓક્સિજન માસ્ક. બધા રોબોટ વિચાર્યું કે જો તેઓ પૃથ્વી બદલશે, તો તેઓ આઝાદ થઈ જશે, અને તેમને જે માણસો કહે એ નહીં કરવું પડે. તેઓએ મિટીંગમાં વિચાર્યું કે જો પૃથ્વી બદલવાની થશે તો તેઓએ માણસોને પૃથ્વી પરથી ખસેડવા પડશે. પ્લાન મુજબ બધા જ માણસોને પૃથ્વીથી બહાર અંતરીક્ષમાં

પડયાં. બધા લોકોને ભવ્ય અંતરીક્ષયાનમાં રાખવામાં આવ્યાં. ત્યાં તેમને બધી સુવિધાઓ પ્રદાન કરવામાં આવી. તેઓને એક એવી ચેર ઉપર બેસાડવામાં આવ્યા જ્યાં તેમને કોઈ કામ જાતે ના કરવું પડે. એ લોકોનું કામ રોબોટીક ચેર જ કરે. રોબોટીક ચેરને પગ હોવાથી; માણસોને ચાલવું ના પડે, ચેરને હાથ હોવાથી; લોકોને જાતે જમવું ના પડે; જાતે કામ કરવું પડે. લોકોને ઊંઘ આવે ત્યારે આ ચેર એમના માટે બેડ પણ બની જાય. આ ચેરે બધાને એટલી સુવિધાઓ પ્રદાન કરી, જેનાથી બધા માણસો આળસું થઈ ગયા. આળસના લીધે, એ એટલા સ્થૂળ બનતાં ગયા કે તે સ્થૂળતાંનો શિકાર બની ગયા.


ક્વેચ-આને આ વાતની ખબર ના પડે એટલે તેને ધરતી ઉપર રાખવામાં આવી. તેને કહેવામાં આવ્યું કે, "ક્વેચ-આ, તું બહું હોશિયાર અને મહેનતું છો. એટલે તને આ જવાબદારી વાળુ કામ સોંપવામાં આવે છે. તો તારી જવાબદારી એ છે કે, ધરતી ઉપર જેટલુ, જે રીતે કામ થાય છે, એની સંભાળ લઈશ, અને અમને એના વિશે જણાવીશ."
ક્વેચ-આને આ કામ બહુ ગમયું. તેને પોતાના ઉપર ગર્વ હતો. પણ ખબર નહોંતી કે બધા રોબોટે તેને ધરતી ઉપર કેમ રાખી હતી. જો તેને ખબર પડત, કે રોબોટને આઝાદી મળે એટલે તેઓ માણસોને રોબોટ ચેર ઉપર બેસાડીને આળસુ બનાવે છે, તો ક્વેચ-આ તેમનો સાથ ના આપતી અને માણસોને જાગરૂત કરતી.


જ્યારે ક્વેચ-આ કામની દેખરેખ કરતી હતી ત્યારે તેનો મિત્ર તેને મળ્યો, જેનું નામ સ્ફટિક હતું. સ્ફટિક હાલ અંતરીક્ષયાન માંથી, ધરતી ઉપરની સ્થિતિ જોવા આવ્યો હતો. ક્વેચ-આ એ તેની જોડે થોડી વાર વાત કરી ત્યાં તો એને અંતરીક્ષયાનમાં પાછા જવાનો સમય આવી ગયો.

કવચ-આને વાતો કરતાં-કરતાં ખબર જ ના પડી કે તે અંતરીક્ષયાનની અંદર આવી ગઈ.

ત્યાંનું દ્રશ્ય જોઈ કવચ-આ ચોંકી ગઈ. તેને કોઈ માણસ ચાલતું કે કામ કરતું નહતું દેખાતું. કોઈ માણસ ચાલતું દેખાતું નહોતું. તેને આના વિશે તપાસ કરવાનું વિચાર્યું. જ્યારે તે લેબોરેટરીની પાસેથી નીકળી, ત્યારે એને જોયું, કે લેબોરેટરીની અંદર ચર્ચા ચાલે છે. તેને કાન લગાવીને સાંભળવાનો પ્રયત્ન કર્યો. એને સાંભળ્યું કે," માણસોની ચેર કંટ્રોલ રૂમથી કનેક્ટેડ છે. આપણા બધા સિવાય કોઈ કંટ્રોલ રૂમમાં નહીં જાય. એક વખત આ માણસો આપણા ઉપર નિર્ભર થઈ જાય, પછી આપણે ગુલામી સહન કરવી પડશે નહીં. આ માણસોએ આપણને ગુલામ બનાવી શક્યા હતા. હવે આ લોકોને એવો સબક શીખવાડીશું કે આ લોકો શું, એમની પેઢીઓ પણ રાબોટને ગુલામ નહીં કરે.

આ સાંભળીને કવચ-આ ચોંકી ઉઠી. તેને માણસો ઉપર દયા આવી. તે તરત પોતાની મિત્ર, સ્પટનિકને શોધવા લાગી. તેને સ્પટનિકને શોધવામાં આખું અંતરીક્ષયાન ફરી લીધું. હવે તેને ચિંતા થતી હતી. છેવટે, તેને સ્પટનિક ફૂડ કોર્ટમાં મળ્યો. તે દોડીને તેની પાસી ગઈ અને





બધુ જ કહી દીધું. સ્પટનીકે ક્વેચ-આનો સાથ આપવાનો વાયદો ક બંને એ તપાસ કરવાની કોશિશ કરી. તે લોકોને ખબર પડી કે બે દિવસ પછી લેબોરેટરીમાં ચર્ચા છે, જેમાં સ્પટનિકને હાજર રહેવાનું હતું. બંને આ વાત સાંભળીને અત્યંત ખુશ થયા.

નોટિસ બોર્ડ ઉપર નોટિસ લાગી હતી કે આ મિટિંગ રાતના 3 વાગે થશે. ત્યાં સુધી બધા રોબોટ અને બધા જ લોકો ઊંઘી જશે. રાતના ૨ વાગ્યા હતા. ક્વેચ-આ અને સ્પટનિકે નક્કી કર્યું કે ક્વેચ-આ કાન લગાવીને વાતો સાંભળશે. ત્રણ વાગવામાં દસ મિનિટની વાર હતી. બધા જ રોબોટ મેનેજર, રોબોટ હેડ, ચર્ચાના વિભાગ એટલે કે લેબોરેટરીમાં ભેગા થયા. સિક્યોરિટીનું ધ્યાન ના જતા, ક્વેચ-આ કાન લગાવીને સાંભળવા લાગી. મિટિંગમાં જાહેર કરવામાં આવ્યુ કે કંટ્રોલ રૂમની સિક્યોરિટીનું ધ્યાન રાખવું એ સ્પટનિકની જવાબદારી હશે. આ વાત સાંભળી ક્વેચ-આ ખુશીથી ઉછળવા લાગી.

એ જ રાતે, જ્યારે બધા પોતપોતાના રૂમમાં વિશ્રામ કરવા ગ ત્યારે ક્વેચ-આ અને સ્પટનિકે મોકાનો ફાયદો લઈ, કંટ્રોલ રૂમમાં ઘુસી ગયા. તે બંને એ, અંદર જઈ, બધું ઉથલ-પાથલ કરી નાખ્યું. રોબોટિક ચેર કામ કરતી બંધ થઈ ગઈ. ચેર બંધ થતા, લોકો ચેર ઉપરથી ઉતરી ગયા. 15 વર્ષથી ચાલ્યા ના હોવાથી, બધા ચાલવાનું ભૂલી ગય હતા. આખા અંતરીક્ષયાનમાં એલર્ટ બેલ વાગવા લાગી. બધા રોબોટ ભાગી ગયા. તે બધા પોતાની ગન લઈ નીકળી ગયા. બધા રોબોટ, સ્પટનિક અને ક્વેચ-આને મારવાનો પ્રયાસ કરવા લાગ્યા. એ રોબો સ્પટનિકને પાછળથી મારવા જતો હતો. ક્વેચ-આ વચ્ચે આવી, એ બધા રોબોટે બુલેટ મારી, ક્વેચ-આ એ સ્પટનિકને બચાવાની પૂરી કોશિશ કરી, સ્પટનિક તો બચી ગયો, પણ ક્વેચ-આ ના રહી

બીજા દિવસે, સ્પાર્કીને, કંટ્રોલ રૂમ માંથી, બધા રોબોટને કંટ્રોલ કરવાનો મળ્યો. એ કોડથી બધા રોબોટના કમાન્ડ બદલીને, બરાબર થી સારા શકાય. તેને બધા રોબોટને સારા બનાવ્યા, અને બધા રોબોટે ભેગા મળીને [illegible]ઓની સ્ફૂર્તતાથી બચાવ્યા.

———— x ————

Details

Name - Jui THAKRAR
Std & Class - 8A
School - zebar school for children
Mobil no. - 7874654639.

# સાચો સાથીદાર

'અહીં ગામમાં એકલા રહીને શરીરની કેવી હાલત કરી નાખી છે બાપુ? કાલનો જાણ્યો છું ને જોઈ રહ્યો છું કે, જરા વાર માટે પણ તમારી ઉધરસ અટકતી નથી. નહીં સરખો ખોરાક લેવાનો કે નહીં સરખી દવા. સારું ક્યાંથી થાય?' રોહને તેના પિતા સિધાર્થને કહ્યું.

'બેટા, ઉંમર થાય એટલે નાનું-મોટું તો ચાલ્યા કરે. બાકી, હું તાજો-માજો છું. હજુ આજે પણ સવારે કસરત કરું છું અને સાંજે પચ્યે નદીકિનારે ફરવા જાઉં છું.'

'તમે ભલે ગમે તે કહો પણ આ વખતે હું તમને મારી સાથે લઈ જ જવાનો છું. શહેરમાં મોટા ડૉક્ટરને બતાવીએ. બધા ટેસ્ટ કરાવીએ એટલે શું તકલીફ છે એનું નિદાન થઈ જાય. વળી તમારી વહુના હાથની ગરમા-ગરમ રોટલી ખાશો એટલે તબિયત ટનાટન થઈ જશે, જોજોને!'

દિકરાનો ઉત્સાહ અને પ્રેમ જોઈને સિધાર્થે વધુ આનાકાની ન કરી. આમેય એમને શું મોટી તૈયારી તૈયારી કરવાની હતી? આ બે, ચોરણાની અને બે ઝભ્ભા એક થેલીમાં નાખ્યા ન દવાનો ડબ્બો મૂક્યો એટલે તૈયાર. સિધાર્થને શહેરમાં આવ્યાને લગભગ અઠવાડિયું થવા આવ્યું હતું. દિકરાના નવા બંગલામાં તેઓ પહેલી વખત જ આવ્યા હતા. સરસ મજાનો બેઠા ઘાટનો બંગલો. ચાર બેડરૂમ, વિશાળ દિવાનખંડ, મોટું બધું રસોડું, નોકરો માટેની અલગ ઓરડી - આ બધું તો હતું જ. પણ એમને સૌથી વધારે ગમી ગયું ખુલ્લું મજાનું આંગણું અને આંગણાની વચ્ચોવચ્ચ ફાલેલો લીમડો.

'હવે દીકરા, મને તો આ લીમડાનો છાંયો બહુ ગમે છે. મારે માટે અહીં એક ખાટલો ઢાળી આપવાની નોકરોને કહી દેજે બેટા!' રોહીની જરા અચકાઈ ગઈ.

'અહીં? બાપુ, ઘરમાં આટલે બધી જગ્યા છે એ છોડીને અહીં સૂશો-બેસશો? કોઈ જુએ તોયે કેવું લાગે?'

'એમા લાગવાનું શું વળી? આપણા ઘરમાં આપણને મોજ પડે ત્યાં સૂઈએ કે બેસીએ એમાં કોઈને શું વાંધો હોય? ને બેટા, તું જોજે તો ખરી, મને અહીં બેઠેલો જોઈને અડોશી-પડોશી પણ ગપ્પાં મારવા આવી પહોંચશે.' રોહીની ને સસરાની વાત બહુ રુચિ તો નહીં પણ તોયે એણે લીમડો નીચે એક ખાટલો મૂકાવી આપ્યો. સિધાર્થને તો મજા પડી ગઈ. સવારે ઊઠતાંની સાથે ખાટલા પર બેઠક જમાવી દે પછી ચા પણ ત્યાં જ પીવાની ને બપોરે લસ્સી પણ ત્યાંજ ગટગટાવવાની.

આજે વળી રોહનનો લંગોટિયો યાર અભિશેક આવી પહોંચ્યો. આવતાની સાથે 'નમસ્તે ચાચાજી' કરતો પગે લાગ્યો.

"ચાચાજી, હવે આવ્યા છો તો ગામ જવાની ઉતાવળ ન કરશો. ને જુઓ, તમારે તો જલસા જ છે ને? આ ભીડભાડવાળા શહેરમાં ય કેવા નિરાંતે ખાટલો ઢાળીને બેઠા છો!"

'તો પણ બેટા, ગમે તે કહો પણ શહેર એ શહેર ને ગામ એ ગામ. શહેરમાં ચારેકોર ખડકાયેલા ઉકરડાની બદબૂમાંથી ગામની તાજી હવાની ખુશબુ થોડી જ આવે? પણ તું ઊભો છે કેમ? આવ, બેસ અહીં મારી પાસે.'

'ચાચાજી, મારે રોહનનું ખાસ કામ છે. પહેલા એને મળી લઉં, પછી તમારી સાથે વાતોના તડાકા મારું.'

અભિશેક રોહનને કહ્યું: 'આ તે બહુ સારું કર્યું, ચાચાજીને અહીં

લઈ આવ્યો તે. ઘરડાં માવતરને આપણે ન જોઈએ તો બીજું કોણ જોવાનું ?'

'યાર, તારી વાત તો સોળ આના સાચી. હું એમ વિચારીને જ બાપુને અહીં લઈ આવ્યો કે, એમને ગામમાં જે નથી મળતી એ બધી સગવડ આપું. ઘરમાં દરેક રૂમમાં એ.સી., ટી.વી., બધી સગવડ છે પણ એ છે કે, સવારમાં ઊઠીને બહાર ખાટલા પર જ બેસી જાય છે.

'તારી વાત તો બરોબર છે. કોઈ એમ જ વિચારોને કે, ડોસો વધારાનો લાગતો હશે તે ઘરની બહાર તગેડી મૂકે છે.'

'કદાચ તારાથી માનતા હોય તો જતા જતા જરા સમજાવતો જજે.' રોહને કહ્યું.

અભિષેક બહાર આવીને ચાચાજી પાસે ખાટલા પર બેઠો. થોડી આડી-અવળી વાતો કર્યા પછી એ મૂળ વાત પર આવ્યો.

'ચાચાજી, બપોરની ગરમીમાં પણ સૂઈ રહો એના કરતાં સરસ મજાની એ.સીની ઠંડકમાં સૂતા હો તો !'

'બેટા ક્યાં આ લીમડાની ડાળીઓમાંથી ચળાઈને આવતો ઠંડો મજાનો પવન અને ક્યાં એ.સી.ની કૃત્રિમ ઠંડક ! કુદરત આપણને જે આપે એ આ યંત્રો થોડાં જ આપવાના?

'હા, એ વાત તો સાચી પણ....'

'બે બેટા જ્યારે આ કોરોના જેવી મહામારી વાળો સમય છે તો આપણે કહી શકાય કે કળિયુગ ત્યારે આ લીમડાના ઝાડ ની અમૂલ્ય ભેટ એટલે કે ઓક્સિજન મેળવવો અત્યારે ઘણુ સરળ છે પરંતુ, આને જ પામવા આપણે મરતા હતા. ઓક્સિજનના બાટલા માટે લોકો લાખો કરોડો પૈસા ખરચી દેતા હતા જે અત્યારે આપણને મફત મળે છે. તુ જ કહે હવે આ અમૂલ્ય ધન મફતમા મળે તો આપણે શુ કામ એને છોડીને એ.સી ની કૃત્રિમ હવા અનુભવવી અરે આપણે તો નસીબદાર છીએ કે આપણે આટલુ અમૂલ્ય ધન પામી શ

'હા, બરાબર છે પણ જ્યારે હવે સરળતા થી મળે છે તો ચિંતા કરો છો કેમ?'

'હવે તારુ પણ ને બણ છોડ ને હુ કહુ એ સાંભળ્યા. બાર બેઠો હાઉ ત આવતા જતા ઓળખીતા પાડોશીતા બે ઘડી ઉભા રહે. થોડી મારી વાત સા ળે, કંઈક પોતાની વાત સંભળાવે. બાકી ઘરમા શુ હોય? દીવાલો જ દીવા

'કેમ ઘરમા ટી.વી નથી? એ જુઓ તો ટાઈમ પાસ થાય અને દુ મા શુ ચાલી રહ્યુ છે એ ખબર પણ પડે'. અભિશેક ને થયું આવ્યો જ તો મિત્ર હોવાની ફરજ પણ નિભાવતો જાઉ.' કરી

ચાચીજી નો હાથ પકડીને ફરીથી આગ્રહ કર્યુ, "ચાચાજી કાલથ કલાક બે કલાક જેટલું ગમે તેટલું ટી.વી. જોવાનુ શરૂ કરો. તમને ગમશે


સિધાર્થે કહ્યા કહ્યુ, "ના રે ભાઈ, મારે કઈ ટીવી બીવી જોવુ નથ ને બેટા, સામે જુઓ તો એ પણ દીવાલ છે ને,"

"ટી.વી ને વળી દીવાલ કેમ કહેવાય ચાચીજી? મને કહી સમજ

"જો કે સમજાવું, દીવાલ સાથે આપણે દિલની વાત કરી શકીએ છીએ? એને આપણી પીડા, દુઃખ, દર્દ કશું બતાવી શકીએ છીએ? નહી ને? એવી જ રીતે આ ટી.વી. સાથે પણ આપણે આપણા સુખ-દુખ વહેંચી શકતા નથી. એ આપણી લાગણી સમજી નથી શકતું. હા, એવો ભાસ જરૂર થાય છે કે, એ આપણુ એકલવાયા પણું દૂર કરે છે. પણ હકીકતમાં એના હોવા છતા ભીતરથી માણસ એકલો ને એકલો જ રહે છે. બરાબર ને બેટા?" સિધ્ધાર્થે હસીને લીમડા તરફ જોયું અને અભીશેક ને કહ્યું, "માણસોને સારો સાથી તો છે - આ કુદરત"



பெண்கள்
வீட்டின்
கண்கள்
தேவி துணை






பெண்கள்
விட்டின்
கண்கள்
தேவி துணை





# ચા વગરની દુનિયા

"યાદોના પટારાને ચાલ ફરી એક વાર જીવીએ. વર્ષોથી સંભાળેલી લાગણીઓના ભારને જરાક બાજુમાં તો મૂકીએ. માન્યું કે જીવનમાં સાથિઓની કમી છે, પણ જયારે તું અને હું હોઇએ, ત્યારે મને બીજુ તો કોણ જોઇએ? "અહિયાં, હું એટલે કે આ વાર્તા લખનારી અને તું એટલે કે મારી પરોઢિયે લેવાતી સરરરર....કરતી પેહલી ચાની ચૂસકી. ઘણા લોકો માટે ચા એટલે સુસ્તીથી આઝાદી!!. ચા એટલે દિવસનો પહેલો ફૂટેલો શબ્દ. ચા એટલે મારી શાન મારી પેહચાન!!

અમદાવાદ મેગા સીટીમાં રવિ નામનો એક મધ્યમ વર્ગીય છોકરો રહેતો હતો. સવારના ૮ થી રાતના ૯ ની ભાગદોડ વાળી જીંદગીમાં રવિની સવાર કડક મસાલેદાર ચાથી શરુ થાય અને રાત ચાની રકાબી ટેબલ પર મૂકતા પૂરી થાય. "અરે પ્રીતિ, સવારે સૂરજદાદાના દર્શન પણ કરી લીધા હવે તો ચા મૂકા!" રવિએ તેની પત્ની પ્રીતિને બૂમ પાડી. પ્રીતિ ચા લઇને રવિ પાસે આવે છે. "રવિ તું મને એમ કે, તને સવારે ચા ના મળે તો તું શું કરીશ?". " પ્રીતિ આવી વાતો ના કર. ચા વગર મારો દિવસ કેમનો ચાલશે?" રવિએ પ્રીતિની વાત અડધી કાપતા કીધું.

રવિ તો ચા પીને મસ્ત તૈયાર થઇને નોકરી પર નીકળી પડ્યો. બપોરની લાય જેવી લૂમાં બધા મિત્રો ઓફીસની સામે વાળી ગલીમાં ચા પીવા ગયા. થોડી વાર મસ્તી-મજાક કરીને તેઓ કામ પર પાછા ફર્યા. આ રવિની દિનચર્યા હતી.

મિત્રો ! વાર્તામાં આગળ દુનિયા પલટાવાની છે, તમે ગૂંચવાઇ ના જતા હો!

આગલા દિવસે મોડે સુધી કામ કર્યા પછી બીજા દિવસે સવારે રવિની આંખ ખુલી અને જયારે એની નજર ઘડિયાળ પર પડી ત્યારે તેને થયું કે ઓફિસ જવા માટે ખૂબ મોડું થઇ ગયું છે એટલે તે ફટાફટ તૈયાર થઇ અને ઓફીસ માટે નીકળી ગયો. રસ્તામાં તેને એકાએક યાદ આવ્યું કે આજે તેણે ચાજ પીધી નથી. તેણે વિચાર્યું કે ઓફીસ પાસે ના ટી પોસ્ટ પર એ ચા પી લેશે પણ જયારે તે ઓફીસ પાસે પહોચ્યો તો એણે આ શું જોયું? ત્યાં તો ટી પોસ્ટની જગ્યાએ રિષભ જ્યુસ સેન્ટર હતું. તેને કૂતુહલ થયું ને તે જ્યુસ સેન્ટરમાં પૂછવા ગયો. ત્યાં જઇ એણે પૂછ્યું કે ભાઇ અહીં તો ટી પોસ્ટની દુકાન હતીને! દુકાનમાં કામકરતા કાળુભાઇ કહેવા લાગ્યા હેં ચ્યુ ટી પોસ્ટ? રવિને લાગ્યું કે આ ભાઇ ગામડાના લાગે છે એટલે એણે તેમની ભાષામાં પૂછવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું આતો સા પીવાની દુકાન હતીને? કાળુભાઇએ કહ્યું સા એ વળી શું હોય?

રવિ તો ગુસ્સેથી ત્યાંથી ચાલી નીકળ્યો અને ઓફીસ પહોંચી ગયો. ઓફિસે જઇને એણે સર્વ પ્રથમ કામ એના બધા જ મિત્રો ને અલગ અલગ હાવ ભાવ થી ચા શું છે એ દર્શાવવાનો પ્રયત્ન કર્યો પણ બધા એ રવિને ગાંડો ગણ્યો. ત્રણ કલાક પછી બપોર થઇ. રવિ બધા મિત્રોને લઇને ચાની કીટલી પર ગયો જ્યાં રોજે તેઓ ચા ની ચૂસકી લેતા હતા. એણે લાગ્યું હવે બધાની અકલ ઠેકાણે આવશે. પણ આગળ જે થયું એ સાંભળીને તો તમે બધા પેટ પકડીને હસવા લાગશો.

દસ મિનીટ રાહ જોયા પછી ચાની જગ્યાએ કીટલીવાળાએ બધાને કપ રકાબીમાં ખસ શરબત આપ્યું. રવિને સર્વ પ્રથમ લાગ્યું કે દુકાનદારે 'ગ્રીન ટી' વેચવી ચાલુ કરી હશે એટલે એણે ફૂંક મારીને પહેલો ઘૂંટડો લીધો. "એ! આ શું છે! મારી ચા નથી આ. મિત્રો તમે બધા કેમ આ ખસ શરબતમાં બિસ્કીટ ડૂબાડીને ખાવો છો? તમે બધા અલગ ગ્રહથી આવ્યા હોય તેવા પ્રતીત થાઓ છો." રવિનો ગુસ્સો વધ્યો. રવિએ મનમાં વિચાર્યું કે આજે તો કંઇ પણ કરીને ચા ના પુરાવાઓ શોધવા જ પડશે.

લૂ વરસતા વાતાવરણમાં એક ચા પ્રેમી ચા માટે તરસતો હતો. એટલામાં એની નજર એક બગીચામાં આવેલા માણસ પર પડી જે નારિયેળના ઝાડ પર ચડતો હતો. રવિએ જેવો એના બગીચાનો ઝાંપો ખોલ્યો એક જાણીતી સુગંધ એના મનને સંતુષ્ટ કરી ગઇ. અરે! આ શું આ તો ચાની સુગંધ છે. એણે તરત જ પેલા માણસને ઝાડ પર થી ઉતરવા માટે કીધું. "ઓ ભાઇ! તારા ઘરમાંથી આ સુગંધ કેવી?". "સાહેબ! તમે શું કહો છો મને કાંઇ જ ખબર પડતી નથી." રવિ માણસને ધક્કો મારીને તેના ઘરમાં ઘૂસ્યો. એક કલાકની શોધ પછી અંતે રવિએ હાર માની. એને લાગ્યું કે એના મગજમાં ચાનું ભૂત સવાર હોવાથી, એને ચાની સુગંધ આવી.

હતાશ થઇને રવિ પાછો ઘર તરફ જતો હતો. તેટલામાં રવિ ફૂટપાથ પર બેભાન થઇને ઢળી પડ્યો. રવિની જયારે આંખો ખૂલી તો તે એક માયાવી દુનિયામાં હતો. એક એવી દુનિયા જ્યાં માણસોના નામ કોફી, મિલ્કશેક, શરબત અને રસના હતું. તેઓ ખૂબ વિચિત્ર દેખાતા હતા. કોફી સાવ કાળા રંગની હતી. તેણે લીલી સાડી ઓઢી હતી. મિલ્કશેક નામનો એક નાનો છોકરો હતો જે દૂધ જેવો ગોરો હતો. તેના ગાલ પર સ્ટ્રોબેરી, ચોકલેટ, કેરીના ચિત્રો દોરેલા હતા. મિલ્કશેકની મમ્મીનું નામ રસના હતું. તેમના વાળ અને આંખો કેસરી રંગના હતા. એક યુવા દંપતી હતું જે સાથે ખૂબજ સુઘડ લાગતું. છોકરી લાલ રંગની હતી અને તેનું નામ રૂહઅફ્ઝા હતું અને છોકરો લીલો રંગનો હતો જે ખસ શરબત જેવો દેખાતો હતો.

રવિને બધા ગુસ્સાભરી નજરે જોતા હતા. રવિએ ધીમેથી પૂછ્યું, "હું અહિયાં કેવી રીતે આવ્યો? તમે સૌ કયા ગ્રહથી આવ્યા છો?" મિલ્કશેકે કીધું, "અમે ડ્રીંકલેન્ડના નિવાસી છીએ. તમારી પૃથ્વી પર સૌ કોઇ અમને પસંદ કરે છે. પણ...". "પણ શું?" રવિએ અધીરા થઇને પૂછ્યું. દંપતીએ જવાબ આપ્યો, "અંકલ, તમારાં જેવા ચા પ્રેમીના કારણે બધા અમને ભૂલી ગયા છે. તમને ખબર છે, એક જમાનામાં અમે સૌના પ્રિય હતા. ભારત દેશમાં અમે ડ્રીન્કસના રાજા રાણી તરીકે ઓળખાતા. પણ હવે તો દરેક ઘરમાં સવાર સાંજ બધા ચા જ પીવે છે." કોફી બેન બધાથી વૃધ્ધ હતી. તેઓએ કીધું, "તેથી અમે સૌએ દુનિયામાંથી હંમેશાં માટે ચા સમાપ્ત કરી દીધી. મેં બધાના મગજમાંથી ચાની બધી યાદ મિટાવી દીધી. પણ તારા મગજમાં ચા માટે જરૂર કરતાં વધારે પ્રેમ હતો તેથી તેને હું મટાડી ના શકી."


"હમમમ....તો આ વાત છે. હવે મારે જ કંઇ કરવું પડશે." રવિએ મનમાં વિચાર્યું. આવી પરિસ્થિતિમાં લોકો કળથી કામ લેવાના બદલે બળથી કામ લે છે. પણ રવિએ કળથી કામ લીધું અને એની ચતુરાઇનું ઉદાહરણ આપ્યું. રવિ બધાંને એક શાંત જગ્યાએ લઇ ગયો. પછી બધાની ક્ષમા માંગી. આથી બધાનો ગુસ્સો થોડો શાંત થયો. રવિ સર્વપ્રથમ કોફી બેન પાસે ગયો. એણે કીધું, "અરે મારા કોફી બેન! તમે ભારતીયોને સમજ્યા જ નહીં. તમે દક્ષિણ ભારતની સેર કરી છે? ત્યાં તો માણસોને કૉફી સિવાય કંઇ જ નથી ચાલતું. ત્યાંની ફિલ્ટર કૉફી આખા વિશ્વમાં વખણાય છે. પૂર્વમાં કૉફીના લીલાછમ બગીચા છે. કૉફીને હજી કોઇ નથી ભૂલ્યું." પછી રવિએ ખિસામાંથી ચોકલેટ કાઢી અને મિલ્કશેકને આપી, "તને ખબર છે હું જયારે નાનો હતોને તો રોજે મમ્મી મને ચોકલેટ દૂધ આપતી. હજી પણ તું બધા જ બાળકો અને વૃધ્ધ માણસોનો પ્રિય છે." એણે આગળ કીધું, "રસના બેન તમને તો કોઇ કેવીરીતે ભૂલાય! હજી પણ ઘરમાં મમ્મી પોતાના બાળકોથી રસનાના પેકેટ સંતાડે છે કેમકે તેમના બાળકો તમારાં સિવાય કંઇ જ પીવાનું પસંદ નથી કરતા. અને ગરમીમાં સૌથી વધારે કોણ યાદ આવે? હા, ગુલાબનું શરબત અને ઠંડું ખસનું શરબત આહા!!" આ સાંભળીને બધા ખુશ થઇ ગયા. તેમને પોતાની ભૂલ સમજાઇ.

સૌએ રવિને પોત પોતાના પીણાં પીવડાવ્યા. રવિ ખુશ થઇ ગયો અને ઘણી બધી યાદો લઇને રવિએ બધાથી વિદાય લીધી. આંખો બંધ કરતા જ રવિ ફરી એક વાર એના પલંગમાં આવી પહોંચ્યો. તેની સામે પ્રીતિ ચાનો કપ લઇને ઉભી હતી. "ઓહો રવિ, તારી ચા ઠંડી થઇ જશે, તારે પીવી નથી કે શું?" રવિના ચેહરા પર એક

અમૂલ્ય સ્મિત આવ્યું અને ઘરમાં ફરી એક વાર આ ધૂન વાગવા લાગી, "તારા વગર મને ફાવતું નથી, એ પીવું નહીં તો મને ચાલતું નથી; તારી મઘમઘતી ખુશ્બુથી મનડું મારૂં લલચાય.... બોલો, એ બોલો ચા મારી મસાલા ચા !!"

***બોધ: પરિસ્થિતિ મુજબ કળથી કામ લેવું જોઇએ અને સામેવાળાનું નીચું દેખાય તેવું ના કરવું જોઇએ. જીવનમાં તમે સૌના પ્રિય છો તો તમે અભિમાન કરશો નહીં અને સંપથી રહેજો.***

## 🙏 આભાર 🙏



પાવની શાહ
ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન

# કંકુમાનો આંબો

'તે હેં મા, એમ કેમ થયું હશે ?'

'એમાં એવું થયું આ વરસે બધાયને થોડો થોડો ભાર હળવો કરવાનું રહી ગયું. દર વરસે હું કાસમભાઈને બોલાવીને બધાં ઝાડવાંને એના પોતાના ભારથી આઝાદી અપાવું જ છું, પણ આ વખતે બેય દીકરીઓએ વધારે દિવસ મને રોકી રાખી ને એમાં આ રહી ગ્યાં, ને ઘેઘુર થઇ ગ્યાં...' મા આગળ બોલી ન શકયાં.

'પણ મા કેવો પવન...! આવો પવન તો આઠ-દસ વરસે એક વાર નીકળે...!' શોભાએ લસણની છેલ્લી કળી ફોલતાં ફોલતાં ટાપસી પૂરી.

કંકુબાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આકાશ સામું જોઇને તેણે હાથ જોડ્યા. 'નામ હોય એનો નાશ તો હોય જ ને...ઠાકર કરે ઇ ઠીક બીજું શું.'

'કાલે મારો રાજુ કહેતો હતો કે કંકુમાને આંબો પડી ગયો એનું બહુ દુ:ખ છે...'ગીતા પણ થોડી ગળગળી થઇ ગઈ.

'લીલાને આ વરસે સુડતાલીસમુ બેઠું. તમારા દાદાએ એને વાવ્યો તારે ઇ ભાખણ-ભરિયા હાલતી'તી. ચાલીસ ચાલીસ વરસ આ આંબે છોકરાઓને રાજી કર્યાં છે.' કંકુમાએ પાલવથી આંખો લૂછી નાખી.

ગૌરીને એનો કિશોર બોલાવવા આવ્યો, 'મમ્મી, ઘરે બોલાવે છે...મે'માન આવ્યા છે.'

...અને આખો દાયરો વિખેરાઈ ગયો.

કંકુમા ભૂતકાળમાં સરી પડ્યાં :

બરાબર પચાસ વરસ પહેલા ભગવાન ભગતને પરણીને તે આ ઘરમાં આવેલાં. પાદરમાં જ સત્તર વીઘાંનું ખેતર. સાસુ -સસરા બેય બહુ જ મહેનતુ. ભગત બાજુના મોટા ગામમાં હીરા ઘસવા કામે જાય. ટિફિનેય સાથે લઈને જાય. પોતે આખો દિવસ ઘેર એકલી...ખેતર આવવાનું કહે તો સસરા કહે, 'ના રે બેટા ! અમે નહિ હોઈએ પછી તમારે જ કરવાનું છે ને...'

બપોર પછી તો આજુબાજુમાંથી કોઈ આવે અને ભરતકામ કરતાં કરતાં સમય પસાર થઇ જાય,પણ સવારે ખાસ કાંઇ કામ હોય નહિ. પોતે ઘરને ચોખ્ખું-ચણક રાખે. સાંજ

પડે ત્યાં સાસુ સસરા માટે ગરમ પાણી મૂકી દે. થોડી જ વારમાં ગરમ ગરમ જમવાનું તૈયાર...!

ઘરનું ફળિયું ઘણું મોટું. વિચાર આવ્યો, લાવને ઘરમાં જ એક વાડી બનાવું. સાસુને વાત કરી...સૌએ વિચારને વધાવી લીધો...સસરાએ કહ્યું, 'ભલે...તમારોય ટાઇમ જાય...ને ફળિયુંય રૂપાળું લાગે.'

રસોઈ તો સવારે જ થઇ ગઈ હોય, કારણ કે બધાંનાં ટિફિન કરવાનાં હોય. નવ વાગે એટલે ઘરનું બધું જ કામ પતી જાય. પછી કોદાળી લઈને રોજ થોડો થોડો ગોડ કરે. નાના નાના ક્યારા બનાવીને તેમાં દેશી ખાતર ભેળવે. ખૂણામાં પડી રહેલી વધારાની ઇંટો લઈને સરસ મજાની પાળી કરે. જાણે મજાની નાનકડી વાડી જ જોઈલો ને...! સાસુ-સસરા અને પતિ આ બધું જોઇને ખુબ હરખાય.

ચોમાસું બેઠું એટલે એક દિવસ પતિને કહીને શહેરની નર્સરીમાંથી આંબો, ચીકુડી, દાડમ, જમરૂખ અને જાંબુના બે બે રોપા મંગાવ્યા. પહેલો વરસાદ જ સારો થયો. દીવાલની નજીકની પહેલી હારમાં તુરિયાં, ગલકાં, કારેલાં, કાકડી અને વાલોળનાં બીજ વાવ્યાં. બીજી હારમાં ગુવાર, ભીંડો, મરચી, રીંગણી અને ટામેટાંનાં બીજ વાવ્યાં. એક ક્યારીમાં મેથી, મૂળા અને કોથમીરનાં બીજ નાખ્યાં. બહારની ધારે બધાં ઝાડની લાઈન કરી દીધી. સરગવો, લીંબુ અને પપૈયાના રોપ જાતે ઉછેરીને તૈયાર કર્યાં. સાવ બહાર મોગરો, ગલગોટો અને દેશી ગુલાબની લાઈન કરી...એય ને પંદર દિવસમાં તો આંગણું લીલી નાઘેર...! ઘર જાણે ફાર્મ-હાઉસ બની ગયું !

ગામડું ગામ એટલે શાકભાજી વેચવાવાળા ક્યારેક બે ત્રણ દિવસે પણ ન આવે. જરૂર પૂરતું રાખીને બાકીનું બધું શાક શેરીમાં વહેંચી દેવાનું. ઓચિંતા કોઈને ત્યાં મહેમાન આવે અને શાકનો મેળ ન હોય ત્યારે સૌને નિરાંત. બિલકુલ સંકોચ વગર આ ઘરેથી શાક લઇ જવાની છૂટ. ત્રણેક વરસ પછી ઝાડવાં મોટાં થયાં, પછી તો દર રવિવારે ગામના મંદિરે પ્રસાદી અહીંથી જ જાય. વધે એ બધું શેરીના છોકરા વહેચીને ખાય. ભગવાનની કેવી કૃપા કે ચારેયના જીવ ઉદાર...!

'રામકી ચીડિયા, રામકા ખેત ;

ખા'લો ચીડિયા, ભર ભર પેટ'.

-ગુરુ નાનકની આ વાત જાણે આખું ઘર જીવતું હતું. વરસ પછી વરસ પસાર થયાં. પોતાને સંતાનમાં કોકિલા અને લીલી નામે બે દીકરીઓ. સાસુ દેવ થયાં...તરત જ

સસરા પણ સ્વર્ગે સિધાવ્યા. ગામમાં નિશાળ તો સાત ધોરણ સુધી જ...પછી તો દીકરીઓને ભણવાનું જ બંધ. શહેરમાં રહેવું ક્યાં...? ભગતે શહેરમાં ૮-૧૦- જણ રહી શકે એવી એક રૂમ ખરીદી લીધી. ગામની દીકરીઓને સમજાવીને ત્યાં રહીને આગળ ભણતી કરી. એના પ્રતાપે તો ગામની બધી દીકરીઓ આજે ઓછામાં ઓછું મેટ્રિક સુધી ભણી છે. અરે, પોતાની બેય દીકરીઓ તો બી કોમ. સુધી ભણી...! બંને દીકરીઓને સારું ઘર શોધીને વિદાય કરી. બેય દીકરીઓ પોતાના કુટુંબ સાથે આજે સુખી છે.

હજી તો દોઢ જ વરસ થયું હશે. એક રાત્રે અચાનક ભગતને છાતીનો દુખાવો ઉપડ્યો. આખી શેરી ભેગી થઇ ગઈ. તાબડતોબ શહેરના દવાખાને લઇ ગયા...પણ...તેમણે સાવ આકસ્મિક જ વિદાય લીધી. ગામમાં સોપો પડી ગયો...દરેકને જાણે પોતાનું જ કોઈ સ્વજન ગુમાવ્યું હોય એવું દુ:ખ થયું. કંકુમાએ આખા ગામને બે દિવસ જમાડ્યું. ભગત જ વારંવાર કહ્યા કરતાં કે, પૈસો જો વપરાયા વગરનો વધારે ભેગો થાય તો એ માણસનો મૂળ સ્વભાવ જ બદલી નાખે. એટલે એને તો સારા કામે વાપર્યો જ ભલો.

માએ પોતાનું એકલવાયું નવું જીવન ગોઠવી લીધું. ઝાડવાં એ તો પોતાના માટે સંતાનો જ બની ગયાં છે. નાના મોટા દુખના સમયે ઝાડવાંની બાજુમાં ખાટલો ઢાળે એટલે પોતાનું બધ્ધું જ દુ:ખ ગાયબ...! દર વર્ષે ઉનાળાનું વેકેશન પડે ત્યારે બેય દીકરીઓને ઘેર આંટો દઈ આવે. આ વખતે થોડું વધારે રોકાવાઈ ગયું...ઝાડની ઘટાઓ કપાઈ નહિ...વાવાઝોડું આવ્યું... ને પરિવારનો એક સભ્ય એવો આંબો મૂળમાંથી જ ખેંચાઈ ગયો. આ બધાં વૃક્ષો તો નાનપણથી એના સંગાથી હતાં . કોઈ વાત કરનારું ન હોય ત્યારે વૃક્ષો સાથે પણ એ વાતો કરતાં... “અલ્યા એ ભાઈ આંબા, કેમ કાંઇ બોલતો નથી ...? કાંઇ રિસાઈ ગ્યો છો...! સીતાફળી, તું કેમ હમણાથી ફૂલ બેસાડતી નથી ...પાણી ઓછું પડે છે કે ? આ દાડમડી સામે જો ...ફૂલનો સૂંડલો ભરી લો ને ...”

આ બધાં ઝાડવાં જ જાણે એમના મિત્રો અને આ બગીચો એ જ એમનું જનરલ દવાખાનું. કયો છોડ કઈ બીમારીમાં વપરાય એની એમને પાક્કી જાણકારી. નાની બીમારી- શરદી, ઉધરસ, તાવ, દુખાવો કોઈને હોય એટલે એનું દવાખાનું કંકુબાનો વાડો... પણ આજે એનો વરસોનો સંગાથી આ આંબો ઢળી પડ્યો એનું દુ:ખ એના હૈયાને હળવું થવા દેતું નહોતું...આખાય ગામને કંકુબાના દુ:ખનું દુ:ખ હતું. કારણ કે સૌને એમ લાગતું હતું કે આ વાડો આપણો છે.

આખરે કંકુબાએ ગામના ચાર પાંચ મોટેરાઓ અને સાથે ગામના માવજીભાઈ મિસ્ત્રીને બોલાવ્યા. કંકુબાએ પોતાનો વિચાર જણાવ્યો : 'મારી ઈચ્છા એવી છે આ આંબાના લાકડામાંથી જ પક્ષીઓ માટે એક મોટો ચબુતરો બનાવીએ. આ આપણા આંબાનું નવું રૂપ એટલે હવે ચબુતરો. આજ સુધી આ આંબો મારા ગામના બાલુડાંઓને રાજી કરતો હતો...હવે તેનો આ નવો અવતાર પંખીડાંઓને મોજ કરાવશે...! છતાંય તમે બધાં જે નક્કી કરો ઇ મને મંજૂર.'

સૌએ માના આ વિચારને જ વધાવી લીધો. સૌના ચહેરા પર આનંદ ફરી વળ્યો. કંકુબાને પોતાનો આંબો જાણે ફરી જીવતો થયો હોય એવું અનુભવાયું. તેમના બત્રીસે કોઠે જાણે દીવા થયા. પછી તો આખા ગામમાં એનો ઉત્સાહ ફરી વળ્યો. ત્રણ મહીને આંબો આળસ મરડીને ચબુતરા રૂપે ઉભો થયો. કંકુબાએ આખા ગામનો એ જગ્યાએ જમણવાર ગોઠવ્યો...જાણે સૌ માટે મહોત્સવ બની ગયો.

આજે કંકુબા તો હયાત નથી...પણ ચબુતરો સૌ કોઈ માટે એક શાંતિસ્થળ બની ગયો છે. જાણે કે સૌને તૃપ્ત કરતો કંકુબાનો બીજો આંબો !

--------- આ વાર્તા મારી પોતાની અને તદ્દન મૌલિક છે. જે મેં જાતે લખી છે. વાર્તાને પ્રગટ કરવા માટેના તમામ અધિકાર દર્શા કિકાણી હસ્તક રહેશે.

-ડૉ. બળવંતભાઈ તેજાણી DATE: 08/01/23

કલરવ-૧૦૬,જી.આઈ.ડી.સી.રેસી., ચિત્રા, ભાવનગર. ફો. ૯૪૨૮૮૧૦૬૮૨

tejani.bm1870@gmail.com

નામ :- રાયચુરા મિતલબેન રાજેશભાઈ

વિષય :- ગુજરાતી વિષય ઉચ્ચતરમાધ્યમિક શિક્ષક

શાળા :- જે.જી.મારુ.હા.સે.સ્કુલ નાના ટીંબલા

વિષયાંક :- "મૌલિક વાર્તાલેખન "



## " લાગણીની ભીનાશ "

શેફાલી બહાર બરામદાના હીંચકા ઉપર બેઠી હતી અને તેમાં પણ પિયરનો હીંચકો પછી તો પૂછવું જ શું ? જેટલો એ હીંચકો ઊંચે ચઢતો હતો એટલા જ શેફાલીના વિચારો પણ ઊંચે ચઢી રહ્યા હતાં. શેફાલી અત્યારે બરામદાના હીંચકા પર એકલી બેઠી હોવા છતાં પણ આ એકલાપણું તેને ખૂંચતુ ન હતું, જ્યારે સાસરીયામાં સંયુક્ત પરિવારમાં રહેતા હોવા છતાં તેને એકલાપણાંનો અહેસાસ થતો. તેના વિચારો હજુ ઊંચી ગતિ પકડે તે પહેલા રાકેશભાઈ આવ્યાં હીંચકો રોકી શેફાલીની બાજુમાં બેઠા અને હીંચકાની સાથે સાથે શેફાલીના વિચારોની ગતિ પણ થંભી ગઈ રાકેશભાઈએ પુછ્યું બેટા શેફાલી ; શું વિચારે છે ? શેફાલી કહે પપ્પા એ જ વિચારતી હતી કે શું એક સ્ત્રી ક્યારેય આઝાદ થાય ખરી ? એને આઝાદી મળે ખરી ?

સ્ત્રી ગુલામ નથી, પરંતુ સૌ પહેલા પિયરની, પછી સાસરીયામાં સાસુ સસરાની અને ત્યારબાદ બાળકોની જવાબદારી નિભાવતી સ્ત્રી ક્યારેય એમાથી આઝાદી મેળવી શકે ખરી? તેમના પિતા તેમને સમજાવતા હતાં કે બેટા શેફાલી

આજ તો સ્ત્રીનું સાચું જીવન છે. અને એટલે જ એમને શક્તિનું રૂપ માનવામાં આવે છે.

તને યાદ છે શેફાલી જ્યારે હું કરીયાણાની દુકાનમા કામ કરવા સવારથી સાંજ જતો અને તારી મમ્મી સવારથી સાંજ પોતાની જવાબદારી સારી રીતે નિભાવતી અને હજુ નિભાવતી રહે છે. એટલે જ આજે તેનું આટલું માન સન્માન છે. હું જ્યારે સવારે જતો ત્યારે તમને વહેલા શાળાએ તૈયાર કરી મોકલી દીધા હોય અને રાત્રે પાછો ફરું ત્યારે સૂઈ પણ ગયા હોય. એ એક પિતાની જવાબદારી હતી. તમારું બાળપણ ક્યારેય મે મારી જવાબદારીમાથી આઝાદી મેળવી માણ્યું જ નથી. જો માતા-પિતા જ પોતાની જવાબદારીમાથી આઝાદી મેળવી લે તો તો તેમના બાળકોનું શું થાય ? તારી મમ્મી ઘરના કામમાથી કે તમારા ઉછેરમાથી ક્યારેય આઝાદ થઇ નથી. પછી તે રવિવારે ભલે ને મારે રજા હોય , પરંતુ તેને તો રવિવારે પણ પોતાની ફરજ બજાવવાની જ રહેતી . ખરેખર તું જે આઝાદીની વાત કરે છે ને બેટા ! એ જો મળી જાય તો આપણી જાતને ન પરવળે એ જવાબદારી જ આપણને આનંદ આપી જાય છે. એ આપણી આદત બની ગઇ હોય છે. જવાબદારી વગરના માણસનું જીવન તો નીરસ જ બની જાય.

બહુ થઇ વાતો, હવે તો ચાની ચુસકી લગાવવી જ પડશે, જો જોઇએ. તારા ભાભીને કહેજે કે ચા મુકે જેથી વાતોનો રંગ પણ જામી જાય. શેફાલી હીંચકા પરથી ઊભી થઇ ઘરમાં ગઇ અને હોંશે હોંશે પોતે જ પોતાના પિતાજી માટે ચા બનાવે એવા વિચારે હરખભેર ભાભીને કહ્યા વગર પોતે જ ચા ઉકાળવા મુકી. બરાબાર પિતાજીને ભાવે છે તેવી જ કડક મીઠી ચા બનાવું

શેફાલીને ભૂતકાળના દિવસો યાદ આવ્યા કે જ્યારે તેમના પિતા રાકેશભાઇ તેની મમ્મી સુમિત્રાને કહેતા કે "ચા તો મને મારી દીકરી શેફાલીના હાથની જ પસંદ છે." અને સુમિત્રાબેન છણકો કરીને કહેતા " હા,લાગણીની ભીનાશ તો તમારા બંને પિતા-પુત્રીમાં જ છે ને !"

અને સાચે જ શેફાલીના આ ભૂતકાળના વિચારો એની ચા ઉકળવાની સાથે જ ઉકળવા લાગ્યા એટલામાં તેમની ભાભી નંદીની આવી અને પૂછવા લાગી કે "આ ચા તમે શેફાલીબેન કોના માટે બનાવો છો, " ત્યારે શેફાલીએ કહ્યું કે પપ્પા માટે અને જ્યારે શેફાલી રાકેશભાઇ માટે ચા લઇને ગઇ ત્યારે એ તો રાકેશભાઈની રાહ જોતી ઊભી કે હમણાં તેઓ ખુશ થઇ જશે. રાકેશભાઇ ચા ની પહેલી જ ચુસકી સાથે બોલ્યા " અરેરે ! આ ચા કોણે બનાવી ? નંદીની બેટા, અહી આવો તો ,આજે કેમ તમે ભૂલી ગયા કે હું આટલી વધુ ખાંડવાળી ચા પીતો નથી." શેફાલી તો અવાચક બની તેમની સામે જોઇ જ રહી. નંદીનીએ વાત વાળી લેતા કહ્યું "પપ્પા, હમણાં જ હું તમારા માટે ખાંડ વગરની ચા લાવું છુ." શેફાલીએ પૂછયૂ કે પપ્પા તમને તો આવી જ એકદમ કડક-મીઠી ચા પસંદ હતી ને તો હવે શું થયું ?

રાકેશભાઇ બોલ્યા "તે ંસમયની વાત જુદી હતી, બેટા હવે મને ખૂબ વધારે ડાયાબિટીસ રહે છે એટલા માટે હવે હું ખાંડ વગરની ચા જ પીઉ છુ. શું ? શેફાલીને આશ્ચર્ય એ વાતનું થયું કે તેમના સસરા રસિકભાઇને ડાયાબિટીસ છે તે તો શેફાલીને બરાબર ખબર હતી. પરંતુ તેમના પિતા વિશે તેને આટલી જાણ પણ ન હતી ? રાકેશભાઈની બાજુમાં જ હીંચકે બેસી તે વિચારોની ગતિએ હીંચકવા લાગી. અત્યારે તે તેના પિતા સાથે બેઠી હોવા છતાં હવે તેને

પોતાનું આ પિયરનું ઘર પારકું લાગવા લાગ્યું, અને પોતાનું જ ઘર એટલે કે સાસરું યાદ આવવા લાગ્યું જ્યાંની બધી જ વાતોથી બધા જ લોકોની પસંદ-નાપસંદથી હવે તે વાકેફ હતી.

તેને તો ખબર પણ ન રહી કે તે એ ઘરમાં આટલી ખૂંચી ગઇ હતી કે તેને પોતાના જ પિયરમાં પારકા હોવાનો અહેસાસ થવા લાગ્યો, ઝીણવટ ભરેલી નજરે તેણે ઘરના ફળિયામાં અને ઘરની નાની-નાની વસ્તુઓ પર ધ્યાન આપ્યું તો ઘણી વસ્તુઓનું સ્થાન હવે સમય જતાં બદલાય ચુકયુ હતું. તેને ગમતી અમુક વસ્તુઓ તો એ જગ્યા પરથી કોઈ હલાવી પણ ન શકતું તેનું તો આજે હવે તે જગ્યા પર અસ્તિત્વ જ ન હતું. હવે તેને રાકેશભાઈની વાતો સમજાવા લાગી કે ખરેખર , આપણે જે જવાબદારીથી આઝાદી મેળવવાની વાત કરીએ છીએ ને તે તો આપણી આદત બની ચુકી હોય છે અને તે જ આપણને અખૂટ આનંદ આપી જાય છે અને આ અખૂટ આનંદમાં જ છુપાયેલી હોય છે આપણી " લાગણીની ભીનાશ."

# 'મેદાનનો શત્રુ મોબાઈલ'

બાળમિત્રો, એક સરસ મજાની દુનિયા હતી. તે દુનિયામાં એક ખૂબ જ હસતુ, કુદતુ, રમતુ અને હા બધાને હસાવનું એક સરસમજાનું બાળક હતું. તે પોતાની દુનિયામાં એકદમ આઝાદ રહેતુ અને બીજાને




પણ આઝાદ રાખતુ. મિત્રો તેનુ નામ હતું મેદાનભાઈ.

આ મેદાનભાઈના અનેક મિત્રો, તેમા પણ તમારી જેમ સ્કુલના મિત્રો અલગ, શેરીના મિત્રો અલગ અને હા મોટા થયા તો કોલેજના મિત્રો પણ અલગ. આમ આ મેદાનભાઈ તો ખૂબ ખૂશ ખૂશ રહેતા.

તેના શેરી મિત્રોમાં નારગોલભાઈ, કબડ્ડીબેન, સંતાકૂકડીબેન, ગીલીડંડાભાઈ, સાંકળભાઈ, ચોર કે પોલીસભાઈ, ઠાલી-બેઠી ભાઈ, કલરે કલર, આંધળી ખિસકોલીબેન. આવા તો આ મેદાનભાઈના કેટલાય મિત્રો. આ બધાં મિત્રો મેદાન-ભાઇ પાસે વર્ષોથી રમવા આવે. આમ, મેદાનભાઈ બધાંને ખૂશ રાખે અને બધાંને તંદુરસ્ત પણ રાખે.






આમ, કરતાં કરતાં મેદાનભાઈ થોડાક મોટા થયા તો તેમની શાળાના મિત્રો પણ બન્યા. તેમા પણ ખૂબ જ મજાના મિત્રો. જેમા ખો-ખો બેન બાજુ જ તેમને દોડાવતા તો કબડ્ડીબેન તો તેને સાવધાન રહેતા શીખવે, વળી લીંબુ ચમચી તેને એકચિત્ત કરતા શીખવ્યું સંગીત ખુરશીએ તેને સંગીત જોડે દોડતા-શીખવ્યું. દોડે તેને શ્વાસ કેમ ભરવા તે શીખવ્યું. દોરડાકુદે તેમને એકાગ્ર બનતા શીખવ્યું.











આમ કરતા કરતા તો મેદાનભાઈના ઘણાં મિત્રો બન્યાં પછી તો શું? મેદાનભાઈને રોજ તેના મિત્રો



મળવા આવે તેમની સાથે રમતો રમે અને ખૂબ જ મોજ મસ્તી કરતા; અને હા...! મિત્રો...! આ મેદાનભાઈ તેમના મિત્રોને તંદુરસ્ત પણ ખૂબ જ બનાવતા અને તેમના શરીરનો સર્વાંગી વિકાસ પણ કરતા. આ બધું જોઈ મેદાનભાઈ તો ખૂબ જ ખુશ રહેવા લાગ્યા. અરે બાળ મિત્રો આ મેદાનભાઈ તો ધમાલગીટાની જોડે અને પેલા રસ્સા ખેંચભાઈ જોડે તો પોતે પણ ખેંચાવા લાગતા અને ધમાલ કરવા લાગતા.



અરે... બાળમિત્રો આમ, અમુક વર્ષો જતા તો મેદાનભાઈની તો બોલબાલા વધી તેની જરૂરિયાત તો એટલી વધી ગઈ કે કોઈ પણ રમતભાઈની વાત થાય પેલા તો મેદાનભાઈની આમંત્રણ અપાઈ હો... અરે મેદાનભાઈને કઈ-કઈ સગવડો આપવી? મેદાનભાઈને




કેવા બનાવશું? અરે કબડ્ડી બેનની વાત થાય તો પણ પેલા મેદાનભાઈ. ક્રિકેટભાઈની વાત થાય તો પણ મેદાન ભાઈની વાત જ આવે.


આમ, મેદાનભાઈની તો જમાનો આવ્યો. સવારે સૂરજદાદા ઉગે તે પહેલા તો બધા મેદાનભાઈને મળવા આવી જાય. બધા સરસમજાની ઠંડી હવા ખાતાં-ખાતાં સરસ સ્ફૂર્તિ મેળવે અને ખૂબ તંદુરસ્ત બને. આમ કલાકો સુધી બધા જ મિત્રો મેદાનભાઈ જોડે અનેક રમતો રમે હો... બાળકોનો તો આખો દિવસ ક્યાં કઈ-કઈ રમતભાઈ સાથે પસાર થતો તે પણ ખ્યાલ જ ન રહેતો.

મિત્રો આમ કરતા કરતા અનેક રમતો જોડે જલસા કરતા કરતા મોહનભાઈના તો ઘણાં વર્ષો આ દુનિયામાં ચાલ્યા ગયાં.


આ દુનિયામાં એક વખત એક જાદુઈ સાધન આવ્યું... અરે...! મિત્રો તે જાદુઈ સાધન તો બહુ જ હોશિયાર અને બુદ્ધીશાળી પણ ઘણું. અરે બાળમિત્રો તમને તો મારે શું વાત જ કરવી...! આ જાદુઈ સાધને તો મોહનભાઈનું તો સાવ માન ઘટાડ્યું. અરે મિત્રો... જાદુઈ સાધન હતું; આ મોબાઈલભાઈ...



મોબાઈલ ભાઈ



હા, મિત્રો મોબાઈલભાઈ જેવા આ દુનિયામાં આવ્યા કે દુનિયાના બધાં જ બાળકો મોહનભાઈને. અરે.. તેમના બધાં મિત્રોને... ગીલી ડંડાથી લઈને કબડ્ડીબેનને પણ ભૂલી ગયા. બિચારા સંતાકૂકડીબેન તો બહુ જ રડે. અરે તે તો રડતાં - રડતાં જ સંતાય ગયા. અને મિત્રો પેલા ચોર - પોલીસનામના ભાઈઓ અને નારગોલ ભાઇ તો ક્યાં જેલમાં જતા રહયા તે જ નહી. ખબર... અરે મિત્રો આ જાદુઈ સાધન - મોબાઈલભાઈ આવ્યા શું ? કે બધાં પોતાના મિત્રોને સાવ ભૂલી જ ગયા...



અરે મિત્રો...! આ મોબાઈલભાઈએ ગામમાં, શહેરમાં આ આખી દુનિયામાં એવી તો ધૂમ મચાવી કે દુનિયા તો તેનાથી ખૂબ જ ખુશ થવા લાગી... અરે મારા બાળમિત્રો એટલી ખુશ થઈ કે વડીલો તો પોતાના અનુભવો ભૂલ્યા, દેવદર્શન ભૂલ્યા. અરે મોહન-ભાઈને મળીને ત્યાં અનેક કસરતો કરીને શરીરને સ્ફૂર્તિવાન બનાવતા, એકબીજાની વાતો સાંભળતા અને



એકબીજાના દુઃખો દૂર કરતા. આ વડીલો આજે મોબાઈલભાઈને જ મિત્ર પોતાનો સાચો સમજવા લાગ્યા છે. અરે... મેદાન ભાઈ તો આ વડીલોથી ખૂબ દુઃખી થઈ ગયા.

મેદાનભાઈને થયું આ વડીલોને આ મોબાઈલભાઈ ભલે ને ગમ્યા હોય પણ મારા કબડ્ડીબેનના, ખો-ખો ભાઈના, ગીલીડંડા ભાઈના અને પેલા ક્રિકેટના શોખીન યુવાનો તો જરૂર મારી પાસે આવશે, મારી જોડે રમશે, કુદશે અને પોતાના શરીરને તાકાતવાર બનાવશે. અરે આ મેદાનભાઈ તો યુવાનોની આ બાળકોની આતુરતા પૂર્વક રાહ જુએ. હમણાં આવશે બસ આવતા જ હશે તેમના સાથીઓને લઈ... મિત્રો મેદાનભાઈ મિત્રોની રાહમાં અનેક દિવસો પસાર કરવા લાગ્યા... અરે મારા મિત્રો ક્યાં ગયા હશે? આવું કેમ બન્યું? આવા અનેક વિચારો સાથે મેદાનભાઈ તો અનેક રમતભાઈ અને કબડ્ડીબેનો સાથે તેમના સાથીદારોની રાહ જુવા લાગે છે.



આમ, એક દિવસ મેદાનભાઈને થયું અરે મારા સાથિઓને કંઈક કામ આવ્યું હશે? ચાલને હું મારા શેરી મિત્રો પાસે જાઉં...! જે ખૂબ મારી જોડે મજા કરતા અનેક રમતો રમતા, દોડા-દોડી કરી મને ખૂબ પડાવતા આમ વિચાર કરતા કરતા મેદાનભાઈ તો ચાલતા થયા તેમની શેરીની શોધમાં.



અરે... આ શેરી, આ ગલી આટલી સુનસામ કેમ છે? અરે પેલા સાંકળભાઈ, કલરે-કલરભાઈ એવા નાના આંધળા ખિસકોલી બધાં ક્યાં ગ્યાં હશે? મેદાનભાઈએ તો ગામની શેરીએ શેરી ખોળી કાઢી; કોઈ મિત્ર ક્યાંય નજરે ન ચડે. બિચારા મેદાનભાઈ મિત્રોને આ દુનિયામાં

શોધે પણ કોઈ મિત્ર તેમને ન મળે.

આમ, આ મહાનભાઈને તો તેમની ચિંતા વધુને વધુ થવા લાગી. ચિંતાને ચિંતામાં ઉદાસ થયેલા મહાનભાઈ ગામના, શહેરના અને... આ દુનિયાના અનેક લોકો દરરોજ જુએ પણ તેમના મિત્રો ક્યાંય મળે નહીં.

બાળમિત્રો, મહાનભાઈ મિત્રોની રાહમાં અનેક મહિનાઓ પસાર કરી એક દિવસ તેમને થયું ચાલ હવે મારા મિત્રોને ગમે તેમ કરી શોધી કાઢું તેમની ઘરની તપાસ કરીને પણ લાવું મારા મિત્રો બીમાર તો નથી ને?

મહાનભાઈ ધીમે ધીમે ચાલતા એક વૃદ્ધભાઈને ઘેર જઈને પહોંચ્યા, જઈને જુએ તો આ વૃદ્ધભાઈ તો મોબાઈલમાં જ તલ્લીન છે! અરે આ તો કેવું



અદ્ભુત સાધન છે મારા મિત્રો મને પણ ભૂલી ગયાં. મહાનભાઈ રડતા-રડતાં દુનિયામાં આગળ ચાલ્યાં. અરે ઊંડા શ્વાસ ભરીને આગળ જુએ છે. ત્યાં તો યુવાનોના હાથમાં પણ અદ્ભુત મોબાઈલભાઈ. અરે મહાનભાઈ તેમની પાસે આવ્યા તો યુવાનો તો તેમને ઓળખતા જ ન હોય તેમ મોબાઈલભાઈ સાથે મશગુલ હતાં. યુવાનોનું આવું વર્તન જોઈ ત્યાં જ રડવા લાગ્યા. મહાનભાઈ રડતાં-રડતાં ગામનાં પાદર



સુધી આવ્યાં. પાદરમાં બેઠા અને લાંબો નિઃસાસો નાખ્યો... અને કહ્યું આ બધું શું થઈ રહ્યું છે?

અરે મિત્રો મહાનભાઈ તો હજી આવા નિઃસાસા નાખે છે ત્યાં જ પાદરમાં જે છોકરાઓ તેમની જોડે લગડી, મીની દેડામણી, સંતાકૂકડીબેન કે નારગોલભાઈ જોડે કેવા રમતા... હસતા... તેમની પાદર જુએ છે કેમ આ ભૂલકાઓ

ચૂપચાપ બેઠા છો? મોહનભાઈતો પાસે જઈને જુએ ત્યાં તો બધાં મિત્રોના હાથમાં તો પેલા મોબાઈલભાઈ.. આ જોઈને જ મોહનભાઈ તો એકદમ ડરી જ ગયાં પછી તો શી વાત કરી મોહનભાઈએ તો ચાર થી પાંચ દિવસ સુધી આ મોબાઈલભાઈ સાથે રમતા બાળકો-નું, યુવાનોનું અને વૃદ્ધોનું તેમણે ધ્યાન રાખ્યું.


મોહનભાઈ તો બહુ જ દુ:ખી.. કે આ જાદુઈ મોબાઈલભાઈને ને જ કારણે મારા બધાં મિત્રો આમ એકદમ બદલાય ગયા. અરે મિત્રો આ દુનિયા એટલી બદલાય ગઈ કે મોહનભાઈ મિત્રોને પ્રેમથી બોલાવે તો પણ તેમને તરછોડાયથી અને ગુસ્સામાં જવાબ આપે.

અરે— બીચારા આ મોહનભાઈ મિત્રોના આવા વ્યવહાર છે ઉદાસને ઉદાસ રહેવા લાગ્યા અને તેમના મિત્રો મોબાઈલભાઈ સાથે વધુ ગાઢ બનતા ગયા.

આમ, કરતાં કરતાં વર્ષો પછી વર્ષો વીતી ગયા. મોહનભાઈને થયું ઘણા સમયથી મારા મિત્રો મને મળવા જ નથી આવ્યાં હું જ ને મળવા માટે જઉં કદાચ મને લાંબાસમયે જોઈને તે બધાં ખૂબ જ ખૂશ થઈ જશે. આમ, વિચારી મોહનભાઈ તો પાછા પોતાના મિત્રોને મળવા ગયા. અરે.... આ શું ? મારા મિત્રો અને સાથીદારો સાવ મોટલા જેવા એ કેમ થઈ ગયા ? મોહનભાઈ તો આમ તેમના મિત્રોની આવી દશા જોઈને રડવા જ લાગ્યા. અરે.. આ બાળકોને આ ચશ્મા પણ કેમ આવી ગયા. મોબાઈલભાઈ તો આના માટે જવાબદાર નથી હોઈ ને? એમ વિચારી મોહનભાઈ તો ફરી રડવા લાગ્યા. અરે



આ મારા મિત્રોની આ મોબાઈલ ભાઈને કારણે શી હાલાત થઈ છે. અરે મારા મિત્રોનો આ સાથીદાર તો તેમનો મોટો શત્રુ બન્યો છે.



પરંતુ મારા યુવાનમિત્રોને, આ વૃદ્ધોને કે આ નાના-નાના ભૂલકાઓને તો આ બાબતનો ખ્યાલ જ નથી. મેદાનભાઈને તો ખૂબ જ ચિંતા થવા લાગી. અરે આ જાદુઈ મોબાઈલભાઈ મારા બધાં મિત્રોને પોતાનામાં ડુબાડી દેશે...! તેમની વિચારશક્તિનો અને તેમની સાચા-ખોટાની સમજશક્તિનો નાશ કરી નાખશે. અરે... આ મોબાઈલભાઈ તો આબાલવૃદ્ધ બધાનો શત્રુ બન્યો, દરેકના માતા-પિતાના સ્વપ્નાઓનો શત્રુ છે, બાળકોના સ્વાસ્થ્યનો શત્રુ છે, તેમના ભવિષ્યનો પણ શત્રુ છે.

મેદાનભાઈ તો કહે અરે... મારા ભોળા મિત્રો આ જાદુઈ મોબાઈલભાઈ તમને બધાને પોતાના એટલા ડુબાડી દીધા છે કે હું ઘણો પ્રયત્નો કરું છું તો પણ તમને તેનાથી બચાવી શકતો નથી



અરે... આમ, મેદાનભાઈ પોતાના મિત્રોને બચાવવા માટે ઘણા પ્રયત્નો કરે છે. છતાં તેમના મિત્રો તેની વાતને સમજતા નથી. મેદાનભાઈ પોતાના મિત્રોની રાહ જુએ છે...

બોધ- મિત્રો, મેદાનભાઈ આપણી તંદુરસ્તી લઈ આપણા સર્વાંગીવિકાસના મિત્ર છે. આ જાદુઈ મોબાઈલ આપણો કિંમતી સમય અને તંદુરસ્તી છીનવી ન લે તેનું ધ્યાન આપણે ચોક્કસ પણ રાખવું જોઈએ...

## 'અરણ્યનું રુદન. . . . .'

અષાઢની એક મધ્યરાત્રિ, ઘનઘોર અંધકાર ચોમેર પથરાયેલો છે. અનરાધાર વરસાદ વરસી રહ્યો છે, પવનનું જોર પણ સાથે વધતું જાય છે, ઘેરાયેલા વાદળોમાં વીજળીના ચમકારા દેખાય છે આસપાસ ભયાવહ એવું અરણ્ય. નાની નાની ટેકરીઓની હારમાળા, વાંસના વૃક્ષો, ઝાડવાં-ઝાખરા ડહોળાયેલ પાણીના ખાબોચિયા પળવાર દેખાય છે પછી એ જ અંધકાર ! ક્યાં ગયા નિશાચર પશુઓ ? કયાં ગઈ તેમની 'આઝાદી' મોજ. ? અરે ! શી ભયાનકતા ! કલ્પના પણ ના કરી શકાય છતાંય દૂર એક ખોરડું દેખાય છે. ભીતર દીવાનો ઝાંખો પ્રકાશ દેખાય છે. વરસાદમાં પલળી ગયેલો એ પ્રકાશ જાણે કે ઝૂંપડીની આસપાસ બહાર ફેલાયેલો દેખાય છે ખૂબ ચાલી ચાલીને થાકેલો દેવવ્રત એ અજવાળાને સહારે પેલા ખોરડાં નિકટ આવી ઊભો રહે છે પાસેના ડહોળાયેલા પાણીના ખાબોચિયામાં એના પગ પડે છે પલળીને તરબતર થયેલા દેવવ્રતને વૃક્ષનો આશરો લેવો પડે છે. એના શુષ્ક કંઠમાથી વરસાદમાં પલળી ગયેલ એનો સ્વર સંભળાય છે : "કોઈ છે કે ભીતર ? હું દેવવ્રત, દૂરના એક નગરથી આવ્યો છું, માર્ગ ભૂલો પડ્યો છું રાતવાસો કરવા ઝૂંપડીમાં આશ્રય મળશે કે ?"

આવા ભયાનક વાતાવરણમાં વનવગડાના રસ્તે આ અંધકારમાં કોઈ વટેમાર્ગુ, આશ્ચર્ય જ. !

પણ અંદરથી કોઈ જ પ્રતિસાદ મળતો નથી.થોડી વાર સુધી દેવવ્રતે કાન દઈ સાંભળ્યુ કે અંદર કોઈ હિલચાલ વર્તાય છે કે કેમ ? તે બે ડગલાં આગળ વધ્યો કોઈ દરવાજો ખોલે છે કે કેમ ? ભીના હાથે જ ચહેરા પરનું પાણી લૂછતાં એ ફરીથી કહે છે : કોઈ છે ? દેવવ્રતનો સ્વર હવે થોડો ભારે થઈ ગયો છે છતાંપણ કોઈ જ પ્રતિસાદ ન મળતા તે દરવાજો ખખડાવવાનો વિચાર કરે છે. વાંસ ને તૃણના ઘાસનું બનેલું એ બારણું એને કઈ રીતે ખખડાવવું વિચાર કરે છે આમ તેમ નજર ફેરવે છે પથ્થર કે નાની સોટી કઈ મળે ? પણ ત્યાં તો અંધકાર સિવાય બીજું. . . .

દેવવ્રતના કપાળે થઈ નાસિકા વાટે પાણી હોઠ સુધી આવી ગયું છે.

કોઈ છે ? બારણું ખોલોને ! બારણું ખોલો.. નજીક જઈ બારણું ખખડાવે છે. અંદરથી મંદ સ્વરે કોઈ
સ્ત્રી :કોણ છ ઈ ?

"હું માર્ગ ભૂલેલો એક પથિક છું. દેવવ્રત ! મને જરા રાતવાસો કરવા ઝૂંપડીમાં આશ્રય મળશે ?"

સ્ત્રી : "ઝૂપડીમાં જગ્યા જ નથી."

એમ બોલો મા ? હું વરસાદ રોકાશે કે તરત જ જતો રહીશ

પણ અંદર જગ્યા તો જોઈએ કની ? લગીરે જગા નથી.

ભીતર મારાં ઢોરાં છે, ઘેટાં-બકરા-કૂતરા ને ગાય વાછરડા ! એમાં તું કેમે કરીને સમાઈશ નહીં.

હું ક્યાંય શરણું લૈ લાઈશ. પલળી ગયો છુ શરીર ધ્રુજી રહ્યું છે કૃપા કરી જગ્યા આપોને બહેન ! તમે કોણ ?

હું સંકરી ! પછાત નારી છું તું અહીથી પાછો વળી જા ઝૂંપડીમાં જગ્યા નથી.

સ્ત્રી-જાત છો. એકલા છો જાણું છું; પણ હુંય સજ્જન છું. દેવવ્રત છે મારુ નામ.

જરાય ભયભીત થાશો મા ! ચોર કે લૂંટારુ નથી. સંકરી દરવાજો ખોલો રાતની રેણ રોકાવા દ્યો પાડ માનીશ.

સંકરી દરવાજે આવી ઊભી રહી : વેરાન અરણ્યમાં જ્યાં દસ-બાર માઈલ સુધી કોઈ ગામ નથી ત્યાં વસ્તી કરી રહું છું તે કોઈ ચોર કે લૂંટારુના ભયથી કે શું હં ?

સ્ત્રી છું એટલે હું. . . .

જુવાનિયાને ઊભો ને ઊભો જમીનમાં ખોડી દે એવી છે આ સંકરી ? આવી થોડી ચર્ચા બાદ સંકરીએ બારણું ખોલ્યું ને દેવવ્રત ભીતર ગયો. કશું ન બોલતા સંકરી તાપણું કરવા અગ્નિ પ્રગટવ્યો છે ત્યાં બેસી ગઈ.

ઉપર બામ્બુ બાંધેલો છે, કપડાં સૂકાય છે. ડોક લંબાવી પથિકને તાપણા નજીક આવવા કહે છે. ને ભીના થયેલા કપડાં ઉપર સૂકવી દેવા જણાવે છે. તે અંગરખો કાઢીને સૂકવી દે છે. નીચે ભોંય પર એટલી ભીનાશ કે બેસવા માટે પાટિયા ગોઠવ્યા છે. ઝાંખા ધુમાડાથી ભરેલા પ્રકાશમાં નીડર સ્ત્રીની મુખાકૃતિ ઠીકઠીક દેખાય છે. સામે કાળું કૂતરું સંકોચાઈને બેઠું છે, અંદર જ્યાં સુધી નજર જાય છે ત્યાં સુધી જોવા યત્ન કરે છે બીજા દસ-બાર ઢોરાં ! એક બાજુથી ગાય-ભેંસ વગેરે પશુઓના છાણની દુર્ગંધ પણ આવી છે. તે ધીમા અવાજે પૂછે છે : સંકરી ખૂબ મહેરબાની મને આશરો આપ્યો નહીં તો બહાર ઠરીને ઠીંગડું થઈ ગયો હોત ક્યારનો !

વાદળો ઘેરાયેલા હોય ને ઉપરથી રાતનો સમય ! કોઈ સમજદાર મનેખ તો આવા ટાણે બહાર જ ન નીકળે ?

સાચે જ એક મહત્ત્વનું કામ હોવાથી નીકળવું પડ્યું. વિચાર્યું તું ઉતાવળે કામ પતાવીને પાછો વળી જઈશ; પણ વરસાદમાં સપડાઇ જ ગયો, બેટરી હતી સાથે પણ વરસાદથી બંધ પડી ગઈ. પણ હવે સારું લાગ્યું હૂંફ મળી.

સંકરી : પણ મારી પાસે તને આપવા લૂગડું નથી હોં ?

દેવવ્રત : અરે ! કાંઈ નહીં, સૂકાઈ જાશે હમણાં.

સંકરી : શહેરી લાગે છે ?

હાં ટપાલખાતામાં કામ કરું છુ. અવારનવાર આવવાનું થાય અહીં ! પણ, કોઈ વાહનની સુવિધા ન હોવાથી, જેવો બસમાથી ઊતર્યો કે વરસાદે ઘેરી લીધો. વરસાદ રોકાશે, મારગ ખુલ્લો થાશે કે જતો રહીશ.

પણ આ વેરાન વગડા માંહે એકલા જ રહો છો ?

એકલા કેમ ? મારો ભરથાર છે ને હારે !

એમ, તો આજે કોઈ પરગામ ગયા છે કે કેમ ?

ઢોલિયા પર પોઢ્યા છે.

મને એમ કે હશે અંદર. પણ સ્ત્રીએ દબાયેલા સ્વરે કહ્યું : હાં સૂઈ ગયા છે. એ તો એવી ઊંઘ માણી રહયા છે કે જેમાથી કોઈ ક્યારેય ઊઠી શકતું નથી ! મેં ભયભીત થઈને પૂછ્યું ? એટલે

આજ દી આથમવાને ટાણે જ પ્રાણ પંખેરૂ ઊડી ગયું એમનું ?

બાપરે ! કેટલી શાંતિથી એ બોલી રહી હતી. સ્તબ્ધ થઈ ગયો પળવાર નીરવ શાંતિ પથરાઈ, મૌન રહ્યો. પેલા અંધારા ઓરડા તરફ નજર કરી. સ્ત્રી ફાણસ લઈને ઊભી થાય છે ધીમે ધીમે ખાટલા તરફ જાય છે ને તેના પતિનું ઓઢવાનું જરાક સરખું કરીને ફરીથી એની જગ્યાએ આએ બેસી જાય છે સૂકાયેલા હોઠ પર જીભ ફેરવીને પૂછ્યું કે એમને તમે કેટલી વાર આમ ને આમ રાખશો ?

શું કરું ? હું રહી સ્ત્રી-જાત ને એમાંય વરસાદ કહે મારુ કામ !

પેલી સ્ત્રી, અંધારી ઓરડી, એના પતિનો મૃતદેહ. પ્રવાસી આ બધુ જ વિસ્ફારિત નેત્રે નિહાળી રહ્યો ફરીથી એ જ મૌન. . . .

સંકરી : ઠંડી ઊડી ગઈ કે શું ?

ના, ના

ખોરડું, ઢોરા, પેલી સ્ત્રી બધુ ફરીથી અનુભવવા લાગ્યો. બહાર વરસાદ તો રોકાઈ ગયો છે પણ પવનના સુસવાટા સાથે દેડકાનો અવાજ સંભળાઈ રહ્યો છે. સ્ત્રી તો અડીખમ છે, પથિક પોતાની બેસવાની રીત બે-ચાર વાર બદલે છે.

ખૂબ ધીરજ રાખી મેં પૂછ્યું : આમ ને આમ મડદું કેટલી વાર સુધી ઘરમાં રાખશો ?

પણ શું કરું અંધારું કેટલું છે બહાર ?પરોઢ થાય પછી. . . .

જો તને ઊંઘ આવતી હોય તો પાટિયા પર લંબાવી દે. સવારે કૂકડો બાંગ દેશે કે તને ઊઠાડીશ. ના,ના આવે પ્રસંગે કાંઈ ઊંઘાતું હશે ! તમે ડરી ગયા કે શું ?

ડર શેનો ? મરેલો માણસ શું કરવાનો ? વરસાદ થોભી ગયો છે શર્વરીનું સ્વરૂપ પણ કાંઈ નીખરી રહ્યુ છે.

સંકરી : વીરા ! તને આશરો આપ્યો ! મને મદદ કરીશ.

જરૂર. એમાં જરાય શંકા નથી

પેલા સામેના ડુંગરની પેલે પાર મારો ભાઈ રહે છે હું જઈને એને લેતી આવું ત્યાં સુધી તું અહી જ બેસીસ ?

હાં, કેમ નહીં !

તને બીક તો નહીં લાગેને ?

અરે ! બીક શાની ? મડદું શું કરી શકે !

વારૂ, તો બેસ અહીં પણ સૂઈ ના જઈશ હું આવું ત્યાં લગણ

પેલી સ્ત્રી જવા કરે છે ને દરવાજા સુધી પહોંચે છે કે પેલો પથિક સ્ત્રી ને એની જગ્યાએ પોતે જાય તો ? એના ભાઈને ત્વરિત લે આવે. પણ સ્ત્રીએ કહ્યું કે મારા ભાઈનું ઝૂંપડું એને મળશે નહીં ને આમેય ટે તો રહ્યો ગુમરાહ પથિક ! ફરી ક્યાંક મારગ ભૂલે તો ?સ્ટી પોતે જ હરણફાળ જઈ આવવા કહીને જાય છે. સાથે જ કાન સરવા કરીને સંકોચાઈને બેઠેલું પેલું ફૂતરું સંકરીને સાબધો સાથ આપવા દોડી જાય છે. પેલા મડદાં સાથે વટેમાર્ગુ એકલો જ બેઠો છે તેના છાતીની ધમણ વધવા લાગી છે. નીરવ શાંતિ પથરાયેલી છે. ઝૂંપડાંમાં ટપ ટપ ટપક્તા વરસાદના પાણીનો અવાજ હવે સંભળાય છે. એવામાં એક મોટો દેડકો કૂદીને ત્યાં આવ્યો. દેવવ્રતે પાછળ ફરીને જ્પોવાની તસ્દી સુધ્ધાં ન લીધી. પણ પેલા ઓરડા તરફ એની નજર અચૂક જાય છે તો જુએ છે શું પેલું મડદું જાણે બેઠું થયું છે. તરત જ ટે ત્યાંથી નારાજ ફેરવી લે છે. પગ ભારે થઈ ગયા અરે બાપરે ! મડદું સાચેજ ઊભું થઈને બેઠું છે. ને અટ્ટહાસ્ય કરે છે. પથિકના પગ નીચેની ધરતી ધ્રુજી જાય છે. પેલો ભયભીત થઈ ગયો ને સંકરી ! એ સંકરી ! અરે ! શું થયું તને ? તું તો કહ્તો"તો ને કે મડદું શું કરી શકે ?

પણ, તમે તો મૃત્યુ પામ્યા હતા ને ?

અલ્યા અમારી જેવી રાંકડી રૈયતને પેટનો ખાડો પૂરવા માટે તો રોજ રોલ મરવું પડે છે. ને એક કદાવર મૂછળો પુરુષ તેની સામે આવીને ઊભો રહે છે પથિક ને કહે છે ચૂપચાપ તારી કને જે કાંઈ હોય મને સોંપી દે. લૂંટારુ છું. આ વેરાન વગડામાં ફક્ત ઢોરા ચરવીને ગુજરાન ન ચાલે તેથી આવો નાનો વ્યવસાય કરવો પડે છે દેવવ્રત સમજી ગયો કે આ એક કાવતરું છે ને નીડરતાથી કહેવા લાગ્યો વાહ ! વાહ ! ખુબ સરસ. સંકરીએ દરવાજો ખોલ્યો નહીં ત્યજ મને શક થયેલો. સંકરીનો પતિ રઘલો ઘાતક સ્વરે બોલ્યો અલ્યા વધારે છલકી કરિસ નહીં નહીં તો અહીજ જમીનમાં ખોડી દઈશ. વધારે બોલ મા ! તારી પાસે જે હોય ટતે અહી મૂકી દે. તારા જેવો માણસ મે આજ દિન સુધી જોયો નથી મારા આવા સ્વરૂપનું દર્શન કરી લોકો તમ્મર ખાઈ પડી જાય ને મને ફાવટ આવી જાય પણ તું . . . .

એટલે જે હોય તે આપી દે ને પાછો વળ. પથિક ઘસીને ના કહે છે ત્યારે રઘલો તેને બરછીની ધાર બતાવે છે દેવવ્રત પર ઘા કરવા જાય છે ચપળતાથી દેવવ્રત પોતાનો બચાવ કરે છે ને બંદૂકની એક ગોળી સનનનન. . . . કરતી રઘલાના ખભે ધૂસી જાય છે લોહીની ધારા વછૂટે છે ને. . .

રઘલો શાબાશ 1 શાબાશ ! હં હવે સમજાયું તું કાંઈ પથિક નથી પણ પોલીસ અધિકારી છે વાહ ! તારી હિંમતને તો દાદ આપવી જોઈએ. ઘણા પોલીસ અધિકારીઓએ મને પકડવા પ્રયત્ન કર્યા પણ તું આજે એમાં. . . . ફાવી ગયો લોહી રઘલાના કેડ સુધી પહોચ્યું છે તે કૂદીને દરવાજા બહાર જઈ ભાગવાનો પ્રયત્ન કરે છે પણ અસંખ્ય સીટીઓનો અવાજ તથા અન્ય પોલીસ અધિકારીઓન ગોળીબારથી રઘલો ખુબ ઘવાયેલો છે ને ચિચિયારીઓ કરતો તે કાદવવાળા પાણીમાં ખડકાઈને પડી જાય છે એના મૃતદેહને એક મોટરગાડીની સામે લઈ જવાય છે ત્યાં

બે પોલીસ જવાનોની વચ્ચે એક સ્ત્રી બંને હાથા બંધાયેલ સ્થિતિમાં છે.... સંકરી રઘલાનો મૃતદેહ જોઈએ કલ્પાંત કરે છે આખું વન વેણુ આક્રંદ સાંભળે છે આક્રંદ કરે છે.

સંકરી : અલ્યા પથિક આ તે શું કર્યું મારો પતિ ક્યાં છે ? મેં તને આશરો આપ્યો ને તે તો મારો આશ્રય જ છીનવી લીધો.

દેવવ્રત : મારે આમ નહોતું કરવાનું પણ... મારી પાસે કોઈ જ ઈલાજ ન હતો.

ને સૂનકાર વન-જંગલોમાંથી થઈને મોટરગાડી પસાર થાય છે.

*********************************************************

શીર્ષક : "ચક્રવૃદ્ધિ વ્યાજ"

હોઠનાં મલકાટ નોખા હોય છે,
ને વ્યથાનાં ઘાવ નોખા હોય છે.
    રોજ રમતાં લાગણીથી, ક્યાં જવું?
    પોતિકાના વેણ નોખા હોય છે.

✒© "પ્રીત"

આ પંક્તિ લખતાંની સાથે જ આકાશને મુક્તિના દ્વારા શોધવાનો રસ્તો મળી ગયો હોય તેમ આનંદનો શ્વાસ ભરતાં સ્વગત્ બોલવા લાગ્યો, "હું આકાશ આજે મુક્ત ગગનમાં સપનાઓ, આકાંક્ષાઓ, જવાબદારી, પ્રેમ, લાગણી, મમતા, નફરત, રૂદન, હાસ્ય, પારકા, પોતિકા, સઘળા સંબંધો અને વિચારો માંથી સાવ તદ્દન મુક્ત થઈ ગયો છું. કેટલો આનંદ અનુભવી રહ્યો છું એ કોઈથી કલ્પી શકાય તેમ જ નથી; હા.. હા.. હું આકાશ આજે ખરા અર્થમાં આકાશ બની ગયો સઘળી બેડીઓ તોડી હું આઝાદ બની ગયો.. મને બધી જ રીતે આઝાદી મળી ગઈ..આઝાદી મળી ગઈ..."

સુજલ પોતાની મહત્વાકાંક્ષી નવલકથા "જિંદગીનો અંતિમ પડાવ-આઝાદી" નું અંતિમ પ્રકરણ લખી રહ્યો હતો, ત્યાં પાછળથી તેની પત્નીનો અવાજ આવ્યો,

'ડીયર બે દિવસ પછી "ફાધર્સ ડે" આવે છે તમને ખ્યાલ તો છે ને?? કે નોવેલ કમ્પ્લીટ કરવાની ધૂનમાં ભૂલાઈ ગયું?'

"ઓફ કોર્સ ડાર્લિંગ, કેમ નહીં યાદ જ હોય ને! લેખક છું, દરેક પ્રસંગો ઉપર લખું છું ટ્વિટરથી લઈને ઈન્સ્ટા, ફેસબૂક, વોટ્સએપ બધાં જ મિડીયાનાં માધ્યમોમાં એમને એમ થોડી લાખો લાઈક કોમેન્ટ્સ મળે છે મને. લોકો તો એમ પણ લખે છે કે, આપનું આ સંવેદનશીલ લખાણ વાંચીને અમારી તો આંખો ભીની થઈ ગઈ!" દરેક વિષયને અને પ્રસંગને શબ્દોથી જીવંત કરવામાં બખૂબી હથોટી ધરાવે છે તારો મિસ્ટર સુજલ મહેતા, સમજીને.

"યસ, આઈ નો માય લવલી હબ્બી સો આઈ એમ પ્રાઉડ ઓફ યૂ..." એટલે જ તો ક્લબ હાઉસમાં અને કીટી પાર્ટીમાં મારી ફ્રેન્ડ્ઝ સામે ગર્વથી માથું ઊંચું રાખીને વટથી કહું છું કે મારા હસબન્ડ જેટલું સંવેદન-સભર કોઈ જ લખી ન શકે!"

"સો નાઇસ ઓફ યુ માય લવ! થેંક્યુ એન્ડ લવ યુ અને હા, સાંભળ મને આલબમમાંથી પૂજન સાથે પપ્પાનો ફોટો છે તે અને કથામાં હું પપ્પાને પગે લાગી રહ્યો હતો એ બે પીક મોબાઈલમાં ક્લીક કરીને સેન્ડ કરજે અત્યારે ઓફિસ ઉપર જાઉં છું સાંજ સુધીમાં આર્ટિકલ કમ્પ્લીટ કરીને પપ્પાના ફોટા સાથે કોમ્પ્યુટર ઉપર તૈયાર કરી નાંખીશ ઓકે બાય."

"ડેડી..ડેડી..આજે સાંજે આપણે ગ્રેન્ડ પા એન્ડ ગ્રેન્ડ માને મળવા જઈશું ને? ઘણા દિવસ થઈ ગયા..સો આઈ મીસ યુ સો મચ..."

"નો, નોટ પોશિબલ આઈ હેવ નો ટાઈમ ટુડે ઓકે. આજે નહીં પછી ક્યારેક." મોમ: કહીને પૂજને મમ્મી તરફ નજર કરી કે તરત જ તે પણ બોલી ઉઠી: "યસ, ડેડ ઈઝ રાઈટ આજે મારે પણ ઘણુ કામ છે તારા ડેડી એ 'માતપિતાની છાંય' ઉપર જે સ્પીચ લખી આપી છે તે બપોરે વિમેન્સ ક્લબ હાઉસમાં આપવાની છે. આ વખતે તો

મારો જ ફર્સ્ટ નંબર આવશે. આવા ખોટા ટાઈમ પાસનો અમારી પાસે સમય નથી સમજ્યો. તારી રૂમમાં બેસ અને ડેડ નવી વિડીયો ગેમ લાવ્યા છે તે શાંતિથી રમ્યા કર."

પૂજન, મમ્મી અને પપ્પા બંન્ને પોતાની વાતનો છેદ ઉડાડી કામમાં વ્યસ્ત થઈ ગયેલાં જોઈને નિરાશ વદને રૂમ તરફ વળતાં મનોમન જ બબડ્યો, "હા, પણ આજે ગ્રાન્ડ પાને મળવું પણ એટલું જરૂરી તો હતું જ ને!"

******************************************

મુકુંદરાય ખુરશીમાં શાંત બેઠા હતા અને માલતીબેન રૂમમાં આંટાફેરા કરી રહ્યાં હતાં. માલતીબેનને આમ આકુળવ્યાકુળ થયેલાં જોઈને મુકુંદરાય, "અરે માલતી, જરા ધીરજ તો રાખ હજી તો દિવસની શરૂઆત થઈ છે તને ખબર છે ને આપણો દિકરો કેટલો મોટો લેખક છે તો એની પાસે સમયનો અભાવ રહેવાનો એથી રાત સુધીમાં આવશે મળવા આમ ઉતાવળી શું થાય છે? માલતીબેન મુકુંદરાય તરફ નજર કરતાં હા ધીરજ તો ધરતી રહી છું આજ દિન સુધી પણ.. આંખોમાં ધસી આવેલા અશ્રુધારાના તોફાનને ખાળી મંદિર પાસે બેસી માળા કરવાં લાગ્યાં.

સાંજ પડી ગઈ હોવા છતાં વૃદ્ધ દંપતિએ પોતાની ધીરજ હજી અકબંધ રાખી હતી. સાંજના ભોજન માટે રમણલાલે બૂમ પાડી દંપતિ પોતાના દર્દને છૂપાવી નીચે પહોંચ્યાં. મુકુંદરાય નીચે આવ્યા કે બધા વડીલો ટોળે થઈને એક સાથે જન્મદિવસની શુભકામનાની વર્ષા પાઠવવા લાગ્યાં. વૃદ્ધાશ્રમના મેનેજર મોટી કેક લઈને આવ્યા કેક જોઈને દંપતિ સમજયાં દિકરા વહુએ કેક મોકલી હશે. બધાંએ આનંદથી કેક ખાધી. રાત પડી ચૂકી હતી પરંતુ દિકરા કે વહુનો ફોન આવ્યો નહીં જેથી મુકુંદરાયની પણ આંખો ભીની થઈ રહી હતી. માલતીબેન વાતને સંભાળતા અરે તમે જ તો સવારે કહેતા હતા ને કે ધીરજ રાખ આપણો દિકરો કેટલો મોટો લેખક છે તો કદાચ આજે સમય ન મળ્યો હોય રવિવાર આવે જ છે ત્યારે વધુ સમય આપી શકે એમ વિચાર્યું હોય તો આજે ન આવ્યો મળવા.

મુકુંદરાય: "હા પણ ફોન તો.." વાક્ય પૂર્ણ થાય એ પહેલાં જ ફોન ઉપર વહુનો મોબાઈલ નંબર ડીસ્પ્લે થતાં રીંગ વાગી. વૃદ્ધ દંપતિ જાણે પાનખરમાં વસંત ખીલી ગઈ હોય તેમ આનંદિત થતાં ફોન રિસીવ કર્યો, "હલ્લો દાદુ, આઈ એમ પૂજન હાઉ આર યુ એન્ડ દાદી? દાદા જવાબ આપે એ પહેલાં દાદુ જલ્દી જલ્દી સાંભળો મોમ બાથરૂમમાં છે એટલે મેં ચૂપકીથી ફોન કર્યો છે તમારી બર્થડે વિશ કરવાં માટે.. દાદુ હેપી બર્થડે ટુ યુ એન્ડ લોટ્સ ઓફ લવ યુ સો મચ આઈ મીસ યુ બોથ પ્લીઝ ટેક કેર. એન્ડ હા મેં મેનેજર અંકલને બપોરે પણ મોમના ફોનથી મેસેજ કરેલો કેક લાવવા માટેનો. હું તમને મળવા આવીશ ત્યારે કેકનું પેમેન્ટ મારી પોકેટ બેંકમાંથી કરી દઈશ સો યુ ડોન્ટ વરી ઓકે વન્સ અગેઈન હેપ્પી બર્થ ડે દાદુ એન્ડ ટેક કેર યુ એન્ડ દાદી બાય લવ યુ."

એકી શ્વાસે બોલાઈ ગયેલા પૌત્રના શબ્દો વૃદ્ધ દંપતિના કાનમાં ક્યાં સુધી પડઘાતા રહ્યાં. થોડીવાર રહીને મુકુંદરાય પોતાની જાતને જ આશ્વાસન આપી સ્વસ્થ થતાં પત્નીના હાથને પોતાના હાથમાં લઈને આસુંઓને લૂછતાં, "અરે માલતી આંસુ કંઈ વાતનાં આપણે સારવા? ઉલ્ટાનો ગર્વ કર વર્ષો પહેલાં આપણે કોઈ અનાથની જિંદગીને આજના જ દિવસે આપણું નામ આપ્યું હતું ભલે આપણું રોકાણ આપણને ખોટ આપી ગયું પણ વર્ષોની ધીરજ રૂપી કરેલી તપસ્યાએ ડૂબી ગયેલી મૂડીમાંથી પણ ચક્રવૃદ્ધિ વ્યાજ આપી ગયું એનો આનંદ કેમ ઓછો આંકે છે તું? આપણે જિંદગી હારીને પણ જીતી ગયાં.

ચાલ, પેલો રાખી મૂકેલો કેક નો ટુકડો તો ખવડાવ. મને ખબર છે તે તારાં બાળકો માટે રાખેલો પણ હવે મને તારા હાથે ખવડાવીને બર્થડે સેલીબ્રિટ તો કર. માલતીબેન પોતાના જ વિચારોની કેદ માંથી આઝાદ થવાના પોકળ પ્રયાસો કરતાં આંસુ લૂછીને મંદ હાસ્ય સાથે શરમતા કેકનો ટુકડો પોતાના પતિને ખવડાવી રહ્યાં અને વૃદ્ધાશ્રમનાં ઓરડામાં આનંદ રૂપી વસંતની છોળ ઉડી રહી.

પ્રીતિ જે ભટ્ટ.. પ્રીત (નવસારી)
Pjbhatt1025@gmail.com

## ''સપનાની દુનિયા''

આ છે મૌલિકના સપનાની દુનિયા... એની આ દુનિયામાં માછલીઓ જમીન પર રહે છે, અને માણસો દરિયામાં રહે છે. નવ પહેલા દસ આવે છે અને દસ પછી નવ આવે છે. મૌલિકની આ દુનિયા અને એના વિચારોની આઝાદી ફકત એના સુધી જ સીમીત હતી.

આ છે, મારો સૂરજ અને આ છે મારો દરિયો,

''મૌલિક, કયાં છે તું''?

''મમ્મી... મમ્મી... હું અહી જ છું''

''બતાવ તારું હોમવર્ક, આ શું ? આ સૂરજ વાદળી અને દરિયો પીળો?

''સોરી, મમ્મી એ હું ભુલી ગયો''

તું રોજ કંઈકને કઈ ભૂલ કરે જ છે, આવું ના ચાલે મૌલિક ચાલ જમવાનું રેડી છે, નીચે આવીજા.

જમવાની ટેબલ પર બેઠલા સૂરેશભાઈ એટલે કે મૌલિકના પિતાએ કહ્યું,

''બેટા મૌલિક, સાંજે પાર્કમાં જઈશું?''

ત્યાં અચાનકજ રશ્મિબેન મૌલિકના મમ્મી બોલી ઉઠયા, કયાંયે જવાનું નથી રવિવારે ટયૂશનમાં એકઝામ છે બે જ દિવસ રહ્યા છે, એટલે સાંજે વાંચવાનું છે.

સૂરેશભાઈ એ પણ વધુ કંઈના કેતા ફકત હમમ.... કહી, જમીને પોતાના રૂમ તરફ નીકળી ગયા.

સાંજે ટયૂશનમાંથી મૌલિક ઘરે આવ્યો અને ઘરની બાલ્કનીમાં જઈને બેઠો. તે પેઈન્ટિંગ કલર વળે બાલ્કનીની કોર્નરમાં રહેલા છોળવાઓના પાન પર રંગ ચડાવી રહ્યો હતો.

...૨...

''આ શું મૌલિક?''

''અરે, મમ્મી હું આ ફૂલોની જેમ પાંદડાઓને પણ રંગીન બનાવી રહ્યો છું પણ એના પર રંગ રેતો જ નથી''

''કેવા, કેવા કામ કરશ તું, બેટા રવિવારે એક્ઝામ છે, યાદ નથી?''

''હા, મમ્મી'' માત્ર આટલું કહી તે પોતાના રૂમ તરફ જતો રહ્યો.

રાત્રે એની મમ્મી જમવાનો સમય થતા એના રૂમ તરફ ગઈ,

''મૌલિક શું કરે છે ?''

''મમ્મી ચિત્રકામ કરું છું''

''આ શું ? સાદું ઘર પણ તું વ્યવસ્થિત નથી બનાવી શકતો, આ લીટીઓ આડી અવળી નહી પરંતુ સ્કેલ લઈને સીધી બનાવ.''

''મમ્મી, લીટીઓ હંમેશા નાચતી, કુદતી, રમતી હોવી જોઈએ. આડી અવળી લીટીઓમાં જે મજા છે, એ સીધી લીટીઓમાં નથી''

''મસ્તી કરવાનું બંધ કર મૌલિક, ફટાફટ આ લીટીઓ સીધી કર, ફરીથી ચિત્ર બનાવ અને બની જાય એટલે નીચે આવીને જમીલે.''

મૌલિકે ફરીથી ચિત્ર બનાવ્યું, જમી અને સુઈ ગયો.

બીજા દિવસે ફટાફટ સ્કૂલ માટે રેડ્ડી થઈ, તે સ્કુલ બસમાં બેઠો. બસમાંથી ઉત્તર્યો ત્યારે તેને જાણ થઈ કે, સ્કૂલબેગ તો તે ઘરે જ ભૂલી ગયો છે. ૨૦-૨૫ મિનિટ પછી મૌલિકના મમ્મી સ્કૂલબેગ લઈ સ્કૂલે પહોંચ્યાં. તેઓ ફટાફટ કલાસ તરફ જવા લાગ્યા.

ત્યાં સામેજ તેના વર્ગશિક્ષીકા એમને મળ્યા.

''તમે મૌલિકના મમ્મી છો ને?''

''હા મેમ, ગુડ મોર્નિંગ, મૌલિક સ્કૂલબેગ ભૂલી ગયો હતો એટલે આપવા આવી.''

''એમાં કશું નવું નથી કે તે સ્કૂલબેગ ભૂલી ગયો'' કલાસટીચર બોલી ઊઠયાં.

''એટલે''?

''એટલે એમ કે મૌલિક પહેલાં જેવું સ્ટડીમાં ધ્યાન પણ નથી આપતો, કયારેક હોમવર્ક ભૂલી જાય તો કયારેક બુકસ ભૂલી જાય છે. ફસ્ટ લેકચરમાં કરાવેલ વસ્તુ લન્ચબ્રેક પછી ભૂલી જાય છે. વાંચવાનું કહીએ તો તદ્દન નવું જ વાંચે અને જો વઢીએ તો કહે કે, ''આ મારા સપનાની દુનિયા છે એમાં આવું જ હોય''.

''માફ કરજો મેમ, હવેથી હું મૌલિક પર વધુ ધ્યાન આપીશ''. બેગ આપી તે ત્યાંથી ચાલ્યા ગયા.

સ્કૂલેથી મૌલિક ઘરે આવ્યો એટલે એના મમ્મી એક સામટા તેના પર તૂટી પડયા. આ શું છે મૌલિક ? આટલી બધી ફરીયાદો આવી છે તારી. ધ્યાન કયાં છે તારું? અચાનક રશ્મિબહેનનો ઊંચો અવાજ સાંભળી મૌલિક હેબતાઈ ગયો.

''જા ફટાફટ કપડા બદલી, જમવા બેસ અને પછી ટયુશનું હોમવર્ક પતાવ''

''હા મમ્મી'' એટલું કહી તે પોતાના રૂમ તરફ જતો રહ્યો.

સાંજે અચાનક રશ્મિબહેનનો ફોન રણકયો, ''હેલ્લો....''

''હા.... હેલ્લો, હું મૌલિકના ટયૂશનના સર વાત કરી રહ્યો છું.''

''હા, સર બોલો''

''મૌલીકને અચાનક માથામાં દુ:ખાવો ઊપડયો ને એ બેહોશ થઈ ગયો

છે, એને બાજુના હોસ્પિટલે લઈ જઈએ છીએ પ્લીસ તમે જલ્દી આવો.

રશ્મિબેન દોડતા હોસ્પીટલે પહોંચ્યાં.

"શું થયું મૌલિકને ડૉકટર સાહેબ?"

"મૌલિકના મગજની ત્રણ નસો બ્લોક થઈ ગઈ છે, તમે આવવામાં બહુ લેઈટ કર્યું બહેન".

"શું ? એવું કઈ રીતે થઈ શકે ? તમે આ શું બોલી રહ્યા છો?"

"આ સત્ય છે બહેન ૨૪ કલાકમાં જો એને હોશ ના આવે તો અમે કશું કરી શકીએ નહી તે કોમામા પણ જઈ શકે છે".

રશ્મિબહેન ઉપર તો જાણે આભ તૂટી પડયું, એકાએક ભાદરવાના વાદળો વરસી પડે તેમ તેની આંખો વરસી રહી હતી, એમણે મૌલિકના પપ્પાને ફોન કરી અને ફટાફટ હોસ્પિટલ પહોંચવા જાણ કરી.

રશ્મિબેન ધ્રૂજતા-ધ્રૂજતા ICU ની અંદર મૌલિક પાસે ગયા. સૂતેલા મૌલિકની બાજુમાં બેસી તે એની પાસે માફી માંગવા લાગ્યા.

"મને માફ કરીદે દિકરા, હું તારી તકલીફ સમજી ના શકી હું તારી સપનાની દુનિયાને સમજી ના શકી હું તારી દોડતી, હસતી, ખેલતી, નાચતી લીટીઓને ઓળખી ના શકી. અંદરથી ભાંગી તૂટેલી મા કમ્પૂટર સ્ક્રીન પર દોડતી મૌલિકના હૃદયની લીટીઓને જોઈ ભગવાન પાસે પ્રાર્થના કરે છે, કે હે ભગવાન આ લીટીઓ આમજ નાચતી, દોડતી, કુદતી રહે સીધી કયારેય ના થાય.

સમય વીતતો રહ્યો, એક અઠવાડિયો, એક મહિનો, બે મહિના..... હોસ્પિટલથી ઘર અને ઘરથી હોસ્પિટલ મૌલિકના માતા-પિતાનું જીવન બસ આટલામાં સીમીત થઈ ગયું. હોસ્પિટલથી ઘરે જતા રશ્મિબહેન મૌલિકના પિતાને કહે છે,

"આપણે મૌલિકના માતા-પિતા થઈને એની પિળાને સમજી ના શકયા,

આવા હજારો મૌલિક હશે જે વિચારોની આઝાદી વચ્ચે પણ પોતાની પીળામાં કેદ થયેલા હશે. આપણે આપણા મૌલિકના વિચારોને સમજવામાં મોળુ કર્યું, પરંતુ આપણે એવું કંઈક કરીએ જેથી હજારો મૌલિક વેલી તકે આઝાદ થઈ શકે.''

''હા, રશ્મિ તારી વાત એકદમ સાચી છે, આપણને આ વસ્તુ પર વિચારવું જ જોઈએ'' બસ એ દિવસથી મૌલિકના માતા-પિતા એ તમામ પ્રયત્નો કરવા લાગ્યા જેથી હજારો મૌલિક ને એની જગ્યા મળી શકે.

તેઓને જાણ થાય છે કે, સાયકોલોજીસ્ટ બાળકોની મનન શકિત અને એમના અંદરના વિચારો સારી રીતે સમજી શકે છે. માટે તેઓ સાયકોલોજીસ્ટ પાસે જાય છે, અને બાળકોની આ પરિસ્થિતી વિશે વિગતવાર માહિતી લે છે, તમામ માહિતીઓ એકત્ર - કરી, તેઓ પોતાનો મુદ્દો સરકારશ્રીને પત્રો દ્વારા, ઈમેઈલ દ્વારા પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. સાથે-સાથે આ મુદ્દાને વધુ મજબૂત બનાવવા તેઓ આજના યુગનો સૌથી મજબૂત પાસું 'સોસીયલ મીડીયા' દ્વારા હજારો મૌલિકના માતા-પિતા સુધી આ મુદ્દો પહોંચાડે છે, અને આ વસ્તુને સમજીને હજારો માતા-પિતા આ ઝુંબેશમાં જોડાય છે.

આ વસ્તુ પુરી કરતા-કરતા આઠ મહિના નીકળી જાય છે..

''હેલ્લો, રશ્મિબેન, તમારો મૌલિક હવે કોમાની બહાર છે,'' આટલું સાંભળતા જ બંન્ને પતિ-પત્નિ ભાવુક થઈ જાય છે, આઠ મહિનાના લાંબા સમય પછી મૌલિક આઈ.સી.યુ.ની બહાર આવે છે, બંન્ને પતિ-પત્નિ તેને ભેટે છે, અને ઘરે લઈ જવા તલપાપળ થાય છે. હોસ્પિટલમાંથી રજા લઈ મૌલિકને ગાડીમા બેસાડી ત્યાંથી નીકળી જાય છે.

રશ્મિબહેન મૌલિકને કહે છે,

''બેટા, આજે તને એક નવી જગ્યાએ લઈ જઈએ છે''

''નવી જગ્યા?''

...૯...

"હા, બેટા"

ત્રણે જણા આખરે એ જગ્યા પર પહોંચે છે જે જગ્યા મૌલિકના માતા-પિતાના અથાક પ્રયત્નો પછી હજારો મૌલિકની આઝાદી માટે સર્જાયેલી હોય છે.

મૌલિક ગાડીમાંથી ઊતરી જુવે છે તો સામે એક વિશાળ કેન્દ્ર જેવું હોય છે, જેના પર લખેલું હોય છે, "સપનાની દૂનિયા"

મૌલિક ધીરે-ધીરે આગળ વધે છે, અને અંદર જતા જુવે છે તો સમગ્ર રૂમમાં બાળકો રમતાં હોય છે, આ બાળકો એ જ છે જેના માતા-પિતા મૌલિકના માતા-પિતાની વાતને સમજીને અહી એકત્રિત કર્યા હોય છે.

મૌલિક ધ્યાનથી બધા જ બાળકોને જુવે છે, કોઈ ચિત્ર બનાવી રહ્યું છે, તો કોઈ લખી રહ્યું છે, કોઈ રમત રમી રહ્યું છે, તો કોઈ ગાઈ રહ્યું છે. આ દૃશ્યો જોઈ મૌલિકના મુખ પર એક અનોખું હાસ્ય છવાઈ જાય છે.

અચાનક મૌલિકની નજર સામે પડેલા મોટા બ્લેક બોર્ડ પર પડે છે. જયાં એક છોકરો સુર્યનું ચિત્ર બનાવી રહ્યો હોય છે, અને ચોક વળે એમાં વાદળી કલર ભરી રહ્યો હોય છે. આ જોઈ મૌલિક દોળીને ત્યાં જાય છે અને ટેબલ પરથી વાદળી ચોક ઊપાડી તે પણ તેની સાથે સૂર્યમાં વાદળી રંગ ભરવા લાગે છે, બંન્ને જણા એક-બીજા સામે જોઈ ખળખળાટ હસવા લાગે છે.

સામે ઊભેલા મૌલિકના માતા-પિતા આ દૃશ્ય જોઈ, છેલ્લા આઠ મહિનાથી કરેલી અથાક મહેનતનું થાક ઊતારવા લાગે છે.

અંત્તે એટલું કે,

"બધા બાળકોનું પોત પોતાનાનું આકાશ હોય છે, અને પોત પોતાનું સૂર્ય હોય છે, બધાનો પોત પોતાનો વાદળ હોય છે અને પોત પોતાનો દરિયો હોય છે, એ દરિયામાં ડૂબકી મારી સૌને પોતાના વિચારોમાં જીવવાની આઝાદી છે."

લેખક નું નામ : અલ્પેશ કારિયા

શાળા નું નામ : તપોવન વિદ્યાલય–માળિયા હાટીના

સરનામું : જનકપુરી સોસાયટી એપાર્ટમેન્ટ, એ–૬, ઝાંઝરડા રોડ, જુનાગઢ
મો. ૯૭૨૩૬ ૯૮૩૮૪

અભ્યાસ : એમ.કોમ., બી.એડ.

વાર્તાનું શિર્ષક : " તથ્ય "

---

આજે શનીવારનો દિવસ એટલે દિલીપભાઈ વહેલા ઉઠી પુજા–પાઠ કરીને છાપુ વાચતા હતાં. પુજા–પાઠ આમતો, નિત્યક્રમ હતો પરંતુ શનીવારે વિશેષ પુજા કરતાં અને થોડો વધુ સમય ઈશ્વરના સાનીધ્યમાં વિતાવતા એક નાના એવા રેલ્વે સ્ટેશન પર તેઓ સ્ટેશન માસ્તર તરીકે ફરજ બજાવે છે. જે આઝાદી પહેલાનાં સમયથી કાર્યરત છે. દિલીપભાઈ બે વર્ષની નોકરી બાદ નીવૃત થવાના છે. અને તેમના ધર્મ પત્નિ મીનાબેન દિલીપભાઈનું ગ્રૃહખાતું સંભાળે છે. સંતાન માં એક પુત્ર અને એક પુત્રી છે. પુત્ર મીહીર તાજેતરમાં જ એલ.એલ.બી. નો અભ્યાસ પુર્ણ કરી વકીલાત ની પ્રેકટીસ કરી રહયો છે. સાથે–સાથે આગળનો અભ્યાસ પણ કરે છે. પુત્રી માહી જર્નાલીઝમ ના પ્રથમ વર્ષ માં અભ્યાસ કરે છે. એકંદરે દિલીપભાઈનું નાનુ અને સુખી કુટુંબ છે.

લ્યો, ચા મીનાબેન ચા સાથે દિલીપભાઈ સમક્ષ ઉપસ્થિત થયાં. દિલીપભાઈ ચા ની ચુસકી લેતાં–લેતાં છાપું વાંચી રહયાં હતાં. એવામાં મીહીર અને માહી આવે છે. પપ્પા ! આ શું ? તમારે રજા છે. આજે ? માહી થી પુછાઈ ગયું. જવાબમાં દિલીપભાઈ સ્માઈલ આપતાં બોલ્યા ; ના, બેટા ! મે આજે રજા લીધી છે. તારા મમ્મી સાથે કયાંક સત્સંગમાં જવાનું છે. ત્યાં મહોત્સવ ઉજવે છે. એટલે સાંજ પડી જશે. ત્યાં જ મીનાબેન બોલ્યા, તમારી બન્ને ની રસોઈ બનાવી ને જાવુ છું. સમયસર જમી લેજો. મીહીર ના ચહેરા ના હાવ–ભાવ બતાવતાં હતાં કે તે કંઈ' ક બોલવા માંગે છે. પણ પોતાના શબ્દો ને કાબુ કરી ચહેરા પર સ્માઈલ લાવવાનો પ્રયત્ન કરે છે.

દિલીપભાઈ એ સહજતાથી પુછયુ ; ' મીહીર કાલે શું પ્લાન છે તમારો ? કેમ !

અરે ! રવિવાર છે કાલે તો કાયાં'ય જવાનો છો ? ના, પપ્પા.

તો આપણે મોર્નિંગ વોકમાં જવુ છે ?

હા, પપ્પા હું પણ આવીશ. માહિ એ કહયુ. ઠીક છે પપ્પા આપણે બધા જઈશું.

તારી મમ્મી તો પુજા–પાઠ માં થી નવરી નહી થાય એટલે આપણે ત્રણેય જઈશું. ઓ કે પપ્પા Done !

બીજે દિવસે સવારના સાડા છ વાગ્યે દિલીપભાઈ મીહીર અને માહી સાથે મોર્નિંગ વોક માટે નીકળયા. રસ્તમાં દિલીપભાઈ જાણી જોઈને વાત છેડે છે, મીહીર, એક વાત પુછુ ?

હાસ્તો પપ્પા, વાત પુછવા માટે પુછવાનું હોય ! દિલીપભાઈ ચહેરા પર સ્મિત લાવી પુછે છે ; તને પુજા–પાઠ, સત્સંગ, પ્રવચન આ બધા માં રુચી નથી ? તને ઈશ્વરમાં શ્રધ્ધા નથી ! પપ્પા, પહેલા સવાલનો જવાબ 'ના' અને બીજા સવાલનો જવાબ 'હા'

અરે ! ભાઈ આ કોર્ટ નથી કે હા ના માં જવાબ આપવો પડે એક્ષપ્લેન કર... કેમ ના ? અને પછી કેમ હા ? માહી એ હંસતા હંસતા મીહીર ને સાંભળવાની ઈચ્છા વ્યકત કરી.

પહેલા સવાલનો જવાબ ના એટલા માટે કે હું એ બધાને ધંધાકિય પ્રવૃતિ માનું છુ. ધાર્મિક પ્રવૃતિ ફકત કર્મ આધારીત છે. તમે પ્રાર્થના કરો, ધ્યાન કરો, દર્શન કરો બધુ બરાબર છે પણ કોર્ટ માં વકીલ ની જરૂર જ ન હોય પણ તમે ડરીને વકીલ રાખો છો તેમ અહિં પણ વચેટીયા ધાર્મીક એજન્ટો ની રોજી–રોટી નો તમે સ્ત્રોત બનો છો. તમે સીધા જ ઈશ્વર સાથે સંપર્ક માં કેમ નથી ? અને જ્ઞાન ની જરૂર નથી પડતી, ધર્મમાં આત્મજ્ઞાન મહત્વનું છે. તો એ માટે ભગવત ગીતા છે જ. કુરાન, બાઈબલ જેવા ગ્રંથ માં જે કહયુ જ નથી તેવુ પ્રવચનો માં કહેવાય એ કેટલુ યોગ્ય ? જૈન ધર્મ માં 'આગમ' છે દરેક ગ્રંથ માં તથ્ય છે. પરંતુ પ્રવચનકારો  તથ્યહિન બાબતો રજુ કરી, ડરાવીને રાખે છે. તમે સંસારી છો તો તમારું સર્વસ્થ  તમારા સંસાર માટુ લુટાવી દો. તમે ત્યાગી છો તો સર્વસ્થ ત્યાગી દો. ધન, વૈભવ, એશ્વર્ય, સુખ–સુવિધા નો મોહ સામાન્ય માણસોને હોય તમે કયારેય જૈન સાધુ–સાધ્વીઓને લકઝરીયસ કાર–બંગલા માં જોયા છે ? આ બધુ ત્યજી ને તે  ધર્મપથ ની પસંદગી કરે છે. જે લોકો અનાજનો એક કણ નથી સંગ્રહ કરતાં કે નથી વેડફતા તે જ સાચા ધર્મગુરૂ છે. જે દરેક જીવ પ્રત્યે પ્રેમ, સહાનુભુતી, સાંત્વના, આદર અને સન્માન ધરાવે છે તે જ દિવ્ય સ્વરૂપ આત્મા છે. અહિં તો ભેટની રકમ મુજબ પ્રસાદીના પેકેટ તૈયાર થાય છે.

બસ, બસ ભાઈ ! શાંત થા વત્સ ! અને શાંતી થી બીજા સવાલનો જવાબ આપ, તને ઈશ્વરમાં શ્રધ્ધા છે ? માહી એ હંસતા–હંસતા પુછયુ હાસ્તો ! મને ઈશ્વર પર સંપુર્ણ શ્રધ્ધા છે એટલે જ તો મારે ઈશ્વર સાથે સંપર્ક કે સંવાદ માટે કોઈ પણ મહારાજ ની જરૂર નથી પડતી. મારો ઈશ્વર પ્રત્યેક જીવ માં છે. કણ–કણ માં છે. દયા, પ્રેમ, સ્નેહ અને સહાનુભુતી એ એને પસંદ છે. કોઈ ને મદદ કરો અપેક્ષા વગર, કોઈ ને દુઃખ કે હાની ન પ્હોચાડો તો એ રાજી રહે છે. હું કુરુક્ષેત્ર માં અર્જુન ને સમજાવતા યોગેશ્વરને માનું છું.  જેમાંએ સ્પષ્ટ કહે છે કે, " હું જ ધર્મ છું. અને કર્મ જ ધર્મ છે. તમે કલાકો સુધી મારી આગળ બેસી માળા જપતા રહેવાથી નહી પરંતુ એક રડતા બાળકને ઉઠાવી એને રમાડીને એના ચહેરા પર સ્મિત લાવો તો એ મારુ સ્મિત  છે. તમે કોઈ પણ જીવને પ્રેમ કરો છો તો એ પ્રેમ મને કરો છો. તેમ કોઈ પણ જીવ પ્રત્યે ધુણા અને નફરતની અનુભુતી રાખો છો તો એ મારા પ્રત્યેની હું અનુભવું છુ. પ્રત્યેક જીવ માં હું છું "

દિલીપભાઈ એ મૌન તોડતા કહયુ, બેટા જરૂરી નથી કે બધાને ધર્મની સાચી સમજ હોય. આપણી આસપાસના મોટા ભાગના લોકો ધર્મ અંગે નું જ્ઞાન પરીવાર, સમાજ અને વાતાવરણમાં થી મેળવે છે. વાંચન અને મનન ના અભાવે એક માંથી બીજામાં અને બીજામાં થી ત્રીજામાં આ જ્ઞાન આવે છે. અને આમ પણ, " જયાં શ્રધ્ધા નો વિષય હોય ત્યાં પુરાવાની જરૂર નથી હોતી'

પણ પપ્પા, જે કંઈ તમે સાંભળો છો એ સીધુ જ કેમ સ્વીકારી શકો ? માનવસહજ સ્વભાવ મુજબ મનમાં સવાલ તો ઉદભવતો હશો ને ? જયાં સુધી તમારા મનમાં સવાલો ઉભા ન થાય ત્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તિ કઈ રીતે સંભવ બને ?

માહિના સવાલ સામે સ્મિત લાવતા દિલીપભાઈએ કહયુ ; ડર ! નાનપણમાં શિક્ષકને પ્રશ્ન પુછતાં વિદ્યાર્થી જેમ ડરે છે તેમ અહિં પણ સામે ના ધર્માધીકારીને પ્રશ્ન પુછતા ભાવિકો ડરે છે. એ 'ડર' ને લીધે સઘળું સ્વીકારવા લાગે છે.

ડર ? ડર શાનો ?

હાંસીપાત્ર બનવાનો, અપમાનીત થવાનો, બહીસ્કૃત થવાનો અને છેલ્લે પાપ લાગશે તો ? પણ, પપ્પા તમે મમ્મીને તો સમજાવી શકોને ? કે સાચુ શું છે ? માનવ તરીકે આપણો પ્રથમ ધર્મ જીવો પ્રત્યે સંવેદના છે. કેટલાયે લોકો પશુ–પક્ષીઓને તમારી જરૂર છે. ત્યારે તમે નિષ્પ્રાણ મુર્તી સામે સમય અને સંપતી વેડ ફો છો ? મીહીર ના અવાજમાં ગુસ્સો હતો.

મીહીર ! જે ને જે ગમે તેમ કરવા દો તો સંબંધો સચવાય. એક–બે વાર માં ન સમજે તો તમે એને અનુકુળ થઈ જાવ. બીજો વિકલ્પ નથી હું ઘરની શાંતી ખુશી કે સંબંધો ને અસ્થિર થવા દેવા નથી માંગતો બેટા !

ઠીક છે, ઠીક છે, ચાલો હવે મારે મોડુ થાય છે તમારે બધાને રવિવાર છે મારે એકસ્ટ્રા કલાસ છે. માહી એ દલીલો ને રોકતા હળવા મુડમાં ચર્ચા પુરી કરાવી.

બધા ઘરે પ્હોચીને પોતે–પોતાની દિનચર્યા માં જોડાઈ ગાય.

કેટલીક વાર વૈચારીક મત–ભેદ હોવા છતાં ખુલ્લા મને હળવી ચર્ચા થવાથી મન–ભેદ થતાં અટકાવી શકાય છે. અહી, શેકસપિયર ની વાત બીલકુલ ફીટ બેસે છે, " દરેક વસ્તુનો સમય હોય છે. " અર્થાત અમુક બાબતો આપણે ન છુટકે સમય પર છોડવી પડે છે. સમય જ ઘાવ છે અને સમય જ મલમ છે.

આજે સોમવાર નો દિવસ છે. દિલીપભાઈ સ્ટેશન પ્હોચી ગયા છે અને માહી તથા મીહીર નીકળી રહયા છે. સાંજના સાત વાગ્યાના સમયે દિલીપભાઈ માહી અને મીનાબેન હોલમાં બેઠા છે. ગપસપ કરે છે. અને ટી.વી. માં ગુજરાતી ન્યુઝ ચેનલ પર સમાચાર જુએ છે.

માહી, મીહીર હજુ સુધી કેમ નથી આવ્યો ? સાત વાગવા આવ્યા ! મીનાબેને માહી સામે જોતા પુછયુ મમ્મી ! તુ જ ફોન કરી લે મારો ફોન એ રીસીવ નહી કરે. એટલામાં દિલીપભાઈ મીહીર ને ફોન કરે છે. રીંગ વાગે છે. પણ ફોન રીસીવ નથી થતો. દિલીપભાઈ બીજી રીંગ કરે છે. પણ તો રીપ્લાય આ છોકરો ફોન રીસીવ કરીને એટલુ તો કહી શકે ને કે હું થોડી વાર પછી ફોન કરુ, દિલીપભાઈ બબડયા, પપ્પા, ભાઈ રસ્તામાં હશે, બાઈક પર એટલે ફોન રીસીવ નહી કર્યો હોય કુલ ડાઉન હમણાં આવશે.

થોડીવાર બાદ દિલીપભાઈ નો ફોન રણકયો અને ફોન સ્ક્રીન ઉપર મીહીર નું જ નામ હતું.

" લો આવી ગયો ફોન", દિલીપભાઈ એ ફોન રીસીવ કર્યો પણ સામેનો અવાજ મીહીર નો ન હતો. હલ્લો કોણ બોલો છો ?

હું મીહીરના પપ્પા દિલીપભાઈ બોલુ છું, આપ કોણ ? હું મહાત્મા હોસ્પીટલમાં થી બોલુ છું. ઓ ફોન વાળી વ્યકિતને તમે ઓળખો છો ?

હા, આ ફોન મારા પુત્ર મીહીરનો છે, કેમ ? શું વાત છે ?

તેમનો અકસ્માત થયો છે. હું તેમને અહિં હોસ્પીટલ લઈને આવ્યો છું. થોડીવારમાં પોલીસ પણ આવશે. આપ તુરંત આવો.

શું ? શું થયું ? કેમ છે મીહીરનો ? દિલીપભાઈનો અવાજ તુટતો હતો.

ટ્રીટમેન્ટ શરૂ કરાવી છે. બાકી તો ડોકટર બહાર આવે ત્યારે ખબર પડે આપ આવી જાવ.

હા, હા. આવું છું.

માહી મીના

હું મહાત્મા હોસ્પીટલ જાઉ છુ મીહીરનો અકસ્માત થયો છે. દિલીપભાઈ વોલેટ લેતા હતાં એવા માં માહી એ કહયું ; પપ્પા ! અમે પણ આવીએ છીએ હા, અમે પણ આવીશું મિનાબેન ની આંખો માં પણ આસુ આવી ગયા.

બધા હોસ્પીટલ જવા નિકળે છે.

સાંજના આઠ વાગ્યાનો સમય છે. મહાત્મા હોસ્પીટલ આસ-પાસ ભરચક ટ્રાફીક છે. કાર દુર જ પાર્ક કરી બધા હોસ્પીટલમાં પહોચે છે. ત્યાં જ એક યુવાન પુછે છે ; દિલીપભાઈ ?

હા, તમે ?

મેં જ ફોન કર્યો હતો, આવો.

બધા ડોકટર પાસે જાય છે.

ડોકટર ! હું દિલીપભાઈ, મીહીર નો ફાધર છુ, કેમ છે મીહીરને ?

ડોકટર આંખો પરના ચશમા કાઢી નીચે ટેબલ પર મુકતાં ધીમા અવાજે કહે છે. સોરી ! મીહીરને ગંભીર ઈજા પ્હોંચવાના લીધે બ્રેઈન હેમરેજ થયું હતું. અહી પ્હોંચે એ પહેલા જ તેણે શ્વાસ લેવાનું બંધ કરી દીધું હતું.

મીનાબેન અને માહીની ચીંસો થી ડોકટરની કેબીન માંથી આવતા આક્રંદી અવાજ થી હોસ્પીટલ સ્ટાફ દોડી આવ્યો. દિલીપભાઈ ની પગ નીચેની જમીન સરકી રહી હોય, તેમ નીચે ઢળી પડયાં. અને તેઓ પણ જોર–જોર થી રડવા લાગ્યાં. બધા તે લોકો ને શાંત કરવા પ્રયત્ન કરી રહયાં હતાં. તેમને વંઈટીંગ રૂમ માં લઈ જવાયા. એટલામાં પોલીસ સ્ટાફ પણ આવી ગયો હતો પરંતુ વાતાવરણ શાંત થાય તેની રાહ જોઈ તેઓ ડોકટરનું નિવેદન લઈ રહયાં હતા. થોડા સમય પછી બધા થોડા શાંત થાય છે. ડોકટર કેટલીક ફોર્મોલીટીઝ પુરી કરે છે. પોલીસ સ્ટાફ દિલીપભાઈના પરીવાનું નિવેદન લેવા આવે છે. એટલામાં એક સફેદ ઝભ્ભો– લેંઘો પહેરેલા આધેડ આવે છે. અને પુછે છે ; મીહીરભાઈના પરીવાર જનો કયાં મળશે ?

અમે જ છીએ, બોલ, શું કામ હતું ?

પે'લા ભાઈના હાથમાં રહેલી ફાઈલ માંથી એક કાગળ કાઢી ને દિલીપભાઈને આપે છે.

' આ મીહીર ધ્વારા સ્વૈચ્છિક અંગ દાન નો નિર્ણય હતો. મીહીરે તેના શરીરના તમામ અંગો જે બીજાને ઉપયોગી થઈ શકે તેમનું દાન કર્યું છે.'

શું ? મીનાબેન રડતા રડતા બોલ્યા,

હા, મીના આ ભાઈ સાચુ કહે છે. ને આમ પણ જીવન નું ' તથ્ય' મીહીર થી વધારે કોણ સમજી શકે ? ધર્મ અને કર્મ નું તથ્ય તો હજુ કાલે જ એણે મને સમ જાવ્યું હતું. દિલીપભાઈ એ કહયું, મીહીરના મૃત્યુને વીસ દિવસ વીતી ગયા બાદ દિલીપભાઈ ના હાથમાં ચેક આવે છે. મીહીરના અકસ્માત વિમાની પચીસ લાખની રકમનો અને દિલીપભાઈ એ પરીવારની સહમતી થી આ રકમ થી એક સામાજીક સંસ્થા શરૂ કરી જેનો વહીવટ માહીને સોંપાયો અને સઘળુ સંચાલન અને સેવા દિલીપભાઈ અને મીનાબેન કરવા લાગ્યા.

માહીના લગ્ન થઈ ગયા હતાં મીહીરના મૃત્યુને છ વર્ષ થઈ ગયા હજુ પણ " તથ્ય" ફાઉન્ડેશન નો વહીવટ માહી જ સંભાળે છે. તથ્ય ફાઉન્ડેશન જરૂરીયાત મંદ, નીરાધાર અને નિઃસહાય લોકો માટે આશા નું કેન્દ્ર હતું.

પ્રજાપતિ પિયુષભાઈ બાબુભાઈ

મદદનીશ શિક્ષક

15 સુખરામ નગર સોસાયટી

વિરમગામ રોડ, સાણંદ.

મુ. પો. સાણંદ

શાળા : કે.એસ.બી વિદ્યાવિહાર

ઉપરદલ

અભ્યાસ : M.A.B.ED.

શીર્ષક : સ્મરણ વિસ્મરણ

M 9427051662

## [ સ્મરણ વિસ્મરણ ]

સાણંદથી અમદાવાદ ભણવા જતાં વિદ્યાર્થીઓ સાણંદથી બસમાં બેસી વાસણા, પાલડી સુધી પહોંચતા. તે સમયે ન કમાવાની ફિકર ન ભવિષ્યની ચિંતા. ન ભણવામાં ગંભીરતા કે ન ફરવામાં નિયંત્રણ. માત્ર આઝાદીનો ઉમળકો હૈયામાં સમાતો.સાણંદથી જ આખી બસ કોલેજીયન છોકરાઓ ને છોકરીઓથી ભરાઈ જતી. જાપાનમાં પડેલ અણુબોમ્બ જેવી રીતે બધી જ દિશામાં વિસ્તાર પામતો, તેવી જ રીતે પાલડીના બસસ્ટેન્ડથી બધાં જ વિદ્યાર્થીઓ અલગ-અલગ દિશામાં પોતપોતાની કોલેજ તરફ ફેલાતા. ફરતા, ભમતા અને ત્રણ ચાર કલાકમાં પાછા વળતા.

આ દરરોજનો ક્રમ હતો. લગભગ દરેક વિદ્યાર્થીઓની બસનો આવવા જવાનો સમય એક જ રહેતો. બસનાં ડ્રાઇવર-કંડકટર એક જ રહેતા. ઘણા બધા વિદ્યાર્થીઓ સાથે અપડાઉન કરતો રાહુલ ખૂબ જ વાચાળ વ્યક્તિત્વ ધરાવતો હતો. તેનાં આવવાથી બસમાં આનંદ, ઉલ્લાસનું વાતાવરણ થઈ જતું. તેની વાતો કરવાની ઢબ આનંદમાં વધારો કરતી. ભણવા સિવાય તે લગભગ વર્તમાન પ્રવાહમાં બનતી બધી જ ઘટનાઓની ચર્ચા કોલેજનાં વિદ્યાર્થીઓ સાથે કરતો અને પાલડી ક્યારે આવી જતું તેની ખબર પણ નહોતી રહેતી. ક્યારેક ચર્ચાઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતી, પરંતુ સ્ટેશન આવતાં બધી જ ઉગ્રતા આપોઆપ શાંત થઈ જતી હતી.પરંતુ રાહુલને દરરોજ એક વાત મનમાં સતત ખૂંચ્યા કરતી. સાણંદ અમદાવાદ બસનાં કંડકટર બસની ઘંટડીની દોરી સાથે આઠ-દસ નાની બંગડીઓ તેમજ નાની ચુંદડી બાંધી રાખતા. તે જોઈને તેને ઘણી વાર કહેવાનું મન થતું અને કહેતો પણ ખરો...." આપણો દેશ અંધશ્રદ્ધામાં માનનારો છે. જો આપણે ખોટાં નકામાં દોરા-ધાગા, ભુવા ભુતાળા પાછળ નકામો સમય ન વેડફીએ તો કદાચ આપણે વિશ્વફલક પર સર્વોચ્ચ શિખરે વિકાસશીલ દેશોની હરોળમાં બેસી શકીએ. પણ આજકાલનાં ભણેલાં પણ અભણ લોકો નકામી પરંપરા, ખોટા રીત-રિવાજ, શંકા કુશંકામાં જીવનનો અમૂલ્ય સમય પસાર કરી નાખે છે. શું બંગડી બાંધવાથી બહુચર અને ચુંદડી બાંધવાથી ચામુંડા પ્રસન્ન થશે???? " આવાં કટાક્ષયુક્ત વાક્યો બોલી અને જશવંતભાઈ કંડકટરને સંભળાવતો.

જશવંતભાઈ 50 વર્ષની ઉંમર ધરાવતા. તેનાં વાક્યો તેમનાં હૃદયને કોરી ખાતા, પણ મૌન ધારણ કરતાં અને ચુંદડી, બંગડી પર એક નજર કરી, ધીમો સ્પર્શ કરી બારી બહાર નજર કરી લેતાં,તેમજ ટિકિટ કાપવામાં વ્યસ્ત થઈ જતાં. રાહુલ ની વાતોને સાંભળી ન સાંભળી કરી જાણે નજર અંદાજ કરી દેતા. રાહુલ અઠવાડિયામાં બેથી ત્રણ વખત પ્રયત્નપૂર્વક જશવંતભાઈનું મોઢું ખોલાવવા માટે આ વાક્ય હંમેશા બોલતો...કે " શું બંગડી બાંધવાથી બહુચર અને ચુંદડી બાંધવાથી ચામુંડા પ્રસન્ન થશે?" શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને સ્થિતપ્રજ્ઞના જે લક્ષણ કહ્યા છે તે જ પ્રમાણે જશવંતભાઈ સ્થિતપ્રજ્ઞ બની સાંભળી લેતા. તેઓ ક્યારેય કોઇ પ્રતિકાર કે પ્રતિક્રિયા આપતાં નહીં.તેઓ ટિકિટ કાપવામાં વ્યસ્ત રહેતા. રાહુલ સાથે અપડાઉન કરતી શ્વેતા વારંવાર તેને ટોકતી. " રાહુલ, તું બિચારા જશવંતભાઈને હેરાન ન કર. તેમની ઉંમર તો જો તારા પપ્પા કરતા પણ મોટી ઉંમરના હશે. આપણે નાના મોઢે મોટી વાત ન કરાય. જેવી જેની શ્રદ્ધા. " પણ આધુનિક વિચારો ધરાવતા રાહુલને બંગડી અને ચુંદડી જોઈ એક પ્રકારનો ગુસ્સો આવતો અને તે જશવંતભાઈ પર વાણીનાં પ્રહાર કરવાની એક પણ તક છોડતો નહીં. જો કે અતિ આધુનિક, ફેસનેબલ રાહુલ પોતાના નાનકડા કાંડા ઉપર મોટી, જૂની ઘડિયાળ બાંધી રાખતો. તે જોઈ જશવંતભાઈને પણ મનમાં પ્રશ્ન થતો કે આ આવડી મોટી ઘડિયાળ કેમ પહેરી રાખે છે? પણ પોતાનું અપમાન થશે તેમ વિચારી ક્યારેય પ્રશ્ન પૂછતા નહીં.

કોલેજનાં બે વર્ષ અપડાઉન કરી પુરા કર્યાં. આજે દરરોજ વહેલાં આવતાં જશવંતભાઈ બસ ઉપડવાનો સમય થવા છતાં પણ આવ્યા ન હતાં. ડ્રાઈવરને પૂછતાં જાણવા મળ્યું કે આજે તેમની એકની એક મૃતપુત્રીની 15મી વાર્ષિક પુણ્યતિથિ હતી. તો ઝુપડપટ્ટીના બાળકોને ચોકલેટ અને પડીકાનું વિતરણ કરી આવવાના હતા. આજે આટલા વર્ષમાં પહેલીવાર રાહુલને જશવંતભાઈ માટે એક કુણી લાગણી ઉત્પન્ન થઈ. તેણે તરત જ પૂછ્યું "કેવી રીતે મૃત્યુ પામી હતી જશવંતભાઈની દીકરી?"આવો આતુરતાપૂર્વકનો પ્રશ્ન રાહુલે ડ્રાઇવર સાહેબને કર્યો. "અકસ્માત........એક ગોઝારો અકસ્માત નડી ગયો. ને તેમની નજર સામે જ વ્હાલસોયી દીકરી એ......." એટલામાં જ જશવંતભાઈ ખાખી વસ્ત્રોમાં સજ્જ સામે આવીને ઊભાં રહ્યા અને ડ્રાઇવર સાહેબની વાત અધૂરી રહી ગઈ. "અરે! ભાઈ ખુબ મોડું થઇ ગયું. ચાલ, ગાડી ઉપાડ." રાહુલ અને જશવંતભાઈ બસમાં બેઠાં. બે વર્ષ સતત બડબડાટ કરતો રાહુલ શાંત અને શૂન્યમનસ્ક હતો. જશવંતભાઈના ચહેરા ઉપર પણ ઉદાસીના વાદળ છવાયા હતા. આજે તેઓ આંખોનાં ખૂણામાં બાઝેલા આસુંને બારી બહાર નજર કરી લૂછી લેતાં. આજે પહેલીવાર રાહુલને જશવંત માટે ખૂબ જ કોમળ લાગણી થઈ. એક પિતા પોતાની મૃત પુત્રીને કેટલી યાદ કરતો હશે? શું વીતતી હશે તેમના ઉપર? તેવી કલ્પના માત્રથી રાહુલનુ હૃદય પણ દ્રવી ઉઠ્યું. અડધો કલાકથી શાંત રાહુલને જોઈ જશવંતભાઈએ કહ્યું પણ ખરું " કેમ ભાઈ, રાહુલ! આજે આટલા શાંત છો ? કંઈ થયું છે કે શું? " રાહુલે "કંઈ નહીં" કહી વાતને પૂર્ણ વિરામ આપ્યુ. રાહુલ સતત વિચારતો હતો. ખરેખર કેટલી વ્યથા સાથે જીવતાં હશે તે પિતા?

રાહુલે શ્વેતા સાથે સાંજનાં સમયે જશવંતભાઈના ઘરે જવાનું નક્કી કર્યું. તે પ્રમાણે સાંજે રાહુલ અને શ્વેતા જશવંતભાઈના ઘરે પહોંચ્યા. બે રૂમ રસોડાવાળુ નાનકડું પતરાવાળુ તે ઘર. તેમાં એક રૂમ હંમેશા બંધ રહેતો. તે તેમની મૃત દીકરી ગૌરીનો રૂમ હતો. રાહુલ અને શ્વેતાને જોઈને જશવંતભાઈના ચહેરા પર આશ્ચર્યપૂર્વકનું સ્મિત આવ્યું.તેમણે પૂછ્યું પણ ખરુ "અરે, રાહુલ,શ્વેતા તમે અત્યારે અહીં??શા માટે?" તોફાની રાહુલે જવાબ આપ્યો "કાકા, આજે અમે તમને જ મળવા માટે આવ્યાં છીએ." અરે વાહ ! ખુબ સરસ આવો આવો " આવકારપૂર્વક જશવંતભાઈ અને તેમના ધર્મપત્ની સુશીલાબેને રાહુલ અને શ્વેતાને ઘરમાં બેસાડ્યા. રાહુલે કહ્યું. "અંકલ, આજે તમારી દીકરીના મૃત્યુને 15 વર્ષ થઈ ગયા?? શું થયું હતું તમારી દીકરીને??" અત્યંત વાચાળ, હસમુખો ને ભ્રમરવૃત્તિવાળો રાહુલ આજે જીવનમાં પહેલીવાર આટલો ધીર ગંભીર બન્યો હતો.

જશવંતભાઈ શ્વેતા અને રાહુલને વર્ષોથી બંધ પડેલા ગૌરીના રૂમમાં લઈ ગયા. એક અત્યંત સુંદર

બાળકીના ફોટા પર સુખડનો હાર લટકતો હતો. નાનકડી ઢીંગલીઓ, રમકડા,તેના હાથે દોરેલા માતા-પિતાની તસવીર, નકામા પુઠામાંથી બનાવેલું ઘર. આ બધું જ બતાવ્યું ત્યાર પછી જશવંતભાઈએ વાતની શરૂઆત કરી "બેટા, શું વાત કરું! હું એક એવો કમનસીબ બાપ છું જેણે પોતાની દીકરીને નજર સામે જ મરતાં જોઈ છે અને કંઈ જ કરી ન શક્યો તેનો અફસોસ છે." આટલું બોલતાં બોલતાં બન્ને પતિપત્નીની આંખો ચોધાર આંસુ સારવા લાગી.

"મારી દીકરી ગૌરી પાંચમાં ધોરણમાં ભણતી હતી. ભણવામાં તે ખૂબ જ હોશિયાર હતી. શાળામાંથી પાંચ દિવસનો સૌરાષ્ટ્રનો પ્રવાસ રાખવામાં આવ્યો હતો. "શૈક્ષણિક પ્રવાસ " માટે સાણંદ ડેપો માંથી સરકારી બસ નક્કી કરવામાં આવી હતી. મારી દીકરીની ઈચ્છા હતી કે પપ્પા તમે અમારી બસમાં કન્ડકટર બનીને આવજો. ડેપો મેનેજરને વિનંતી કરતાં તેમણે પરવાનગી આપી. ગૌરી ખૂબ જ ખુશ હતી કેમકે તેમની જ બસમાં તેનાં પિતા જ કંડકટર બની સાથે આવવાનાં હતા. દ્વારિકા, બેટદ્વારકા, સોમનાથ, જુનાગઢ, વેરાવળ સતાધાર ખુબજ આનંદપૂર્વક ફરી અમે પાછા આવતાં હતાં. વીરપુર જલારામ બાપાનાં દર્શન કર્યા. સાંજનું ભોજન લીધું. બજારમાંથી ગૌરીએ તેનાં માટે તેમજ તેની મમ્મી માટે સુંદર કાચની લાલ બંગડીઓ લીધી. અને નાનકડા હાથમાં પહેરી પણ લીધી.....તેને કાચની બંગડી પહેરવાનો ખૂબ જ શોખ હતો. વારંવાર હાથને ઊંચા નીચા કરીને અવાજને સાંભળતી અને અમને સંભળાવતી. વીરપુરથી બસ સાણંદ તરફ રવાના થઈ. બધાં જ વિદ્યાર્થીઓ અંતાક્ષરી રમવામાં મશગુલ હતા. ડ્રાઇવરની સામે જ રહેલી સીટમાં હું બેઠો હતો. મારી દીકરી ગૌરી વારંવાર મારી પાસે આવતી અને બેસતી. તે નાનકડી બંગડીઓથી રમતી અને તેનો મધુર અવાજ મારા કાનમાં સંભળાવતી. રાત્રીનાં લગભગ ૯ વાગ્યા હશે. ડ્રાઇવર ખુબ જ શાંતિથી બસ ચલાવી રહ્યાં હતા. ત્યાં અચાનક જ એક બાઈક સવાર રોંગ સાઈડમાં બિલકુલ સામે જ આવી ગયો. તેને બચાવવા માટે ડ્રાઇવરે રોડ પરથી નીચેની તરફ બસ લીધી પણ રોડની સાઈડમાં આવેલ ગરનાળામાં તે બસ ખાબકી. અંતાક્ષરીનો તે અવાજ "બચાવો ....બચાવો....."ની કારમી ચીસોમાં ફેરવાઈ ગયો. કરુણ ચીસો અને આક્રંદ થવા લાગ્યો. મારા જ ખોળામાં બેસેલી મારી દીકરી મારા જ વજનથી દબાઈ ગઈ અનેક વિદ્યાર્થીઓનો ખડકલો અમારા પર થઈ ગયો.. અનેક રાહદારીઓ પોતાના સાધન ઉભાં રાખી અમને બચાવવા માટેનો અથાગ પ્રયત્ન કરવા લાગ્યા. "પપ્પા બચાવો...પપ્પા બચાવો..."એમ એ બોલતી રહી ને હું સાંભળતો રહ્યો. અમારા પર ૪૦થી ૫૦ વિદ્યાર્થીઓનો ખડકલો થઇ ગયો હતો . ખૂબ જ પ્રયત્ન કરવા છતાં હું કઈ જ ન કરી શક્યો.....એ ગોઝારા અકસ્માતમાં માત્ર 15 મિનિટમાં મારી દીકરીએ અંતિમ શ્વાસ લીધો....108 દ્વારા અમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા પણ અફસોસ મારી વહાલસોયી દીકરી આ જગત છોડીને ચાલી ગઇ હતી. ડોકટરે તેને મૃત જાહેર કરી હતી. બસ હવે રહી ગઈ તો માત્ર તેની ભૂતકાળની સ્મૃતિઓ....તેની મનગમતી બંગડીઓ......જે બીજા દિવસે તેનાં શરીર પરથી ઉતારેલી.....હા રાહુલ! જેને તમે અંધશ્રદ્ધા કહો છો તે તેની પેલી મનગમતી ચુંદડીનો ટુકડો.....અને આ બંગડીઓ.......છેલ્લા 15 વર્ષથી બસની ઘંટડીની દોરી સાથે બાંધેલી છે. જેનો સ્પર્શ હરહંમેશ દીકરીની યાદ અપાવે છે કારણકે કાચની બંગડીઓ તેને ખૂબ જ ગમતી હતી. આમાં અંધશ્રદ્ધા જેવું કશું નથી." આટલું બોલતાં જ જશવંતભાઈ પોક મૂકીને રડવા લાગ્યા અને બોલવા લાગ્યા કે "હું મારી દીકરીને બચાવી ન શક્યો... બચાવી ન શક્યો.. "

શ્વેતાએ કહ્યું " કાકા અમને તમારા દીકરા દીકરી સમાન ગણો નિયતિનો ક્રમ છે જન્મ તેનું મૃત્યુ નિશ્ચિત છે જેમાં આપણે કંઈ જ કરી શકતા નથી. કદાચ ગૌરીનું મૃત્યુ તે રીતે જ લખાયું હશે ! અને તમે તો તેને બચાવવાનો

સંપૂર્ણ પ્રયત્ન કર્યો જ છે પણ પરમેશ્વર આગળ આપણે બધા લાચાર છીએ ."આટલું બોલતા બોલતા શ્વેતા રડી પડે અને રાહુલની આંખો પણ ભીંજાઈ ગઈ. આજે રાહુલે હૃદય પૂર્વક એકરાર કર્યો કે "કાકા, હું હંમેશા તમારી અંધશ્રદ્ધાની મજાક ઉડાવતો હતો પણ આજે ખબર પડી કે ખરેખર આ અંધશ્રદ્ધા નહોતી પરંતુ પોતાની પ્રેમાળ દિકરી માટેનો એક પિતાનો શ્રદ્ધાપૂર્વકનો અતૂટ પ્રેમ હતો.... ઘણીવાર જે દેખાય છે તે જોઈ આપણે અનુમાન કરીએ છીએ તે અનુમાન ખોટા હોય છે ને હકીકત કંઈક અલગ જ હોય છે. મારી તે અજાણતા થયેલી ભૂલને માફ કરશો..."

શ્વેતાએ જશવંતભાઈ, તેમના પત્ની સુશીલાબેન અને રાહુલને પીવા માટે પાણી આપ્યું. રાહુલ આજે ધ્રુસકે ને ધ્રુસકે રડતો હતો. જમણા હાથે બાંધેલી ઘડિયાળને બીજા હાથથી સ્પર્શ કરતો હતો અને રડે જતો હતો. ભાઈ રાહુલ થોડો સ્વસ્થ થા. અને આવડા નાના કાંડા ઉપર આવડું મોટું ઘડિયાળ કોનું છે? હું તને ક્યારનો પૂછવાનું વિચારતો હતો કે અતિઆધુનિક તું આવી જૂની ઘડિયાળ કેમ પહેરે છે ? પણ કદાચ મારો પ્રશ્ન તને નહીં ગમે, એવું વિચારી હું શાંત રહ્યો હતો." રાહુલે કહ્યું " કાકા શું વાત કરૂ? આજથી ચાર વર્ષ પહેલા અમે પરિવાર સાથે કુંભલગઢ, ઉદેપુર, આબુ,અંબાજીના પ્રવાસે ગયા હતા. મમ્મી પપ્પા અને ભાઈ બહેન ચાર જણનો અમારો નાનકડો રમુજી અને સુંદર પરિવાર હતો. કુંભલગઢનો કિલ્લો જોયો, ફોટોગ્રાફી કરી. ત્યાંથી ઉદેપુર આવ્યા. નાની મોટી ખરીદી કરી.. આબુ આવ્યા, ફર્યા ખૂબ આનંદ કર્યો. તેમાં વળી તે દિવસે મારા પપ્પાનો જન્મદિવસ હતો. તેથી મારા મમ્મીએ ખૂબ જ સુંદર કાંડા ઘડિયાળ તેમણે ભેટ આપી હતી. મારા પપ્પાને તે ખૂબ ગમી હતી. તેમણે તરત જ પોતાના જમણા હાથના કાંડા પર પહેરી લીધી. આબુથી સારી હોટલમાં જમી અમે પાછા ફરતા હતા.રાત્રીનો સમય હતો. પ્રવાસમાં કરેલા આનંદની પળોને વાગોળતા હતા. ત્યાં અચાનક સામેથી અતિશય ગતિથી આવતી ટ્રક જોઈ અમે ગભરાઈ ગયા. આંખોથી અંજાઈ ગયા. બહેન અને મમ્મીના મુખમાંથી ચીસ નીકળી ગઈ. ટ્રક અને ડ્રાઇવર બંને બેકાબુ બન્યા હતા. મારા પપ્પાએ એક્સીડન્ટ ન થાય તેના માટે ખૂબ પ્રયત્ન કર્યો. છતાં ટ્રકે ડ્રાઇવર સાઈડ એક જોરદાર ટક્કર મારી. ૨૦ થી ૨૫ ફૂટ અમારી ગાડીને ટ્રકે દૂર હડશીલી મૂકી. નાની મોટી ઈજાઓ પ્રત્યેકને થઈ. આજુબાજુના લોકોએ 108 બોલાવી અમને દવાખાના ભેગા કર્યા. પિતાશ્રીના માથા પર ખૂબ જ ઈજા થઈ હતી. ખૂબ જ લોહી નીકળી ગયું હતું. જેથી સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. ડોક્ટરે તેમના કાંડા પરથી ઘડિયાળ ઉતારી મને આપી. મારા પિતાની આ અંતિમ નિશાનીને હું જીવની જેમ સાચુ છું કારણ કે તેમાં તેમની યાદો છુપાયેલી છે આપણી બંનેની પરિસ્થિતિ ખૂબ જ સરખી છે મૃત સ્વજનની આ વસ્તુઓને જ સાચવવી અને તેના સહારે જીવન પસાર કરવું. મને એ વાતનો જીવનભર અફસોસ રહેશે કે હું તમારા દુઃખને, દીકરી પ્રત્યેની તમારી લાગણીને સમજી ન શક્યો. મને માફ કરજો કાકા...."

જશવંતભાઈ અને તેમની પત્નીની આંખો પણ ભીની થઈ ગઈ.

આટલું બોલી બે રડમસ ચહેરાએ ત્યાંથી વિદાય લીધી.

બાહેંધરી

ઉપરોક્ત મારી વાર્તા સ્વરચિત ,અપ્રકાશિત તેમજ તદ્દન કાલ્પનિક છે આ વાર્તાનો વાસ્તવિક જીવન સાથે કોઈ